અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654



પેજ-08
સોનાક્ષી સિંહા મોર્ફ્ડ ફોટો કેસમાં આરોપી મુક્ત

પેજ-09
રોરી મેકિલરોયે આઠમું રેસ ટુ દુબઈ ટાઇટલ જીતી કોલિન મોન્ટગોમરીના રેકોર્ડની...



હવામાન

શહેર	મહત્તમ	લઘુત્તમ
અમદાવાદ	33.00	21.00
વડોદરા	34.00	20.00
સુરત	33.00	20.00

પેજ 5



ટ્રમ્પની ડબલ ગેમ! પહેલાં Nvidiaના 5 મિલિયન ડોલરના શેર ખરીદ્યા...

17 NOVEMBER-2026 TUESDAY

હોર્મુઝ સામુદ્રધુની ઓઇલ જહાજ હુમલો થતાં 6 ટેન્કરો દરિયામાં ગરકાવ



પેજ 10

શેરબજાર

સેન્સેક્સ	82104.79	▲	512.34
નિફ્ટી	25291.10	▲	146.80
સોનું	135146.00	▼	1559.0
ચાંદી	169035.00	▼	7274.0

વર્ષ-16 । અંક-003 । વિક્રમ સંવત-2082 । કારતક સુદ - 08 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

પુસ્તક વિમોચન સમારોહમાં ભાવુક થયા સોનિયા ગાંધી: 'રાજકારણની શરૂઆતમાં કહેવામાં આવતું હતું કે તમે અહીંનાં નથી, ૨૦૦૪ની જીતે બદલ્યો લોકોનો દ્રષ્ટિકોણ'

સોનિયા ગાંધીની આત્મકથા 'બિલોન્ગિંગ'નું દિલ્હીમાં ભવ્ય લોન્ચિંગ



● રાજીવ ગાંધીના નિધન બાદ તૂટી ગઈ હતી, રાહુલ-પ્રિયંકા મારા માતા-પિતા બની ગયા હતા

(એજન્સી) નવી દિલ્હી | તા 16

કોંગ્રેસ સંસદીય ના અધ્યક્ષ સોનિયા ગાંધીના જીવન પર આધારિત પુસ્તક 'બિલોન્ગિંગ: અ જર્ની ઓફ લવ' (Belonging: A Journey of Love) નું સોમવારે નવી દિલ્હીમાં એક ભવ્ય અને પ્રતિષ્ઠિત સમારોહમાં વિમોચન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભે સોનિયા ગાંધીના જીવન પર આધારિત એક શોર્ટ ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવી હતી, જેને જોઈને તેઓ ભારે ભાવુક થઈ ગયા હતા.આ રાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી વાડ્રા ઉપરાંત હિમાચલ પ્રદેશ, તેલંગાણા, કેરળ અને કર્ણાટકના મુખ્યમંત્રીઓ વિશેષરૂપે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત સપા પ્રમુખ અખિલેશ યાદવ અને ડિમ્પલ યાદવ પણ પ્રથમ હરોળમાં બેઠેલા નજરે પડ્યા હતા. ઇન્દિરાજી સાથેના સંબંધો વિશે વાત કરતા તેમણે કહ્યું કે ઇન્દિરાજીને 'મા' કહેતા તેમને સમય લાગ્યો હતો. વળી, રાહુલના નામકરણ સમયે પરંપરાને લઈને પણ ઇન્દિરાજી સાથે થોડા મતભેદ થયા હતા, કારણ કે ઇન્દિરાજી પંડિતને બોલાવીને નામકરણ કરવા માંગતા હતા, જ્યારે સોનિયા ગાંધીનું માનવું હતું કે પોતાના સંતાનના નામકરણ માટે પંડિતની જરૂર નથી હોતી.

'રાજીવના ગયા પછી રાહુલ-પ્રિયંકા મારા માતા-પિતા બની ગયા હતા'

સોનિયા ગાંધી પુસ્તક બિલોન્ગિંગ લોન્ચિંગ ૨૦૨૬ ના અવસરે પોતાના હૃદયસ્પર્શી સંસ્મરણો વાગોળતા સોનિયા ગાંધીએ જણાવ્યું હતું કે, જ્યારે રાજીવ ગાંધીનું આકસ્મિક અવસાન થયું ત્યારે તેઓ સંપૂર્ણપણે તૂટી ગયા હતા. તે મુશ્કેલ સમયમાં તેમના સંતાનો રાહુલ અને પ્રિયંકાએ તેમને સંભાળ્યા હતા અને તેઓ જ તેમના માતા-પિતા બની ગયા હતા.
તેમણે ઉમેર્યું હતું કે 'બિલોન્ગિંગ' એ બીજા દેશમાંથી આવીને ભારતની સંસ્કૃતિ સાથે જોડાવા માટે કરવામાં આવેલી કઠોર મહેનત અને સંઘર્ષનું નામ છે. તેમણે સ્તન કેન્સર અને તેમાંથી સાજા થવાના પોતાના સંઘર્ષને યાદ કરતા કહ્યું કે આવી બીમારી કે મુશ્કેલ સમયમાં પરિવારનો સાથ અને સમજણ સૌથી વધુ જરૂરી હોય છે.

'રાજકારણની શરૂઆતમાં કહેવામાં આવતું હતું કે તમે અહીંનાં નથી'

સોનિયા ગાંધી ઇન્દિરા ગાંધી રાજકારણ જીવન અંગે વાત કરતા તેમણે જણાવ્યું કે રાજીવ ગાંધીના નિધન બાદ જ્યારે તેમણે રાજકારણમાં પ્રવેશ કર્યો, ત્યારે શરૂઆતના દિવસોમાં તેમને અવારનવાર એવું સાંભળવા મળતું હતું કે 'તમે અહીંનાં નથી, તમને કઈ ખબર નથી, અમે અહીં રહીએ છીએ એટલે અમે બધું જાણીએ છીએ.' પરંતુ વર્ષ ૨૦૦૪માં જ્યારે તેઓ ભારે બહુમતથી ચૂંટણી જીતીને સંસદમાં પહોંચ્યા, ત્યારે લોકોનો આ દ્રષ્ટિકોણ બદલાયો હતો. તેમણે ભૂતકાળના કઠિન સમયને યાદ કરતા જણાવ્યું કે સાસુ ઇન્દિરા ગાંધીની હત્યા અને ત્યારબાદ પતિ રાજીવ ગાંધીની હત્યાનો સમય તેમના માટે અત્યંત આઘાતજનક અને મુશ્કેલ હતો.

રાહુલ ગાંધી અને અન્ય સાથે ના સંભોધનો

રાહુલ ગાંધી પ્રિયંકા ગાંધી સંસ્મરણો દિલ્હી ના આ કાર્યક્રમમાં રાહુલ ગાંધીએ પોતાના માતા સાથે જોડાયેલી યાદો તાજી કરતા એક રસપ્રદ કિસ્સો શેર કર્યો હતો. તેમણે જણાવ્યું કે કેમ્બ્રિજની જે 'વર્સિટી' રેસ્ટોરાંમાં તેમના માતા-પિતા પહેલીવાર મળ્યા હતા, તે જ રેસ્ટોરાંમાં તેઓ પણ પોતાની ગર્લફ્રેન્ડ સાથે ગયા હતા અને ત્યાંના સંચાલકો આજે પણ તેમના માતા-પિતાને યાદ કરતા હતા. રાહુલ ગાંધીએ હસતા-હસતા એવું પણ કહ્યું કે પુસ્તક પપ્પા (રાજીવ ગાંધી) ની યાદો પર આધારિત છે અને તે મમ્મીએ લખી છે. ઘણા લોકો એવું માને છે કે સોનિયાજી ઇન્ટ્રોવર્ટ છે, પરંતુ હકીકતમાં તેઓ ખૂબ જ એક્સ્ટ્રોવર્ટ છે અને દરેક સાથે ખુલીને વાતો કરે છે. પુસ્તક લખવાના કારણ અંગે સોનિયા ગાંધીએ સ્પષ્ટ કર્યું કે તેમના પરિવાર વિશે અવારનવાર ઘણી બધી ખોટી વાતો ફેલાવવામાં આવે છે.

કુલગામ હુમલાનો માસ્ટરમાઇન્ડ લતીફ ભટ ઠાર

CRPF પર હુમલો કરનારા 2 આતંકીઓને એન્કાઉન્ટરમાં ઢાળી દીધા, 5 દિવસ પહેલાં જવાનો પર 30 રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું



(એજન્સી) કુલગામ | તા 16

જમ્મુ-કાશ્મીરના કુલગામમાં મોટું એન્કાઉન્ટર થયું છે. તેમાં લશ્કરના આતંકવાદી કમાન્ડર લતીફ ભટને સુરક્ષા દળોએ ઠાર માર્યો છે. તેમાં તેનો એક સાથી પણ માર્યો ગયો છે.CRPF પોસ્ટ પર તૈનાત જવાનો પર 30 રાઉન્ડ ફાયરિંગ કરનારા આતંકવાદી અને તેના સાથીને સેનાએ ઠાર માર્યા છે. સોમવારે જમ્મુ-કાશ્મીરના કુલગામ જિલ્લાના લારૂમાં સેના અને પોલીસે એન્કાઉન્ટર કર્યું હતું. માર્યો ગયેલો આતંકવાદી લશ્કર-એ-તૈયબા (LeT)નો એકમાત્ર જીવિત બચેલો કમાન્ડર લતીફ ભટ હતો.લતીફ ભટ છેલ્લા દિવસોમાં સીઆરપીએફ પર થયેલા હુમલા અને મજૂરોની ટાર્ગેટ કિલિંગનો માસ્ટરમાઇન્ડ હતો. તેને ઠાર કરવો એ સુરક્ષા દળો માટે મોટી સફળતા છે. છેલ્લા ઘણા દિવસોથી તેની શોધમાં સર્ચ ઑપરેશન ચાલી રહ્યું હતું. અબ્દુલ લતીફ ભટના આતંકવાદ સાથે જોડાવાની કહાની પણ ચર્ચામાં રહી છે. 22 વર્ષનો લતીફ ક્યારેક કારપેન્ટરનું કામ કરતો હતો, પરંતુ પછી આતંકવાદી સંગઠનમાં જોડાઈ ગયો હતો.માર્યો ગયેલો આતંકવાદી લતીફ ભટ આ વર્ષે કુલગામ અને અનંતનાગમાં થયેલા શ્રેણીબદ્ધ હુમલાઓમાં સામેલ હતો. તેમાં અનંતનાગના લાલ ચોકમાં પોલીસકર્મીઓની હત્યા અને કુલગામમાં બે પરપ્રાંતીય મજૂરોની હત્યાનો સમાવેશ થાય છે.સેનાના એક અધિકારીના જણાવ્યા અનુસાર, આતંકવાદીઓની માહિતી મળ્યા બાદ જમ્મુ-કાશ્મીર પોલીસ અને સુરક્ષા દળોની સંયુક્ત ટીમે વિસ્તારમાં ઘેરાબંધી કરી હતી.

ઉત્તર પ્રદેશમાં CJP ની સૌથી મોટી ટીમ મેદાને, ચૂંટણી લડવાના પ્લાન વિશે દીપકેએ આપ્યો આવો જવાબ

(એજન્સી) નવી દિલ્હી | તા 16

અભિજિત દીપકેની આગેવાની હેઠળની 'કોકરોચ જનતા પાર્ટી' (CJP) એ દેશના 10 રાજ્યોમાં પોતાની પ્રદેશ સ્તરીય સમિતિઓની જાહેરાત કરીને રાજકીય ગલિયારામાં હલચલ મચાવી દીધી છે. ખાસ કરીને એવા સમયે જ્યારે ઉત્તર પ્રદેશમાં વિધાનસભા ચૂંટણી નજીક છે, ત્યારે CJP દ્વારા યુપીમાં સૌથી મોટી અને 16 સભ્યોની મજબૂત ટીમ મેદાનમાં ઉતારવામાં આવી છે. પાર્ટી દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલા આંકડા મુજબ ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ ૧૬ સભ્યો છે, જ્યારે મહારાષ્ટ્રમાં 15, ઝારખંડ અને પૂર્વોત્તરમાં 14-14, બિહારમાં 13, પશ્ચિમ બંગાળમાં 12, હરિયાણા અને ઉત્તરાખંડમાં 6-6, રાજસ્થાનમાં ૫ અને જમ્મુ-કાશ્મીરમાં 4 સભ્યોની નિમણૂક કરવામાં આવી છે. પાર્ટીનો મુખ્ય હેતુ લોકસભા અને વિધાનસભા સ્તર સુધી જઈને જનતાના પ્રશ્નો ઉઠાવવાનો અને નેતાઓના અધૂરા વાડાઓની જવાબદારી નક્કી કરવાનો છે.આગામી ચૂંટણીઓને લઈને અટકળો ચાલી રહી હતી કે શું પાર્ટી મેદાનમાં ઉતરશે? પરંતુ CJP એ સ્પષ્ટ કરી દીધું છે કે તેઓ ચૂંટણી લડવાના નથી. રાષ્ટ્રીય મીડિયા સંયોજક સુભાશ્રી દાસના જણાવ્યા મુજબ, તેઓ એક 'પોલિટિકલ પ્રેશર ગ્રુપ' તરીકે કામ કરશે અને ભવિષ્યમાં કોઈ નવી રાજકીય પાર્ટી બનાવવાની હાલ કોઈ યોજના નથી. હાલમાં CJP સીએએ (SIR) અને અન્ય મુદ્દાઓને લઈને ભાજપ સરકાર સામે આક્રમક દેખાવો કરી રહી છે. આ ઉપરાંત, પાર્ટીએ ચૂંટણી પંચ સામે પણ મોરચો ખોલી દીધો છે.

મેનિફેસ્ટો કમિટીની કમાન અવિનાશ રાય ખન્નાના હાથમાં

પંજાબમાં જીતવા ભાજપનું 'બ્રહ્માસ્ત્ર'... રાઘવ ચઢ્ઢા સહિત AAP ના જ 5 બળવાખોર સાંસદોને સોંપી મોટી જવાબદારી

(એજન્સી) નવી દિલ્હી | તા 16

પંજાબમાં 2027ની ચૂંટણી પહેલા ભાજપે રાજકીય ગતિવિધિ તેજ કરી છે. પ્રદેશ અધ્યક્ષ કેવલ સિંહ ઢિલ્લોને મેનિફેસ્ટો અને ચાર્જશીટ કમિટીની જાહેરાત કરી. AAP છોડીને ભાજપમાં જોડાયેલા રાઘવ ચઢ્ઢા સહિત 5 રાજ્યસભા સાંસદોને આ સમિતિઓમાં સ્થાન મળ્યું. અવિનાશ રાય ખન્ના મેનિફેસ્ટો કમિટીના ચેરમેન બન્યા, જ્યારે સુનીલ જાખડને ચાર્જશીટ કમિટીની જવાબદારી સોંપાઈ. કોંગ્રેસે પણ પક્ષપ્રવેશ માટે 4 સભ્યોની સમિતિ બનાવી છે. પંજાબમાં 2027ની શરૂઆતમાં યોજાનારી 117 બેઠકોની વિધાનસભા ચૂંટણી પહેલા રાજકીય ગતિવિધિઓ તેજ બની છે. પંજાબ ભાજપના પ્રદેશ અધ્યક્ષ કેવલ સિંહ ઢિલ્લોને રવિવારે રાજ્ય સ્તરની બે મહત્ત્વપૂર્ણ સમિતિઓ- મેનિફેસ્ટો (ચૂંટણી ઢંઢેરો) કમિટી અને ચાર્જશીટ કમિટીની જાહેરાત કરી છે. ભાજપ કાર્યાલય દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર નિવેદન મુજબ, પાર્ટીએ આ ચૂંટણી માટે રાઘવ ચઢ્ઢાને મોટી જવાબદારી સોંપતા તેમને મેનિફેસ્ટો કમિટીમાં સ્થાન આપ્યું છે. તેમની સાથે આમ આદમી પાર્ટી (AAP) છોડીને ભાજપમાં જોડાયેલા અન્ય 5 રાજ્યસભા સાંસદોનો પણ આ બંને સમિતિઓમાં સમાવેશ કરવામાં આવ્યો છે. અધ્યક્ષ કેવલ સિંહ ઢિલ્લોને જણાવ્યું હતું કે આગામી દિવસોમાં હજુ વધુ સમિતિઓની જાહેરાત કરવામાં આવશે.પંજાબ ભાજપના નિવેદન અનુસાર, પૂર્વ સાંસદ અને વરિષ્ઠ નેતા અવિનાશ રાય ખન્નાને મેનિફેસ્ટો કમિટીના ચેરમેન બનાવવામાં આવ્યા છે. આ સમિતિમાં તેમના સિવાય અન્ય 12 સભ્યોની નિમણૂક કરવામાં આવી છે, જેમાં મનપ્રીત સિંહ બાદલ, અશ્વની શર્મા, મનોરંજન કાલિયા, સોમ પ્રકાશ, રાણા ગુરમીત સિંહ સોઢી, અશ્વની સેખરી, સતનામ સિંહ સંધૂ, રાઘવ ચઢ્ઢા, રાજિંદર ગુપ્તા, હરભજન સિંહ, પરમપાલ કૌર અને એચ. એસ. ફૂલકાનો સમાવેશ થાય છે.બીજી તરફ, પંજાબ ભાજપે સુનીલ જાખડને ચાર્જશીટ કમિટીના ચેરમેન તરીકેની જવાબદારી સોંપી છે. પાર્ટીના જણાવ્યા મુજબ, આ સમિતિમાં પક્ષના અનેક વરિષ્ઠ નેતાઓ અને પૂર્વ કેન્દ્રીય મંત્રીઓને સ્થાન આપવામાં આવ્યું છે.

હિંસાથી અસરગ્રસ્ત રહેલા બાળકોને શિક્ષણ અને રોજગારની તકો મળી

નકસલીઓ બાળકો ઉપાડી જતા હતાં છતાં અગાઉની સરકારો ચૂપ રહેતી હતી : મોદી

નવી દિલ્હી : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નકસલી હિંસા અંગે અગાઉની સરકારો પર પ્રહારો કર્યા છે. તેમણે જણાવ્યું હતું કે નકસલ અસરગ્રસ્ત વિસ્તારોમાં આદિવાસી સમુદાયો પાસેથી મત આપવાનો અધિકાર પણ છીનવી લેવામાં આવ્યો હતો. આમ છતાં અગાઉની સરકારો મૂકદર્શક બની રહી હતી.પીએમ મોદીએ આ વાત રવિવારે જનજાતીય ગૌરવ દિવસનાં કાર્યક્રમને વર્ચ્યુઅલી સંબોધિત કરતી વખતે જણાવી હતી. આ કાર્યક્રમ આદિવાસી સ્વતંત્રતા સેનાની બિરસા મુંડાની ૧૫૧મી જયંતીનાં પ્રસંગે મહારાષ્ટ્રનાં ગઢચિરોલીમાં આયોજિત કરવામાં આવ્યો હતો.પીએમ મોદીએ જણાવ્યું હતું કે અગાઉ માઓવાદીઓ આદિવાસી બાળકોને બળજબરીપૂર્વક ઉઠાવીને લઇ જતા હતાં. આદિવાસી યુવતિઓનું અપહરણ કરવામાં આવતું હતું. તે સમયની સરકારો આ અંગે ચુપ રહી હતી. નકસલીઓએ આદિવાસીઓને મત આપવાનાં અધિકારથી પણ વંચિત રાખ્યા હતાં.વડાપ્રધાને દાવો કર્યો હતો કે હવે સ્થિતિ બદલાઇ ગઇ છે. નકસલ હિંસા ઘટી જવાને કારણે આદિવાસી વિસ્તારોમાં સુરક્ષાનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. આદિવાસી મહિલાઓ હવે સરકારને આર્શિવાદ આપી રહી છે. હિંસાથી અસરગ્રસ્ત રહેલા બાળકોને શિક્ષણ અને રોજગારની તકો મળી રહી છે. વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે છેલ્લા ૧૨થી ૧૩ વર્ષોમાં લગભગ ૫૦ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે. તેમણે આને સ્વતંત્રતા પછી ભારતની મોટી સિદ્ધિઓ પૈકીની એક ગણાવી હતી.તેમણે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારે જનમન યોજના અને ધરતી આબા જનજાતીય ગ્રામ ઉત્કર્ષ અભિયાન માટે એક લાખ કરોડ રૂપિયાથી વધુનું બજેટ આપ્યું છે. આ યોજનાઓથી એ આદિવાસી વિસ્તારોમાં વિકાસને વેગ મળશે જ્યાં અત્યાર સુધી પાયાની સુવિધાઓની ઉણપ રહી છે.

ચૂંટણીને પગલે સોનમ વાંગચુક 60 દિવસ માટે નજરકેદ



નવી દિલ્હી : પર્યાવરણ કાર્યકર્તા સોનમ વાંગચુકને ૬૦ દિવસ માટે નજર કેદ કરી લેવામાં આવ્યા છે અને રેલીઓ અને જુલુસોમાં ભાગ લેવા પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. લેહનાં એડિશનલ ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટની તરફથી આ આદેશ જારી કરવામાં આવ્યો છે.વહીવટી તંત્રે પોલીસનાં એક રિપોર્ટ અને લેહ પોલીસ પ્રમુખનાં એક પત્રનો સંદર્ભ આપ્યો છે. તોં વાંગચુંગની વિરુદ્ધ આદેશ જારી કરવા અને તેમના પર પ્રતિબંધ મૂકવાની અપીલ કરવામાં આવી હતી.મેજિસ્ટ્રેટે વાંગચુકની અવરજવર પર રોક લગાવવા માટે બીએનએસએસની કલમ ૧૬૩નો ઉપયોગ કર્યો છે. આદેશમાં જણાવવામાં આવ્યું છે કે આ આદેશ તાત્કાલિક અસરથી અમલમાં મૂકવામાં આવશે અને ૬૦ દિવસ સુધી અમલમાં રહેશે. લદ્દાખ ઓટોનોમસ હિલ ડેવલોપમેન્ટ કાઉન્સિલની ચૂંટણી ૪ ડિસેમ્બરે થવાની છે. વાંગચુક અને અન્ય સ્થાનિક નેતાઓએ આ ચૂંટણીનાં સમયનો વિરોધ કર્યો છે. તેમણે જણાવ્યું છે કે ઠંડીની સિઝન અને ઠંડીનાં કારણે લોકોનાં સ્થળાંતરથી લદ્દાખનાં અનેક મતદાતા પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકશે.જો કે લદ્દાખનાં મુખ્ય સચિવ આશીષ કુંદ્રાએ શિયાળામાં ચૂંટણી કરાવવાનાં નિર્ણયનો બચાવ કર્યો છે. તેમણે જણાવ્યું હતું કે વહીવટી તંત્ર એ સુનિશ્ચિત કરવા માટે યોગ્ય પગલા ભરશે કે ખરાબ હવામાનને કારણે મતદાર મતદાન કરવાથી વંચિત ન રહી જાય.તેમણે જણાવ્યું હતું કે મતદાર કેન્દ્રો પર હીટર લગાવવામાં આવશે અને વૃદ્ધ મતદારો માટે અલગ લાઈનની વ્યવસ્થા કરવામાં આવશે.

SC-ST અનામત બેઠકોનું રોટેશન ક્યારે અને કેવી રીતે થશે તે સરકાર નક્કી કરશે : સુપ્રીમ કોર્ટ

(એજન્સી) નવી દિલ્હી | તા 16

સુપ્રીમ કોર્ટે મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં SC-ST અનામત બેઠકોના રોટેશન મામલે મહત્ત્વનો આદેશ આપ્યો છે. ચીફ જસ્ટિસની ખંડપીઠે જણાવ્યું કે, કોઈપણ મતદાર કે ઉમેદવારને ચોક્કસ મતક્ષેત્ર SC-ST માટે આરક્ષિત કરાવવાનો બંધારણીય કે કાનૂની અધિકાર નથી. બેઠકોના રોટેશનની પદ્ધતિ અને સમયસીમા નક્કી કરવાનો અધિકાર સરકારનો છે. કોર્ટે 'રોટેશન નિયમ, 2025' ને પડકારતી અરજી ફગાવી દીધી છે.મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં SC-ST અનામત બેઠકોના રોટેશન (બદલાવ) મામલે સુપ્રીમ કોર્ટે એક અત્યંત મહત્ત્વનો અને સ્પષ્ટ આદેશ આપ્યો છે. ચીફ જસ્ટિસની આગેવાની હેઠળની ત્રણ જજોની ખંડપીઠે ચૂકાદો આપતા જણાવ્યું છે કે, કોઈપણ મતદાર કે



ઉમેદવાર પાસે ચોક્કસ મતક્ષેત્રને SC-ST માટે આરક્ષિત કરાવવાનો કોઈ બંધારણીય કે કાનૂની અધિકાર નથી. બેઠકોનું રોટેશન કઈ પદ્ધતિથી અને કઈ સમયસીમામાં થશે, તેનો નિર્ણય લેવાનો સંપૂર્ણ અધિકાર સરકાર (કાર્યપાલિકા) ના શિરે રહેલો છે.

સુપ્રીમ કોર્ટે મહારાષ્ટ્ર જિલ્લા પરિષદ અને પંચાયત સમિતિ ચૂંટણીના 'સીટોના અનામતની પદ્ધતિ અને રોટેશન નિયમ, 2025' ના નિયમ 12 ને પડકારતી અરજી સંપૂર્ણપણે ફગાવી દીધી છે. અરજદારની દલીલ હતી કે નવા સુધારા મુજબ રોટેશન ચક્ર નવેસરથી શરૂ કરવાથી ઓછી SC-ST વસ્તી ધરાવતા વિસ્તારોને ક્યારેય અનામતનો લાભ મળશે નહીં. જોકે, કોર્ટે સ્પષ્ટ કર્યું કે 2025 ના સુધારા પછીની આગામી ચૂંટણીને રોટેશન માટે પ્રથમ ચૂંટણી ગણવામાં કશું જ ખોટું નથી.

જસ્ટિસ જોયમાલ્ય બાગચીએ અવલોકન કર્યું હતું કે બંધારણ અને નિયમો હેઠળ સ્થાનિક સંસ્થાની કુલ વસ્તીમાં SC/ST ના પ્રમાણના આધારે બેઠકોનું અનામત નક્કી થાય છે. કાયદો આરક્ષિત બેઠકોના રોટેશનની જોગવાઈ જરૂર કરે છે, પરંતુ તેની પદ્ધતિ અને સમયગાળો નક્કી કરવો એ સંપૂર્ણપણે સરકારના અધિકારક્ષેત્રમાં આવે છે. સુપ્રીમ કોર્ટે ઉમેર્યું હતું કે નિયમ 12 અનામત કે રોટેશનના મૂળ સિદ્ધાંતોની વિરુદ્ધ નથી.

કોંગ્રેસે સેનાના જવાનોની ભૂલને ગણાવી મોતનું કારણ

જમ્મુ-કાશ્મીર: કિશ્તવાડમાં સેનાના જવાનોએ જ બંને SPO પર ગોળીઓ ચલાવી, કોંગ્રેસ નેતાનો ચોંકાવનારો દાવો

(એજન્સી) જમ્મુ-કાશ્મીર | તા 16

જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડમાં બે સ્પેશિયલ પોલીસ ઓફિસર (SPO)ની હત્યાને લઈને ભાજપ અને કોંગ્રેસ વચ્ચે વિવાદ વકર્યો છે. ભાજપના ધારાસભ્ય શગુન પરિહારે દાવો કર્યો છે કે પોલીસકર્મીઓની હત્યા પહેલાં મસ્જિદમાંથી નારા લગાવવામાં આવ્યા હતા. બીજી તરફ, જમ્મુ-કાશ્મીર કોંગ્રેસના અધ્યક્ષ તારિક હમીદ કર્રાએ કહ્યું કે સેનાના જવાનોએ ભૂલથી પોલીસકર્મીઓને મારી નાખ્યા. તેમણે આરોપ લગાવ્યો કે ભાજપ આ મોતને સાંપ્રદાયિક રંગ આપવાનો પ્રયાસ કરી રહી છે.કર્રાએ દાવો કર્યો છે કે 'બંને SPO બંદૂક લઈને શિકાર કરવા ગયા હતા. તેમણે પોલીસનો યુનિફોર્મ પહેર્યો ન હતો. જ્યારે તેઓ જંગલમાંથી પરત ફરી રહ્યા હતા ત્યારે સેનાના જવાનોએ તેમને આતંકવાદી સમજી લીધા હતા. ત્યારબાદ સેનાના જવાનોએ તેમના પર ગોળીબાર કર્યો હતો, જેના કારણે બંને અધિકારીઓનાં મોત થયાં હતાં'. જોકે, સેનાએ અત્યાર સુધી આ મામલે કોઈ સત્તાવાર નિવેદન જાહેર કર્યું નથી. બીજી તરફ, ભાજપના પ્રવક્તા અલ્તાફ ઠાકુરે કહ્યું કે સેનાના જવાનો કોઈની ઓળખની પુષ્ટિ કર્યા વિના આ રીતે ગોળીબાર કરતા નથી.ભાજપના નેતા જહાનઝૈબ સિરવાલ પોતાની જ પાર્ટીના ધારાસભ્યના નિવેદન સામે વાંધો ઉઠાવ્યો છે. તેમણે મસ્જિદમાંથી જાહેરાત કરવામાં આવી હોવાના દાવાને દુર્ભાગ્યપૂર્ણ અને તથ્યવિહોણો ગણાવ્યો છે. જામિયા મસ્જિદના ઇમામ મૌલાના ફારૂક અહમદ કિચલૂના નેતૃત્વ હેઠળના 'ઇસ્લામી મરકઝ-એ-મજલિસ શૂરા કિશ્તવાડ' સંગઠને પણ પરિહારના આરોપોને ફગાવી દીધા છે. સંગઠને આ દાવાઓને પાયાવિહોણા ગણાવતાં કહ્યું કે તેનાથી સંવેદનશીલ જિલ્લામાં શાંતિ અને સાંપ્રદાયિક સૌહાર્દને નુકસાન પહોંચી શકે છે. સાથે જ સંગઠને ધારાસભ્ય પાસે જાહેરમાં માફી માગવાની માંગ કરી છે.જમ્મુ વિભાગના કિશ્તવાડ જિલ્લાના રહેવાસી SPO બોબી ચંદ (57) અને ૨૩પાલ કુમાર (45) ગુરુવારે સવારે દચ્છનના જંગલ વિસ્તારમાં મૃત હાલતમાં મળી આવ્યા હતા. બંને એક દિવસ પહેલાં ગુમ થયા હતા. તેઓ નજીકની મરવાહ તહસીલના બસનંદમાં આવેલી સુરક્ષા ચોકી તરફ જઈ રહ્યા હતા. SPOને શ્રદ્ધાંજલિ આપવા માટે આયોજિત કાર્યક્રમ દરમિયાન કિશ્તવાડનાં ધારાસભ્ય શગુન પરિહારનો એક વીડિયો સામે આવ્યો છે. વીડિયોમાં તેઓ કથિત રીતે દાવો કરતાં જોવા મળે છે કે હત્યા પહેલાં એક મસ્જિદમાંથી જાહેરાતો કરવામાં આવી હતી. તેમણે આ મામલે સંડોવાયેલા લોકો સામે કાર્યવાહી કરવામાં થઈ રહેલા વિલંબ પર પણ સવાલ ઉઠાવ્યા હતા.ધારાસભ્ય શગુન પરિહારે આરોપ લગાવ્યો હતો કે, "આ ઘટનામાં સામેલ લોકોને અત્યાર સુધી કેમ પકડવામાં આવ્યા નથી? એક મસ્જિદમાંથી જાહેરાતો કરવામાં આવી હતી. કોઈ તો છે જે અહીંથી માહિતી આપી રહ્યું છે અને ગુપ્ત માહિતી લીક કરી રહ્યું છે. આપણા લોકોને પસંદગીપૂર્વક નિશાન બનાવવામાં આવી રહ્યા છે અને તેમની હત્યા કરવામાં આવી રહી છે."ભાજપના નેતા જહાનઝૈબ સિર્વાલે મસ્જિદનો ઉપયોગ ભડકાઉ જાહેરાતો કરવા અને ઉશ્કેરણીજનક નારા લગાવવા માટે કરવામાં આવ્યો હોવાના દાવાઓની નિંદા કરી હતી.

ધ્રોલ ખાતે આમ આદમી પાર્ટીનો નૂતન વર્ષ સ્નેહમિલન સમારોહ યોજાયો

મિશન ૨૦૨૭ અંતર્ગત જામનગર જિલ્લામાં આમ આદમી પાર્ટીનું સંગઠન મજબૂત સંકલ્પ સાથે આગળ વધ્યું





અમદાવાદ | આમ આદમી પાર્ટી, કાલાવડ વિધાનસભા દ્વારા ધ્રોલ ખાતે નૂતન વર્ષ નિમિત્તે યોજાયેલા આ સ્નેહમિલન કાર્યક્રમમાં હજારોની સંખ્યામાં ઉત્સાહી કાર્યકરો અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ નૂતન વર્ષ સ્નેહમિલન સમારોહમાં આમ આદમી પાર્ટીના અગ્રણી નેતાઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા, જેમાં વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઇટાલીયા, સુરતના કોર્પોરેટર તેમજ પ્રદેશ સંગઠન મંત્રી ધર્મેશ ભંડેરી, કોર્પોરેટર પંકજ ચાવડા, પ્રદેશ સંગઠન મંત્રી તેજસ ગાજીપરા, જામનગર જિલ્લા પ્રમુખ વશરામભાઈ રાઠોડ, જામનગર લોકસભા પ્રમુખ ડૉ. જીગ્નેશ સોલંકી, કાલાવડ વિધાનસભા પ્રભારી ડૉ. કલ્પેશ મકવાણા, જામનગર રૂરલ વિધાનસભા પ્રભારી પ્રકાશભાઈ દોંગા તથા કાલાવડ વિધાનસભા સંગઠન મંત્રી કે.પી. બથવાર જેવા સન્માનિત નેતાઓ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં ઉપસ્થિત વિસાવદરના લોકપ્રિય ધારાસભ્ય ગોપાલ ઇટાલીયાએ જનમેદનીને સંબોધિત કરતા સરકાર સામે આકરા પ્રહારો કર્યા હતા અને ગુજરાતના ખેડૂતોની કથળતી પરિસ્થિતિ, ખેતીના પ્રશ્નો, યુવાનોના ભવિષ્ય તેમજ આવનારી પેઢીના હિતોને લઈને ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. આગામી ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને ગુજરાતમાં પરિવર્તન લાવવા, ખેડૂતોના પ્રશ્નોને વાચા આપવા અને આવનારી પેઢીના સુરક્ષિત ભવિષ્ય માટે મજબૂત રાજકીય લડત આપવાનો સંકલ્પ આ મંચ પરથી વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંકલન ડૉ. કલ્પેશ મકવાણા દ્વારા કરવામાં આવ્યું હતું, અને તેમના સુચારુ સંકલન તથા કાર્યકરોના ઉત્સાહપૂર્ણ સહકારથી કાર્યક્રમ ભવ્ય રીતે સંપન્ન થયો હતો. હજારો કાર્યકરોની આ વિશાળ ઉપસ્થિતિ એ વાતનો સ્પષ્ટ સંકેત છે કે જામનગર જિલ્લામાં આમ આદમી પાર્ટીનું સંગઠન નવી ઊર્જા અને મજબૂત સંકલ્પ સાથે ૨૦૨૭ની ચૂંટણીની તૈયારીઓમાં પૂરઝડપે આગળ વધી રહ્યું છે.

ગુજરાતમાં 30 વર્ષથી ભાજપનું શાસન હોવા છતાં આદિવાસીઓના પ્રશ્નો ઠેરના ઠેર

મંત્રીઓએ આદિવાસી વેશ ધારણ કરી નાચી-કૂદીને ફક્ત સરકારના વખાણ કર્યા : રાજુભાઈ વલવાઈ



અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપપ્રમુખ રાજુભાઈ વલવાઈએ સરકાર પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે ગઈકાલે ૧૫ નવેમ્બરના રોજ ભગવાન બિરસા મુંડાજીની ૧૫૧મી જન્મજયંતી દેશના આદિવાસીઓ તેમજ ભારતીય જનતા પાર્ટીની કેન્દ્ર અને ગુજરાત રાજ્ય સરકારે ધામધૂમથી ઉજવી હતી. ગુજરાત સરકારના દરેક મંત્રી આદિવાસી તાલુકાઓની અંદર ગઈકાલે હાજર રહ્યા હતા, માંડ માંડ લોકોને ભેગા કર્યા હતા, ખાવાની અને વાહનની વ્યવસ્થા કરી હતી અને એમને કાર્યક્રમમાં લાવીને સરકારે ગઈકાલે બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતી ઉજવી હતી. એક તો ગુજરાતમાં ૩૦ વર્ષથી ભારતીય જનતા પાર્ટીનું શાસન છે અને આદિવાસીઓના પ્રશ્નો આજે ઠેરના ઠેર છે. ગઈકાલે ગુજરાત સરકારના મંત્રીઓ આદિવાસી વિસ્તારમાં આવી, આદિવાસી પહેરવેશ કર્યો, આદિવાસીઓ જોડે નાચ્યા કૂદ્યા, સરકારની યોજનાઓની મોટી મોટી વાતો કરી અને સરકાર એમના માટે શું કરે છે એ મોટી મોટી વાતો કરી, પણ આદિવાસીઓના એક પણ પાયાના પ્રશ્ન વિશે ગઈકાલે સરકારે વાત નહીં કરી, તેમજ એક પણ મંત્રીએ એના એક પણ કાર્યક્રમની અંદર આદિવાસીના પાયાના પ્રશ્નો વિશે એક અક્ષર પણ ઉચ્ચાર્યો નથી. ૩૦ વર્ષથી સરકાર ચલાવી રહ્યા છે, છતાં આદિવાસીઓના પાયાના પ્રશ્ન શું છે એમને ખબર નથી, કારણ કે આદિવાસીઓના મૂળ જે પાયાના પ્રશ્નો છે જલ, જંગલ અને જમીનના, તેના વિશે એક પણ મંત્રીએ વાત નહીં કરી અને બોગસ આદિવાસી પ્રમાણપત્રના પ્રશ્ન છે એના વિશે પણ એકેય વાત નહીં કરી. હજારો લોકો ખોટા પ્રમાણપત્ર મેળવીને સરકારી નોકરીઓ મેળવી રહ્યા છે, ઉચ્ચ શિક્ષણ મેળવી રહ્યા છે, તાલુકા - જિલ્લા પંચાયત સભ્ય અને ધારાસભ્ય પણ બની રહ્યા છે, છતાં એમને કાઢવાની પણ કોઈ વાત કરવામાં આવી નથી. ૨૦૨૦માં થયેલા આંદોલનના સમાધાનની શરતોનું પાલન કરવાની પણ વાત ન થઈ અને પેસા એક્ટ ૧૯૯૬માં બન્યો, ૨૦૧૭માં ગુજરાત સરકાર દ્વારા લાગુ કરાયો, તેને જમીન પર લાગુ કરવાની પણ કોઈ વાત નહીં કરી.'આપ' પ્રદેશ ઉપપ્રમુખ રાજુભાઈ વલવાઈએ વધુમાં જણાવ્યું હતું કે ગુજરાતની અંદર જમીન દાવાઓ લગભગ ૧ લાખ જેટલા પેન્ડિંગ છે, તે દાવાઓને મંજૂર કરવાની પણ વાત નહીં કરી અને માત્ર ૪૫૦ દાવાઓમાં કાલે સનદો આપીને આદિવાસીના હાથમાં લોલીપોપ પકડાવી દેવામાં આવી છે. આદિવાસી વિદ્યાર્થીઓની સ્કોલરશિપનો પ્રશ્ન છે, રિસીપ કાર્ડ કેટલી કોલેજો સ્વીકારવા માટે તૈયાર છે તેની પણ કોઈ વાત ન થઈ, તેમજ આદિવાસીઓને સ્થાનિક રોજગારીનો પ્રશ્ન, પીવાના પાણીનો પ્રશ્ન, સિંચાઈના પાણીનો પ્રશ્ન, આરોગ્યના પ્રશ્ન અને કુપોષણના પ્રશ્ન વિશે પણ એક પણ મંત્રીએ વાત નહીં કરી; બસ સરકારના વખાણ કર્યા, મોદી સાહેબના વખાણ કર્યા અને જેમ ટોપ ટુ બોટમ ભારતીય જનતા પાર્ટીના નેતાઓ જૂઠું બોલતા આવે છે, એવું ને એવું જ કાલે આદિવાસીઓ વચ્ચે જૂઠું બોલીને જતા રહ્યા. તેમણે ઉમેર્યું કે તેઓ કાલે એ પણ જૂઠું બોલ્યા કે એમના સરકારી કાર્યક્રમમાં બળજબરીથી લાવવામાં આવતા હોવા છતાં પણ કાલે આદિવાસીઓ માંડ માંડ ૧૦૦-૨૦૦ ની સંખ્યામાં આવી પહોંચ્યા હતા અને સંખ્યા બતાવવા માટે ત્યાં સરકારી કર્મચારીઓને પણ બેસાડવામાં આવ્યા હતા. એની જગ્યા પર ગઈકાલે જ્યાં જ્યાં પણ બિરસા મુંડાજીની જયંતીના સામાજિક કાર્યક્રમો થયા, એની અંદર હજારોની સંખ્યાની અંદર લોકો ઉપસ્થિત રહ્યા હતા. અંતમાં તેમણે સ્પષ્ટ કર્યું કે ભારતીય જનતા પાર્ટી તમારા ઝાંસામાં હવે આદિવાસીઓ આવે એમ નથી, તમારી છેતરપિંડીને ઓળખી ગયા છે અને એનો જવાબ આદિવાસીઓ ૨૦૨૭માં ચોક્કસ આપશે.

દુષ્કાળ જેવી પરિસ્થિતિમાં જ્યારે પશુઓ મરી રહ્યા છે ત્યારે તળાવ બંધ કરી દેવું એ પશુપાલકો માટે અત્યંત ગંભીર બાબત છે : ડૉ.કાયનાત અંસારી આથા

અમદાવાદ | આમ આદમી પાર્ટી ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ ડૉ.કાયનાત અંસારી આથાએ જણાવ્યું હતું કે, બે દિવસ પહેલાં ફૂલાય જૂથ ગ્રામ પંચાયતના ૧૧ ગામના લોકોની સતત વિનંતી પર હું ત્યાં વિઝિટ ગઈ હતી. ત્યાં જઈને ખબર પડી કે ત્યાં માલધારીઓની વસ્તી ખૂબ જ વધારે છે અને એનટીપીસી કંપની ત્યાં સોલર પ્રોજેક્ટ નાખી રહી છે, જ્યાં ગ્રામ્યજનોના જણાવ્યા મુજબ અમુક વિસ્તારમાં કંપની દ્વારા મંજુરી વગર કામગીરી ચાલી રહી છે અને તેમણે આખું ગ્રાઉન્ડ કે જ્યાં વેજીટેશન હતી અને માલધારી પશુ ચરાવતા હતા તે બધું ક્લિયર કરી દીધું છે, તેમજ પહાડો કાપી નાખ્યા છે. મોમાનપુરા કરીને એક તળાવ હતું, તેને બંધ કરીને તેની વચ્ચેથી રોડ કાઢી નાખવામાં આવ્યો છે અને સમજવા જેવી વાત એ છે કે દુષ્કાળ જેવી સ્થિતિમાં જ્યાં પશુપાલકો પલાયન કરી રહ્યા છે, પશુઓને ખાવા-પીવા માટે ચારાની વ્યવસ્થા નથી અને પશુઓ મરી રહ્યા છે, ત્યારે તળાવ બંધ કરી દેવું એ પશુપાલકો માટે ખૂબ મોટી વાત છે. જ્યારે અમે સાઈટ પર હતા ત્યારે કંપનીના કેટલાક અધિકારીઓ રસ્તામાં મળ્યા અને તેમણે કહ્યું કે મેમ પ્લીઝ ઓફિસ આવો આપણે ત્યાં વાત કરીએ, અને અમારો સવાલ માત્ર એટલો હતો કે નેચરલ કન્ઝર્વ્સ, તળાવ અને પહાડોને ડિસ્ટ્રોય કરવાની પરવાનગી કયા ડિપાર્ટમેન્ટે આપી છે અને તેમની પાસે શું પેપર છે? 'આપ' નેતા ડૉ.કાયનાત અંસારી આથાએ વધુમાં જણાવ્યુ હતુ કે તે પરવાનગી માંગતા અમે મ્યુચ્યુઅલી એગ્રી થયા કે પરમિશનના પેપર્સ એક-બે દિવસમાં એટલે કે આજે શનિવાર-રવિવાર રજા છે એટલે સોમવારે મોકલી દઈશું અને પછી કામ શરૂ કરીશું, પરંતુ બીજા દિવસે કંપનીએ ત્યાંના કેટલાક સ્થાનિકો ઉપર નિરોણાપોલીસ સ્ટેશનમાં એફઆઈઆર કરાવી દીધી કે મેં ત્યાં ક્રિમિનલ ટ્રેસપાસ કર્યું છે, અનલોફુલ એસેમ્બલી કરી છે અને અરાજકતા ફેલાવવાનો પ્રયાસ કર્યો છે. મારી વારંવાર ટૂર કરવાથી એક વાત ખૂબ ક્લિયર થઈ ગઈ છે કે ઘણી બધી કંપનીઓ ઘણી બધી લેન્ડ્સ પર ગેરકાયદેસર રીતે કામ કરી રહી છે, જો તમારું કામ લીગલ હોય તો કોઈ મુશ્કેલી ન હોવી જોઈએ, પરંતુ જો કામ ગેરકાયદે હશે તો તે કામ ચોક્કસપણે બંધ જ કરાવવામાં આવશે અને સ્થાનિકો પર જ્યારે પણ અત્યાચાર થશે ત્યારે આમ આદમી પાર્ટી હંમેશાં તેમની સાથે મજબૂતાઈથી ઊભી રહેશે.



ડોક્ટર ઓન કોલ - દિવાળી દરમિયાન ૮૦થી વધુ કોલ્સ પર ત્વરિત પ્રતિસાદ

'ડોક્ટર્સ ઓન કૉલ' સેવામાં હાર્ટ એટેકથી લઈને શરદી ઉધરસ જેવી બીમારીઓની સલાહ આપવામાં આવી

(એજન્સી) અમદાવાદ । તા. 16

એક દાયકા કરતાં પણ વધુ સમયથી ચાલી આવતી સમર્પિત સામાજિક સેવાની પરંપરાને આગળ ધપાવતા, અમદાવાદ મેડિકલ એસોસિએશન (AMA) અને અમદાવાદ ફેમિલી ફિઝિશિયન્સ એસોસિએશન (AFPA) દ્વારા દિવાળીના તહેવારોની રજાઓ દરમિયાન સંયુક્ત રીતે ડોક્ટર ઓન કોલ - દિવાળી પહેલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય તહેવારોની રજાઓમાં નિયમિત આઉટપેશન્ટ ક્લિનિક્સ બંધ રહેતા હોવાથી સમગ્ર અમદાવાદના નાગરિકોને વિનામૂલ્યે સમયસર પ્રાથમિક તબીબી સલાહ અને ઈમરજન્સી માર્ગદર્શન પૂરું પાડવાનો હતો.

આવેલા કોલ્સ અને સારવાર અપાયેલા કેસોનો સારાંશ

એક અઠવાડિયાની રજાઓ દરમિયાન, પ્રાથમિક તબીબી સંયોજકો દ્વારા દર્દીઓ અને તેમના પરિવારજનોના ૪૦થી વધુ કોલ્સ રિસીવ કરી તેમને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કુલ આવેલા કોલ્સ: ૭ દિવસની દિવાળીની રજાઓ દરમિયાન ૪૦થી વધુ કોલ્સ પર ત્વરિત પ્રતિસાદ આપી તબીબી સલાહ આપવામાં આવી હતી. જીવલેણ ઈમરજન્સી કેસો: આમાં શંકાસ્પદ હાર્ટ એટેક જેવા ગંભીર કેસોનો સમાવેશ થતો હતો, જેનું તાત્કાલિક મૂલ્યાંકન કરીને કોઈપણ વિલંબ વિના નજીકની કાર્ડિયાક/ઈમરજન્સી હોસ્પિટલોમાં રિફર કરવામાં આવ્યા હતા. તહેવાર સંબંધિત ઈજાઓ: ફટાકડાથી દાઝવા કે ઈજા થવાના ૪ થી ૫ કેસોમાં તાત્કાલિક પ્રાથમિક સારવાર અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું અને જ્યાં જરૂર જણાય ત્યાં યોગ્ય નિષ્ણાત તબીબો અથવા હોસ્પિટલોમાં રિફર કરવામાં આવ્યા હતા. અન્ય ઈજાઓ: ફ્રેક્ચરના બે-ત્રણ કેસોમાં પરિવારજનોમાં ગભરાટ ફેલાયો હતો, તેમને આશ્વાસન આપી યોગ્ય તબીબી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. સામાન્ય અને સિઝનલ બીમારીઓ: મોટાભાગના કોલ્સ તાવ, ઉધરસ, શરદી અને પેટની તકલીફો જેવી તહેવાર અને ઋતુજન્ય સામાન્ય બીમારીઓ સંબંધિત હતા, જે તમામને ફોન પર યોગ્ય તબીબી સલાહ આપવામાં આવી હતી. અમારા પ્રાથમિક સંયોજકોને વિવિધ તબીબી શાખાઓના ૮૦થી વધુ નિષ્ણાત ડોક્ટરોની સમર્પિત ટીમનો સહયોગ પ્રાપ્ત થયો હતો. દરેક કોલરને ફોન પર વ્યવસ્થિત અને સંવેદનાપૂર્ણ તબીબી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. * Dr. Kalpita Dave - President, Ahmedabad Medical Association (AMA) * Dr. Maulik Sheth - Honorary Secretary, Ahmedabad Medical Association (AMA) * Dr. Ramesh I. Patel - President, Ahmedabad Family Physicians Association (AFPA) * Dr. Mehul Shelat - Honorary Secretary, Ahmedabad Family Physicians Association (AFPA).

ભાજપ સરકારે અમદાવાદમાં સ્પેસ ટેકનોલોજીવાળો બ્રિજ બનાવ્યો, સાત દિવસમાં પડ્યા ખાડા: ડૉ. કરન બારોટ

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી તથા પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડૉ. કરન બારોટે એક વીડિયોના માધ્યમથી અમદાવાદના એક ગંભીર મુદ્દા વિશે વાત કરતા જણાવ્યું હતું કે, ભાજપ દ્વારા સ્પેસ ટેકનોલોજીનો ઉપયોગ કરીને 7 થી 8 દિવસ પહેલા જ ઈસ્કોનથી સરખેજ તરફનો જે નવો બ્રિજ બનાવ્યો છે તેનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ બ્રિજ 450 કરોડથી પણ વધારેના ખર્ચે બન્યો હતો. અમદાવાદમાં ખાડામાં પડવાથી, ગુજરાતમાં બ્રિજ પડવાથી અનેક લોકોના મૃત્યુ થાય છે, વારંવાર બ્રિજ સમારકામની વાતો થાય છે, કોન્ટ્રાક્ટર પર કાર્યવાહી કરવાની વાતો કરવામાં આવે છે, પરંતુ જ્યારે નવો કોઈ બ્રિજ બને છે ત્યારે કોઈ પણ પ્રકારની ચકાસણી કે તકેદારી રાખવામાં આવતી નથી, એનું મોટું ઉદાહરણ આ ઈસ્કોન સરખેજના બ્રિજમાં દેખાઈ રહ્યું છે.વધુમાં આમ આદમી પાર્ટીના નેતા ડૉ. કરન બારોટે જણાવ્યું હતું કે, આ 450 કરોડના ખર્ચે બનેલા નવા બ્રિજમાં ખાડા પડી ગયા છે, નવા બનેલા બ્રિજમાં ફક્ત સાત દિવસમાં ખાડા પડી ગયા છે. આ ખાડા પરથી સમજી શકાય છે કે 450 કરોડના ખર્ચે બનેલા બ્રિજમાં કેટલા મોટાપાયે ભ્રષ્ટાચાર થયો હશે. તમારા ભ્રષ્ટાચારના પાપે લોકો હવે ભોગ બની રહ્યા છે, અમદાવાદમાં ટ્રાફિકની સમસ્યા થાય છે, હીટ એન્ડ રનના કેસ વધી રહ્યા છે, બ્રિજ તૂટવાના કારણે અને ખાડાઓના કારણે લોકોને શારીરિક સમસ્યાઓ થઈ રહી છે, તો ફરીથી આવી ઘટનાઓ ન બને એ માટે સરકારે કાળજી લેવી જોઈએ. અમદાવાદના લોકોએ હવે જાગૃત થવાની જરૂર જ છે, કારણ કે આપણા ગુજરાતના લોકોના કરોડોના ટેક્સના પૈસેથી તાગડધીન્ના કરે છે અને સ્પેસ ટેકનોલોજી વાલા રોડ અને બ્રિજ બનાવે છે.



8 નવેમ્બરના રોજ અમદાવાદથી ગોરખપુર વચ્ચે દોડશે સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન

અમદાવાદ | પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની વધારાની ભીડને ધ્યાનમાં રાખીને તેમની સુવિધા માટે અમદાવાદ અને ગોરખપુર વચ્ચે વિશેષ ભાડા પર સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન દોડાવવામાં આવી રહી છે. આ ટ્રેનની વિગતો નીચે મુજબ છે:ટ્રેન નંબર 09439/09440 અમદાવાદ-ગોરખપુર-અમદાવાદ સ્પેશિયલ (સાપ્તાહિક), ટ્રેન નંબર 09439 અમદાવાદ-ગોરખપુર સ્પેશિયલ દર બુધવારે, તારીખ 18 નવેમ્બર 2026ના રોજ અમદાવાદથી 01:00 કલાકે ઉપડશે અને ગુરુવારે 06:45 કલાકે ગોરખપુર પહોંચશે.તે જ રીતે, ટ્રેન નંબર 09440 ગોરખપુર-અમદાવાદ સ્પેશિયલ દર ગુરુવારે, તારીખ 19 નવેમ્બર 2026ના રોજ ગોરખપુરથી 10:50 કલાકે ઉપડશે અને શુક્રવારે 14:00 કલાકે અમદાવાદ પહોંચશે.આ ટ્રેન બંને દિશામાં આણંદ, છાયાપુરી, ગોધરા, રતલામ, નાગદા, કોટા, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, બયાના, ઈદગાહ આગ્રા, ટુંડલા, ઈટાવા, કાનપુર સેન્ટ્રલ, ઐશબાગ, બારાબંકી, ગોંડા અને બસ્તી સ્ટેશનો પર રોકાશે.આ ટ્રેનમાં સ્લીપર શ્રેણી તેમજ સામાન્ય શ્રેણીના કોચ ઉપલબ્ધ રહેશે. ટ્રેન નંબર 09439 માટેનું આરક્ષણ 17 નવેમ્બર, 2026 ના રોજ 08:00 કલાકથી તમામ મુસાફર આરક્ષણ કેન્દ્રો પર શરૂ થશે.ટ્રેનના સ્ટોપેજ, સમયપત્રક અને કોચની સંરચના અંગેની વિગતવાર માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in વેબસાઈટની મુલાકાત લઈ શકે છે.

દિવાળીના ફૂટેલા ફટાકડાના કચરાના ઢગલાના ઢગલા જોઈને પૂર્વ વિપક્ષ નેતા અને કોર્પોરેટર ધર્મેશ ભંડેરીએ મનપા કમિશનરને રજૂઆત કરી

સુરત | સુરત મહાનગરપાલિકામાં આમ આદમી પાર્ટીના કોર્પોરેટર અને પૂર્વ વિપક્ષ નેતા ધર્મેશ ભંડેરીએ મનપા કમિશનરને નવા વર્ષની હાર્દિક શુભકામનાઓ પાઠવતા મનપા કમિશનરને પત્ર લખીને જણાવ્યું હતું કે, હાલમાં દિવાળીના તહેવારો પૂર્ણ થયા છે. સુરત શહેરના લોકો દિવાળી અને નૂતન વર્ષ ખૂબ જ હર્ષોલ્લાસ સાથે મનાવતા આવ્યા છે. શહેરભરમાં દિવાળી ઉત્સવ ધામધૂમ સાથે ઉજવાયો, લોકોએ રોડ પર આ ઉત્સવને આનંદ લઈને ખૂબ માણ્યો, આ ઉત્સવ પૂર્ણ થયા ને આજે સાત દિવસ જેટલો સમય વીતી ગયો હોવા છતાં પણ આજે શહેરના રોડ પર ફૂટી ગયેલા ફટાકડાના કચરાના ઢગલાના થર જામી ગયેલા છે, સાત દિવસ બાદ પણ જો કચરાના ઢગલા હટાવવાની કામગીરી થઈ નથી તો આપણે કઈ સ્થિતિમાં અને વ્હેમમાં જીવીએ છીએ?ધર્મેશ ભંડેરીએ વધુમાં જણાવ્યું હતું કે, આની સાથે સાથે શહેરભરના રસ્તાઓ પર અનેક વખત રજૂઆતો કર્યા બાદ પણ હોટફીક્સના કચરાના ઢગલા પણ ઠેરના ઠેર છે, શું આપણે સત્તાના મદમાં એટલા બધા મદમસ્ત થઈ ગયા છીએ કે શહેરને આટલી હદે ગંદકી તરફ ધકેલાતું જોયા પછી પણ આપણે સ્વચ્છતા બાબતે



દર વર્ષે સાફ સફાઈમાં નંબર એક પર આવતું શહેર નંબર બે પર ધકેલાઈ ગયું છે : ધર્મેશ ભંડેરી

ઊંઘીએ છીએ. ઉત્સવના માહોલમાં પણ આપણે શહેરને સ્વચ્છ રાખવાની જવાબદારી નિભાવી શકતા નથી. દર વર્ષે સાફ સફાઈમાં નંબર એક પર આવતું શહેર નંબર બે પર ધકેલાઈ ગયું છે., ધર્મેશ ભંડેરીએ કટાક્ષમાં લખ્યું હતુંકે, હાલની પરિસ્થિતિ જોતા આપણે ટોપ ટેનમાં પણ ન હોઈએ, તો પણ આપણા પેટનું પાણી હલતું નથી. શું નંબર ટુ મેળવીને આપણે શહેરને બિમારીઓ તરફ ધકેલવાનું નક્કી કરી લીધું છે? શું આપણને સ્વચ્છતા બાબતે કંઈ સુધારા કરવાની કોઈ જરૂર જણાતી નથી ?ધર્મેશ ભંડેરીએ જણાવ્યું હતું કે, રોડ પર કચરાના ઢગલા જોઈને તો એવું લાગે છે કે જાણે શાસકો અને અધિકારીઓએ આપણા શહેરને નર્ક સમાન ગંદકી તરફ ધકેલવાનું આયોજન કર્યું છે. આટલી ગંદકી જોયા પછી પણ આપણું હૃદય દ્રવિત નથી થતું? ધર્મેશ ભંડેરીએ મનપા કમિશનરને ખાસ વિનંતી કરતા કહ્યું કે, જો આપ કુંભકર્ણની નિદ્રામાંથી જાગો અને શહેરના સફાઈ બાબતના પ્રશ્નોને અગ્રીમતા આપીને તાત્કાલિક શહેરભરમાંથી ગંદકી દૂર કરવા માટે આયોજનબધ્ધ રીતે આગળ કાર્યવાહી કરશો.

બિરસા મુંડા જન્મજયંતીના કાર્યક્રમ પાછળ કરોડો રૂપિયાના સરકારી ધનનો વેડફાટ થયો : નિરંજન વસાવા

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી અને નર્મદા જિલ્લા પ્રમુખ નિરંજન વસાવાએ ભારતીય જનતા પાર્ટી પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, ગઈકાલે ભગવાન બિરસા મુંડાજીની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે ભાજપ દ્વારા કરોડો રૂપિયા ખર્ચીને મોટા તાયફાઓ અને કાર્યક્રમો કરવામાં આવ્યા હતા. મુખ્યમંત્રીના છોટાઉદેપુર જિલ્લાના કાર્યક્રમ માટે માત્ર ૬ તાલુકાઓમાં જ અંદાજે ૪૬૫ જેટલી સરકારી અને પ્રાઇવેટ બસો ફાળવવામાં આવી હતી. છોટાઉદેપુરમાં ૭,૦૦૦ લોકો માટે ૧૧૭ બસ, બોડેલીમાં ૨,૦૩૫ લોકો માટે બસો, સંખેડામાં ૨,૦૦૦ લોકો માટે ૩૫ બસ, કદવાલમાં ૩૦ બસ, જેતપુરમાં ૧૩૮ પિંક બસ અને કવાટમાં ૧૦૭ બસો ફાળવીને કરોડો રૂપિયાનો સરકારી ધનનો વેડફાટ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમોમાં ભીડ એકઠી કરવા અને લોકોની હાજરી ગણવા માટે તલાટીઓ, શિક્ષકો, આશા વર્કર બહેનો, આંગણવાડી કાર્યકરો તેમજ મનરેગા અને મધ્યાહન




ભોજનના કર્મચારીઓને ફરજ પર લગાડવામાં આવ્યા હતા, જેના કારણે પ્રજાના કામો અટવાયા છે અને કર્મચારીઓને ગુલામની જેમ ઉપયોગમાં લેવાઈ રહ્યા છે.વધુમાં નિરંજન વસાવાએ જણાવ્યુ હતુ કે નર્મદા ડેમમાંથી પાણી અન્યત્ર જાય છે પરંતુ સ્થાનિક આદિવાસીઓને પીવા કે સિંચાઈ માટે પૂરતું પાણી મળતું નથી. જળ, જંગલ અને જમીનના પ્રશ્નો તેમજ લાખો જમીન સનદોના દાવાઓ હજુ પણ પેન્ડિંગ છે ત્યારે સરકાર માત્ર મોટા ટેન્ટ બાંધીને દેખાડા કરી રહી છે. પ્રાથમિક શાળાઓ એક જ શિક્ષકથી ચાલી રહી છે, કુપોષણ અને આરોગ્યની ગંભીર સમસ્યાઓ છે અને યુવાનો માટે રોજગારીની કોઈ જ ચર્ચા કરવામાં આવતી નથી. અંગ્રેજોના સમય કરતા પણ હાલમાં મીઠા અને લોટ જેવી પ્રાથમિક ચીજવસ્તુઓ પર ભારે ટેક્સ વસૂલીને પ્રજાનું શોષણ થઈ રહ્યું છે. ભાજપ સરકાર આદિવાસી સમાજ અને બિરસા મુંડાજીના નામનો માત્ર રાજકીય ઉપયોગ કરી રહી છે પરંતુ જમીની હકીકત અને જનતાના વાસ્તવિક પ્રશ્નોના નિરાકરણ માટે કોઈ જ કામગીરી કરી રહી નથી.

સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં જંગલ સફારીના 200થી વધુ કર્મચારીઓનું આઠ વર્ષથી ફક્ત 15000 પગાર આપીને કરવામાં આવે છે શોષણ: નિરંજન વસાવા

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી તથા નર્મદા જિલ્લા પ્રમુખ નિરંજન વસાવાએ આજે પોતાની ટીમ સાથે સ્ટેચ્યુ ઓફ યુનિટી પર હડતાલ પર બેઠેલા કર્મચારીઓની મુલાકાત લીધી અને આ મુદ્દે તેમણે વાત કરતા જણાવ્યું હતું કે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે જંગલ સફારીમાં છેલ્લા આઠ વર્ષથી કામ કરતા 200 થી પણ વધારે કર્મચારીઓનું અલગ અલગ એજન્સીઓ દ્વારા શોષણ થતું હતું. છેલ્લા ત્રણ વર્ષથી આ તમામ કર્મચારીઓ રિલાયન્સના અંડરમાં છે. અહીંયા મારી આસપાસ બેઠેલા કર્મચારીઓ છેલ્લા ત્રણ દિવસથી હડતાલ પર બેઠા છે. અહીંયા આ લોકો માટે સ્ટેચ્યુ ઓફ યુનિટીના ડિપાર્ટમેન્ટ દ્વારા કે એજન્સીઓ દ્વારા આ લોકો માટે પાણી કે ચા નાસ્તાની પણ વ્યવસ્થા કરવામાં આવી નથી. આ

કરોડોની આવકની સામે કર્મચારીઓને ફક્ત 15000 પગાર કેમ? : નિરંજન વસાવા



કર્મચારીઓને છેલ્લા આઠ વર્ષથી 15000 રૂપિયા આપીને તેમનું શોષણ કરવામાં આવે છે. અહીંયા દેશના વડાપ્રધાન અને મંત્રીઓ આવે છે અને કરોડોનો તાયફો કરવામાં આવે છે. 31 ઓક્ટોબરના રોજ અહીંયા 200 કરોડનો ખર્ચો કરવામાં આવ્યો, અહીંયા આદિવાસી સમાજના લોકોએ જમીનો આપી અને એ લોકોને યોગ્ય વળતર પણ મળ્યું નથી. અહીંયા જે કી-પોસ્ટ પર બેઠેલા લોકો છે તેમનો દોઢ લાખ કે લાખ જેટલો પગાર હોય છે, જ્યારે દુનિયાભરમાંથી આવનારા ટુરિસ્ટોની સેવામાં ખડે પગે ઊભા રહેનાર આ લોકોનો પગાર ફક્ત 15,000 છે.વધુમાં આમ આદમી પાર્ટીના નેતા નિરંજન વસાવાએ જણાવ્યું હતું કે, અહીંયા વ્યક્તિદીઠ 200 રૂપિયા એન્ટ્રી ફિ લેવામાં આવે છે અને હજારો-લાખોની સંખ્યામાં ટુરીસ્ટ આવે છે છતાં કર્મચારીઓને ફક્ત 15000 આપવામાં આવે છે. અહીંયા રિલાયન્સ હોય કે વંતારા હોય કે ચેકમેટ એજન્સી હોય આ તમામ લોકો દ્વારા આ કર્મચારીઓનું શોષણ થઈ રહ્યું છે. તો હવે આ શોષણને આવનાર દિવસોમાં અટકાવવું પડશે. અત્યારે સરદાર પટેલ જીઓલોજીકલ પાર્કને બંધ કરવામાં આવેલ છે. જો આ લોકોનું શોષણ બંધ કરવામાં નહીં આવે તો બીજા જેટલા પણ પ્રોજેક્ટ છે અને બીજા જેટલા પણ કર્મચારીઓ કામ કરી રહ્યા છે તે તમામની સાથે રાખીને લડતને મજબૂત કરીશું. તો અમારી માંગ છે કે અહીંયા સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં જે પણ લોકો વહીવટ કરે છે એ લોકો દ્વારા આ મુદ્દે નિરાકરણ લાવવામાં આવે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

રાજકોટ મોરબી રોડ અકસ્માત સર્જાયો, ખજૂરા હોટેલ પાસે ભીષણ ટક્કર થઈ ગઈ

મોરબી કાર અકસ્માત કરુણ મોતથી સમગ્ર પંથકમાં શોક

(એજન્સી) મોરબી । તા. 16

રાજ્યમાં તહેવારોની ખુશાનુમા અને ઉત્સાહભરી મોસમ વચ્ચે એક અત્યંત હૃદયદ્રાવક અને રુંવાડા ઊભા કરી દેતી દુર્ઘટના સામે આવી છે, જેમાં શનિવારે સવારે રાજકોટથી મોરબી તરફ પૂરઝડપે જઈ રહેલી એક બેકાબૂ મોટરકારને ભીષણ અકસ્માત નડતા બે યુવકોનાં ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યાં હતાં અને એક અન્ય યુવાન ગંભીર રીતે ઘાયલ થયો હતો.

આજના સમયમાં જ્યારે સમગ્ર રાજ્યમાં દિવાળી અને તહેવારોનો માહોલ છવાયેલો છે, ત્યારે માર્ગ અકસ્માતોની સંખ્યામાં ચિંતાજનક વધારો જોવા મળી રહ્યો છે. પ્રવાસ અને અવરજવર વધતી હોવાથી હાઈવે પર વાહનોની અનિયંત્રિત ગતિ ઘણીવાર જીવલેણ સાબિત થતી હોય છે. તાજેતરની આ ઘટના પણ કાળઝાળ ગતિ અને અસાવધાનીનું પરિણામ હોવાનું પ્રાથમિક અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. શનિવારની સવારના સુમારે બનેલી આ ઘટનાએ માત્ર મોરબી જ નહીં પરંતુ આખા ક્ષેત્રમાં શોકનું મોજું ફેલાવી દીધું છે. મીડિયા અહેવાલ મુજબ, આ ગમખ્વાર અકસ્માત એટલો ભીષણ હતો કે જોનારાઓની આંખો પણ ફાટી રહી ગઈ હતી. વાહનની ગતિ એટલી પ્રચંડ હતી કે ડ્રાઈવર વાહન પરનો કાબૂ સંપૂર્ણપણે ગુમાવી



બેઠો હતો, જેના કારણે ક્ષણભરમાં જ ખુશીઓ માતમમાં ફેરવાઈ ગઈ હતી. પ્રવાસન અને અવરજવરના આ દિવસોમાં સુરક્ષાને સર્વોપરી રાખવી કેટલી અનિવાર્ય છે, તેની પ્રતીતિ આ કરુણ બનાવ કરાવે છે.

શનિવારે સવારના પ્રારંભિક કલાકોમાં રાજકોટ તરફથી પૂરઝડપે દોડી રહેલી એક કાર મોરબી નજીક પહોંચી ત્યારે અચાનક અનિયંત્રિત બની ગઈ હતી. મોરબી નજીક આવેલી જાણીતી ખજૂરા હોટેલ પાસે આ વાહન પહોંચતા જ કોઈ અગમ્ય કારણોસર કે અતિશય ગતિના કારણે રસ્તાની બાજુમાં પલટી ખાવા લાગ્યું હતું. કાર એટલી ભયાનક રીતે ફંગોળાઈ હતી કે તેણે રોડ પર આશરે આઠથી દસ સુધી ગુલાંટ મારી હતી. પ્રત્યક્ષદર્શીઓ અને મીડિયા અહેવાલના જણાવ્યા અનુસાર, કાર જ્યારે હવામાં પલટી રહી હતી ત્યારે તેની ભયાનક ગતિના કારણે કારમાં સવાર મુસાફરો અંદર જ અડફેટે ચડી ગયા હતા. ગુલાંટ મારતી મારતી આ કાર આખરે માર્ગની બાજુમાં આવેલા વીજળીના એક વિશાળ ટ્રાન્સફોર્મર સાથે ધડાકાભેર અથડાઈ હતી. ટ્રાન્સફોર્મર સાથેની આ તીવ્ર ટક્કર એટલી શક્તિશાળી હતી કે કારના આગળના ભાગના ટુકડે ટુકડા થઈ ગયા હતા અને વાહનનો કુરચો બોલી ગયો હતો. અકસ્માતના આ ભયાનક દૃશ્યો જોઈને આસપાસના રાહદારીઓ અને વાહનચાલકો પણ સ્તબ્ધ થઈ ગયા હતા. કાર પલટાતી વખતે ગાડીમાં સવાર યુવકો અંદરથી બહાર ફેંકાઈને અનેક ફૂટ ઊંચા આકાશમાં ઉછળ્યા હતા અને રોડ પર પટકાયા હતા, જેના કારણે તેમને ગંભીર આંતરિક અને બાહ્ય ઈજાઓ પહોંચી હતી.

આ અકસ્માતમાં જીવ ગુમાવનાર અને ઘાયલ થયેલા યુવકોની ઓળખ તંત્ર દ્વારા જાહેર કરવામાં આવી છે. સૂત્રો દ્વારા મળેલી માહિતી મુજબ, આ કરુણ દુર્ઘટનામાં અમન બાબરિયા અને પ્રભાત લામકા નામના બે યુવકોનાં ઘટનાસ્થળે જ પ્રાણ પંખેરૂ ઉડી ગયા હતા. બંને યુવકોના અચાનક અને આકસ્મિક મૃત્યુના સમાચાર તેમના પરિવારજનો સુધી પહોંચતા જ ઘરોમાં આક્રંદ મચી ગયો હતો. આ યુવકોના સ્વજનો પર દુખનો ડાબલો વળ્યો છે અને સમગ્ર મિત્રવર્તુળમાં શોકનું મોજું ફરી વળ્યું છે. બીજી બાજુ, આ જ ભયાનક અકસ્માતમાં જીવણ ડાભી નામનો અન્ય એક યુવાન પણ ગંભીર રીતે ઘાયલ થયો હતો. સ્થાનિક લોકો અને રાહદારીઓની મદદથી તાત્કાલિક ધોરણે ઈજાગ્રસ્ત યુવાનને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાંથી તેને વધુ સારવાર અર્થે રાજકોટની મોટી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

સુરત મનપાના નામે હપ્તા વસૂલતા કથિત કર્મચારીને લોકોએ ચખાડ્યો મેથીપાક



સુરત | સુરત મહાનગરપાલિકાના નામે ગરીબ અને મધ્યમવર્ગીય ફેરિયાઓ પાસેથી ગેરકાયદે હપ્તા વસૂલવાનો વધુ એક ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. સુરતના ન્યૂ વીઆઈપી રોડ વિસ્તારમાં બનેલી આ ઘટનાએ સમગ્ર શહેરમાં ભારે ચકચાર મચાવી દીધી છે. ટુ-વ્હીલર વાહન પર 'ઓન ડ્યુટી એસએમસી' (SMC) લખાવીને અને દારૂના નશામાં ધૂત થઈને ફેરિયાઓ પાસેથી જબરજસ્તી રૂપિયા પડાવતા એક શખ્સને સ્થાનિક રહીશોએ ઘેરી લઈને બરાબરનો મેથીપાક ચખાડ્યો હતો. આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં પાલિકાની છબી અને કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. વાયરલ થયેલા વીડિયોમાં નશાની હાલતમાં દેખાતો આ કથિત કર્મચારી રોજબરોજ ગરીબ ફેરિયાઓને રંજાડતો હોવાનો સ્પષ્ટ આક્ષેપ થઈ રહ્યો છે. વીડિયોમાં એક સ્થાનિક મહિલાએ ભારે રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે આ શખ્સ અવારનવાર નશામાં ધૂત થઈને અહીં આવે છે અને મહેનત-મજૂરી કરીને પેટિયું રળતા સામાન્ય ફેરિયાઓ પાસેથી પૈસાની માંગણી કરી હેરાન કરે છે.

રાજકોટ સૌથી ગરમ શિયાળો અને બેવડી ઋતુનો પ્રકોપ, ઋતુચક્ર વેરવિખેર તાપમાન વધઘટથી હાહાકાર

(એજન્સી) રાજકોટ । તા. 16

રાજકોટ સહિત સમગ્ર ગુજરાતભરમાં નવેમ્બર મહિનો અડધો વીતી ગયો હોવા છતાં હજુ સુધી શિયાળાની અપેક્ષિત અને કડકડતી ઠંડીનો અહેસાસ થયો નથી, જેના કારણે હવામાનની બદલાતી પેટર્ને સમગ્ર ઋતુચક્રને ગંભીર રીતે પડકાર્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. દિવસ દરમિયાન પ્રચંડ ગરમી અને ઉકળાટ તથા રાત્રે હળવી ઠંડક સાથે એક જ દિવસમાં બેવડી ઋતુનો અહેસાસ થવા લાગ્યો છે. મીડિયા અહેવાલ મુજબ, આ વિચિત્ર અને બદલાતા હવામાનના કારણે સામાન્ય જનજીવન પ્રભાવિત થયું છે અને લોકો ભારે મૂંઝવણમાં મુકાયા છે.

હવામાનની આ અસામાન્ય પેટર્ન હવે કુદરતી ઋતુચક્રને પણ પાટા પરથી ઉતારી રહી છે. નબળાં ચોમાસા બાદ શિયાળાની ઋતુની વિધિવત શરૂઆત થવાની અપેક્ષા હતી, પરંતુ દિવાળીના તહેવારો વીતી ગયા પછી પણ હજુ સુધી ઠંડીએ જોર પકડ્યું નથી. નવેમ્બરના મધ્ય ભાગમાં પણ સૂર્યના તાપની તીવ્રતા યથાવત છે અને દિવસના સમયે લોકો પરસેવે રેબઝેબ થઈ રહ્યા છે. વહેલી પરોઢે વાતાવરણમાં થોડી ઠંડક જરૂર વર્તાય છે, પરંતુ સૂર્યોદયની સાથે જ ગરમીનો પ્રકોપ શરૂ થઈ જાય છે. એક જ દિવસમાં અનુભવાતી આ બેવડી રૂપેરી મોસમે સૌને આશ્ચર્યમાં મૂકી દીધા છે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી વિગતો અનુસાર, તાજેતરમાં રાજકોટ ખાતે મહત્તમ તાપમાન ૩૫.૭ ડિગ્રી સેલ્સિયસ જેટલું ઊંચું નોંધાયું હતું, જે સમગ્ર રાજ્યના તમામ નોંધાયેલા કેન્દ્રોમાં સૌથી વધુ હતું. આ સાથે જ શહેરનું લઘુત્તમ તાપમાન ૨૧.૫ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહ્યું હતું. આમ, દિવસ અને રાત્રીના તાપમાન વચ્ચે આશરે ૧૪.૨ ડિગ્રી જેટલો મોટો તફાવત જોવા મળ્યો છે. માત્ર રાજકોટ જ નહીં પરંતુ રાજ્યના અન્ય પ્રમુખ શહેરોની વાત કરીએ તો, અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૪.૨ અને લઘુત્તમ ૧૯.૬ ડિગ્રી, સુરતમાં મહત્તમ ૩૪.૫ અને લઘુત્તમ ૧૯.૬ ડિગ્રી તેમજ ભુજમાં મહત્તમ ૩૫ અને લઘુત્તમ ૨૧.૮ ડિગ્રી તાપમાન નોંધાયું છે.

વડોદરા પોલીસ ઈંધણ વ્યવસ્થા ફેરફાર કરાતા કર્મચારીઓમાં દોડધામ, પ્રતાપનગર હેડક્વાર્ટર પેટ્રોલ પંપ બંધ

(એજન્સી) વડોદરા । તા. 16

ગુજરાત રાજ્યના સાંસ્કૃતિક અને ઔદ્યોગિક નગર તરીકે ઓળખાતા વડોદરા શહેરમાં કાયદો અને વ્યવસ્થા જાળવતી પોલીસ શાખા સાથે જોડાયેલા એક અત્યંત મહત્ત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે, જ્યાં શહેર



પોલીસ તંત્ર દ્વારા સરકારી વાહનોમાં પેટ્રોલ અને ડીઝલ પુરાવવાની વર્ષો જૂની પદ્ધતિમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. વડોદરા શહેર પોલીસ વિભાગ દ્વારા લેવાયેલા આ નવા નિર્ણય અનુસાર હવે શહેરના તમામ પોલીસ સ્ટેશનો અને શાખાઓના વાહનો માટે ઈંધણ મેળવવાની કેન્દ્રીય વ્યવસ્થાને સમાપ્ત કરીને તેને વિકેન્દ્રીત કરવામાં આવી છે, જેના કારણે પોલીસ બેડામાં અને કર્મચારીઓમાં વ્યાપક ચર્ચાઓનો દોર શરૂ થઈ ગયો છે. અત્યાર સુધીની વ્યવસ્થા પર નજર કરીએ તો, વડોદરા શહેર પોલીસની હદમાં દોડતી તમામ સરકારી ગાડીઓ, જેમાં પોલીસ વાહનો, જીપ, ફોર-વ્હીલર અને મોટરસાઇકલ જેવા ટુ-વ્હીલરનો સમાવેશ થતો હતો, તે તમામ ગાડીઓમાં પેટ્રોલ કે ડીઝલ પુરાવવા માટે માત્ર એક જ કેન્દ્ર નક્કી કરવામાં આવ્યું હતું. વડોદરાના પ્રતાપનગર પોલીસ હેડક્વાર્ટર ખાતે આવેલા વિશેષ પંપ પરથી જ શહેરભરના પોલીસ વાહનોમાં ઈંધણ ભરવાની સત્તાવાર વ્યવસ્થા વર્ષોથી અમલમાં હતી. ગમે તે વિસ્તારના પોલીસ સ્ટેશનનું વાહન હોય, તેણે ઈંધણ માટે પ્રતાપનગર હેડક્વાર્ટર ખાતે જવું પડતું હતું. આ કેન્દ્રીયકૃત પદ્ધતિના કારણે હિસાબો રાખવામાં અને પેટ્રોલ-ડીઝલના જથ્થા પર સીધી દેખરેખ રાખવામાં વહીવટી તંત્રને સરળતા રહેતી હતી.

વિસાવદર પંથક કેફી પીણું મોતથી સમગ્ર પંથકમાં હાહાકાર, જાંબુડી દુધાળા ગામ શંકાસ્પદ મોત

(એજન્સી) જૂનાગઢ । તા. 16

જૂનાગઢ જિલ્લાના અંતરિયાળ અને સંવેદનશીલ ગણાતા વિસાવદર પંથકમાં તાજેતરમાં બનેલી એક અત્યંત શંકાસ્પદ અને હૃદયદ્રાવક ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર અને સન્નાટો મચાવી દીધો છે. તાલુકાના ગ્રામ્ય વિસ્તાર અંતર્ગત આવતા જાંબુડી અને દુધાળા ગામના બે સ્થાનિક રહેવાસીઓના અચાનક અને રહસ્યમય સંજોગોમાં થયેલા અકાળ મૃત્યુ પાછળ કોઈ ઝેરી કે નશાકારક કેફી પ્રવાહી જવાબદાર હોવાની પ્રબળ ચર્ચાઓ જોર પકડી રહી છે. વહેલી સવારે બનેલી આ દુર્ઘટનાથી સમગ્ર ક્ષેત્રમાં શોકનું મોજું ફરી વળ્યું છે અને વહીવટી તંત્રમાં પણ હલચલ મચી ગઈ છે.

મૃત્યુ પામનાર બંને શખ્સો અગાઉથી જ વિવિધ પ્રકારના નશાની લત ધરાવતા હોવાનું સામે આવ્યું છે. તેમણે કોઈ અજાણ્યા અને શંકાસ્પદ સ્થળેથી મેળવેલા ઝેરી કેફી પ્રવાહીનું સેવન કર્યું હતું. આ હાનિકારક પીણું પીધા બાદ થોડા જ સમયમાં બંનેની શારીરિક તબિયત અચાનક અને ગંભીર રીતે બગડવા લાગી હતી અને સમયસર યોગ્ય સારવાર મળે તે પહેલા જ તેમના પ્રાણપંખેરું ઉડી ગયા હતા. આ અણધારી આફતે બંને પીડિત પરિવારોને હચમચાવી દીધા છે અને માતમ છવાઈ ગયો છે. આપણા સમાજમાં ગામડાઓમાં અનિયંત્રિત રીતે વેચાતા નશાકારક પદાર્થો અને તેના કારણે કીમતી યુવાધન કેવી રીતે મોતના મુખમાં ધકેલાઈ રહ્યું છે તેનું આ એક જીવંત અને અત્યંત કરુણ ઉદાહરણ પૂરું પાડે છે. જોકે, આ ગંભીર બાબતે હજુ સુધી સ્થાનિક વહીવટી તંત્ર કે પોલીસ વિભાગ દ્વારા કોઈ અધિકૃત સમર્થન આપવામાં આવ્યું નથી, પરંતુ લોકમુખે ચર્ચાઈ રહેલી વાતોએ અનેક ગંભીર પ્રશ્નો જરૂર ઊભા કર્યા છે. આ સમગ્ર પ્રકરણમાં સૌથી વધુ શંકાસ્પદ, આશ્ચર્યજનક અને ચોંકાવનારી બાબત એ છે કે અચાનક થયેલા આ બે શંકાસ્પદ મૃત્યુ છતાં મૃતકોના પરિવારજનો કે સગાંસંબંધીઓ દ્વારા તેમને કોઈપણ નજીકના સરકારી કે ખાનગી દવાખાને લઈ જવાની તસ્દી લેવામાં આવી ન હતી. એટલું જ નહીં, કોઈપણ પ્રકારના કાનૂની શવપરીક્ષણ એટલે કે પોસ્ટમોર્ટમ વગર જ બંને મૃતકોની પોતપોતાના ગામમાં વિધિવત રીતે અંતિમવિધિ પણ કરી દેવામાં આવી હતી.

લાભ પાંચમ બાદ ધમધમ્યા સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડો, મગફળીના ઊંચા ભાવ મળ્યા



રાજકોટ | દિવાળીના મીની વેકેશન બાદ લાભ પાંચમના શુભ દિવસે સૌરાષ્ટ્રભરના માર્કેટ યાર્ડો ધમધમી ઉઠ્યા છે. ખેડૂતો દ્વારા હજારો વાહનોમાં લાખો ટન કૃષિપેદાશો યાર્ડમાં ઠાલવવામાં આવી છે, જેના કારણે માર્કેટ યાર્ડોમાં ખેત જણસીઓના વિશાળ ઢગલા જોવા મળ્યા હતા. વેપારીઓ દ્વારા આજે શુકનવંતા સોદા કરવામાં આવ્યા હતા, જેમાં મગફળીના મુહૂર્તના સોદામાં ખેડૂતોને સરેરાશ પ્રતિ મણ રૂ. ૧૫૬૦ થી ૧૬૦૦ સુધીનો ઊંચો અને આકર્ષક ભાવ મળ્યો હતો. ગત વર્ષની સરખામણીએ મોટાભાગની જણસીઓના ભાવ સારા મળવાના કારણે ખેડૂતોમાં રાહતની લાગણી ફેલાઈ છે અને આગામી દિવસોમાં રવિ સીઝનના કૃષિ ઉત્પાદનોની ધોધમાર આવક જારી રહેવાની પૂરી સંભાવના છે. રાજકોટ બેડી માર્કેટ યાર્ડમાં ખેડૂતોના વાહનોની ૧૧૦૦ જેટલી લાંબી કતારો ગઈકાલથી જ લાગી ગઈ હતી. યાર્ડમાં ૧ લાખ મણ મગફળી, ૧૦ હજાર મણ કપાસ, ૩૦ હજાર મણ સોયાબીન, ૪૦ હજાર મણ સિંગફાડા, ૬ હજાર મણ ઘઉં, ૮૫૦૦ મણ ચણા તેમજ ૭ હજાર મણ જીરુંની ભારે આવક નોંધાઈ હતી.

જિલ્લામાં વિકાસલક્ષી કામોની સમીક્ષા

નાયબ મુખ્યમંત્રી નર્મદા જિલ્લા મુલાકાત સમીક્ષા



(એજન્સી) રાજપીપળા । તા. 16

ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રીશ્રી આગામી તા. ૧૮, ૧૯ અને ૨૦ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન નર્મદા જિલ્લાની સંભવિત ૭૨ કલાકની સત્તાવાર મુલાકાતે પધારનાર છે. આ ઉચ્ચસ્તરીય મુલાકાતના આયોજન, સુરક્ષા વ્યવસ્થાઓ અને પૂર્વ તૈયારીઓના ભાગરૂપે આજરોજ જિલ્લા કલેકટર કચેરી ખાતે કલેકટરશ્રી ગંગા સિંઘના અધ્યક્ષસ્થાને એક અત્યંત મહત્ત્વપૂર્ણ અને નિર્ણાયક બેઠક યોજાઈ હતી. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય નાયબ મુખ્યમંત્રીશ્રીના પ્રવાસ દરમિયાન તમામ સરકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવા અને વહીવટી તંત્રને સંપૂર્ણપણે સજ્જ રાખવાનો હતો, જેથી કોઈ પણ પ્રકારની ક્ષતિ ન રહે.

બેઠકની શરૂઆતમાં જ અધિક નિવાસી કલેકટરશ્રી સી.કે. ઉંધાડે ડિજિટલ પ્રસ્તુતિ એટલે કે પીપીટીના માધ્યમથી નાયબ મુખ્યમંત્રીશ્રીના આગામી ત્રણ દિવસીય સંભવિત પ્રવાસ કાર્યક્રમની તમામ બારીકાઈઓ અને વિગતો ઉપસ્થિત અધિકારીઓ સમક્ષ રજૂ કરી હતી. મીડિયા અહેવાલ અને પ્રશાસનિક સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આ મુલાકાત દરમિયાન નાયબ મુખ્યમંત્રીશ્રી મુખ્યત્વે નર્મદા જિલ્લાના પછાત અને ડુંગરાળ વિસ્તારો ગણાતા રેડિયાપાડા, સાગબારા અને ચિકદા તાલુકાઓની સઘન મુલાકાત લેવાના છે. આ વિસ્તારોમાં સ્થાનિક નાગરિકોને મળીને તેમની દીર્ઘકાલીન સમસ્યાઓ અને અપેક્ષાઓને પ્રત્યક્ષ સાંભળવા માટે ખાસ ગ્રામસભા તથા જનસંવાદ સભાઓનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે. વહીવટી તંત્ર દ્વારા આ પ્રવાસને અત્યંત ગંભીરતાથી લેવામાં આવી રહ્યો છે કારણ કે આદિવાસી બહુલ વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર સતત કટિબદ્ધ છે અને પ્રત્યેક નાગરિકના જીવનધોરણને ઊંચું લાવવા માટે વિશેષ પગલાં લેવામાં આવી રહ્યા છે.

નર્મદા જિલ્લો તેના પ્રાકૃતિક સૌંદર્ય તેમજ સમૃદ્ધ આદિવાસી સંસ્કૃતિ માટે જાણીતો છે, પરંતુ ભૌગોલિક રીતે ડુંગરાળ અને જંગલ વિસ્તાર હોવાને કારણે ત્યાં વિકાસના કાર્યોને વેગ આપવો એ એક મોટો પડકાર રહ્યો છે. રેડિયાપાડા અને સાગબારા તાલુકાના અંતરિયાળ ગામડાઓમાં શિક્ષણ, સ્વાસ્થ્ય અને રોજગારીની તકો વધારવા માટે સરકાર દ્વારા કરોડો રૂપિયાના ફંડ ફાળવવામાં આવ્યા છે. નાયબ મુખ્યમંત્રીશ્રીની આ મુલાકાત દરમિયાન આ તમામ ક્ષેત્રોમાં થયેલી પ્રગતિનું સ્થળ તપાસ અને નિરીક્ષણ કરવામાં આવશે. સ્થાનિક ગ્રામીણ જનતા સાથે સીધો સંવાદ સાધીને તેઓ કઈ કઈ સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે તેની પ્રત્યક્ષ માહિતી મેળવવામાં આવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ પ્રવાસ માત્ર કાગળ પરના આયોજન પૂરતો મર્યાદિત નહીં રહે, પરંતુ જમીની હકીકત ચકાસવા માટેનો એક મોટો અવસર બનશે, જેનાથી સ્થાનિક પ્રજામાં પણ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

આ ત્રણ દિવસીય પ્રવાસ દરમિયાન નાયબ મુખ્યમંત્રીશ્રી જિલ્લા વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ સાથે એક વિસ્તૃત સમીક્ષા બેઠક યોજવાના છે.

વીરપુર જલારામ જયંતી ભક્તો માટે પાવન પર્વ, છવીસ વર્ષથી દાન બંધ રાખી ચાલતું સદાવ્રત

વીરપુર જલારામ સદાવ્રત અવિરત સેવા અને શ્રદ્ધાનું ધામ

(એજન્સી) વીરપુર । તા. 16

ગુજરાતના પવિત્ર અને ધાર્મિક નગરી વીરપુરમાં જલારામ બાપા દ્વારા શરૂ કરવામાં આવેલી અન્નસેવાની પવિત્ર પરંપરા આજે પણ એટલી જ દિવ્યતા અને અખૂટ શ્રદ્ધા સાથે અવિરત ચાલી રહી છે, જ્યાં કોઈપણ જાતના ભેદભાવ વિના ભૂખ્યા લોકોને વિનામૂલ્યે ભોજન આપવામાં આવે છે અને લાખો શ્રદ્ધાળુઓ શ્રદ્ધાપૂર્વક અહીં આવીને ધન્યતા અનુભવે છે.

જૂનાગઢ જિલ્લાના પવિત્ર ક્ષેત્ર એવા વીરપુરમાં જલારામ બાપાનો જન્મ ઈસવીસન ૧૭૯૯માં કારતક સુદ સાતમના પાવન દિવસે થયો હતો. બાળપણથી જ તેમના હૃદયમાં પરોપકાર અને માનવસેવાની અદ્ભુત ભાવના વણાયેલી હતી. યુવાનીના ઉંબરે પગ મૂકતા જ તેમણે ભૂખ્યા અને જરૂરિયાતમંદ લોકોને ભોજન કરાવવાનું મહાવ્રત લીધું હતું, જે તેમના જીવનનું સર્વોપરી લક્ષ્ય બની ગયું હતું. ઈતિહાસના પાનાઓ પર નજર કરીએ તો, ઈસવીસન ૧૮૨૦ અને વિક્રમ સંવત ૧૮૭૬થી વીરપુરની આ પાવન ધરતી પર સદાવ્રતની શરૂઆત કરવામાં આવી હતી, જે આજદિન સુધી એક ક્ષણ માટે પણ અટક્યા વગર નિરંતર આગળ વધી રહી છે. આ અન્નક્ષેત્રની સૌથી મોટી વિશેષતા એ છે કે અહીં આવનાર દરેક વ્યક્તિ માટે ગરીબ કે તવંગરનો કોઈ જ ભેદભાવ રાખવામાં આવતો નથી. તમામ જાતિ, ધર્મ અને વર્ગના લોકો એકીસાથે બેસીને પંક્તિમાં મહાપ્રસાદ ગ્રહણ કરે છે. સામાન્ય દિવસોમાં પણ હજારો લોકો અહીં ભોજન લે છે, જ્યારે તહેવારો અને વિશેષ ઉત્સવો દરમિયાન દરરોજ દસથી પંદર હજાર જેટલા ભાવિકો પ્રસાદનો લાભ લે છે અને ધન્ય બને છે.

આજના આધુનિક યુગમાં જ્યાં મોટાભાગની ધાર્મિક અને સામાજિક સંસ્થાઓ દાન મેળવવા માટે અપીલો કરતી હોય છે, ત્યારે વીરપુરનું આ



અન્નક્ષેત્ર આ બાબતે એક અનોખો દાખલો બેસાડે છે. આ પવિત્ર સંસ્થામાં છ ફેબ્રુઆરી, ૨૦૦૦ના દિવસથી દાન સ્વીકારવાની પ્રથા પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. આ નિર્ણય પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય બિનજરૂરી ધનસંગ્રહ નહીં કરવાનો અને શુદ્ધ નિઃસ્વાર્થ સેવાની ભાવનાને કાયમ માટે જાળવી રાખવાનો હતો. દેશ-વિદેશથી વીરપુર આવતા અને દાન આપવાની ગાઢ ઈચ્છા ધરાવતા શ્રદ્ધાળુઓને પણ અહીં અત્યંત વિનમ્રતાપૂર્વક ના પાડી દેવામાં આવે છે. મહામારીના સમયમાં જ્યારે સમગ્ર દેશમાં તાળબંધી હતી અને મંદિરો બંધ હતા, ત્યારે પણ પ્રશાસનની વિશેષ મંજૂરી મેળવીને આશરે પાંચ હજાર ગરીબ અને અસહાય પરિવારોના ઘર સુધી ભોજન પહોંચાડવામાં આવ્યું હતું. સંસ્થાના અગ્રણી રમેશ ગઢિયાના જણાવ્યા અનુસાર, આ અન્નક્ષેત્રના પવિત્ર સેવાકાર્યમાં ભવિષ્યમાં ક્યારેય કોઈ પણ પ્રકારનો વિક્ષેપ ન પડે તે માટે આ અત્યંત દૂરંદેશીભર્યો નિર્ણય લેવામાં આવ્યો હતો, જે આજે પણ સમગ્ર વિશ્વ માટે એક અનુકરણ અને પ્રેરણાદાયી ઉદાહરણ બની રહ્યો છે.

જલારામ બાપાના જીવન સાથે જોડાયેલા અનેક ચમત્કારી અને પ્રેરણાદાયી પ્રસંગો ભક્તો આજે પણ અત્યંત શ્રદ્ધાપૂર્વક યાદ કરે છે. એવો જ એક લોકપ્રસિદ્ધ પ્રસંગ ધ્રાંગધ્રાના રાજવી પરિવાર સાથે જોડાયેલો છે. એકવાર ધ્રાંગધ્રાના મહારાજા પોતાના વિશાળ સૈન્ય સાથે સોમનાથ મહાદેવના પવિત્ર દર્શને જઈ રહ્યા હતા.

સ્વામી રેસિડેન્સી સોના ચાંદી ચોરીથી ભય ફેલાયો

વડોદરા મકરપુરા બેંક કર્મચારી મકાન ચોરીથી હાહાકાર મચી ગયો

(એજન્સી) વડોદરા । તા. 16

સંસ્કારી નગરી તરીકે જાણીતા વડોદરા શહેરમાં કાયદો અને વ્યવસ્થા સામે ફરી એકવાર ગંભીર સવાલો ઊભા કરતી એક અત્યંત ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે, જેમાં શહેરના મકરપુરા વિસ્તારમાં આવેલા એક પોશ મકાનને તસ્કરોએ નિશાન બનાવીને લાખો રૂપિયાની કિંમતના સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમની ચોરી કરી લીધી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, એક જાણીતી બેંકમાં કેશિયર તરીકે ફરજ બજાવતા કર્મચારીના બંધ મકાનનો લાભ લઈને તસ્કરો ધોળે દહાડે અંદર ઘૂસી ગયા હતા અને કબાટના તાળા તોડીને સમગ્ર માલસામાન વેરવિખેર કરી નાખ્યો હતો. આ દુર્ઘટનાના કારણે સ્થાનિક રહેવાસીઓમાં ભારે ભય અને રોષની લાગણી ફેલાઈ ગઈ છે, જ્યારે પોલીસ તંત્ર દ્વારા અજાણ્યા ચોરોને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

ગુજરાતના ઔદ્યોગિક અને વેપારી કેન્દ્રોમાં દિન-પ્રતિદિન વધતી જતી ચોરી અને ઘરફોડ પ્રવૃત્તિઓ સામાન્ય નાગરિકો માટે ચિંતાનો વિષય બનતી જઈ રહી છે. વડોદરા જેવા વિકસિત શહેરમાં જ્યારે સુરક્ષાના દાવા કરવામાં આવતા હોય, ત્યારે આ પ્રકારની ઘટનાઓ લોકોની સુરક્ષા સામે મોટો પ્રશ્નાર્થ ચિહ્ન મૂકે છે. મકરપુરા જેવા વ્યાપક અને ગીચ વસ્તી ધરાવતા વિસ્તારમાં ધોળે દહાડે બનેલી આ ઘટનાએ સાબિત કરી દીધું છે કે તસ્કરો પોલીસ ચોકીઓ અને સુરક્ષા વ્યવસ્થાને ઘાત કરીને પોતાના નાપાક ઈરાદાઓમાં સફળ થઈ રહ્યા છે. સ્થાનિક લોકોમાં એવી ચર્ચા ચાલી રહી છે કે જો બેંક જેવા સંવેદનશીલ ક્ષેત્રે નોકરી કરતા કર્મચારીઓના ઘર સુરક્ષિત ન હોય, તો સામાન્ય જનતાની સુરક્ષાની શું ખાતરી હોઈ શકે. આ ગંભીર ઘટના વડોદરા શહેરના મકરપુરા વિસ્તારમાં આવેલી સ્વામી રેસિડેન્સી સોસાયટીમાં બની હતી. ભોગ બનનાર સંજયકુમાર આશિષપ્રસાદ કુમાર મકરપુરા ખાતે આવેલી બેંક ઓફ બરોડાની શાખામાં કેશિયર તરીકે પોતાની સેવાઓ આપે છે અને તેઓ આ જ સોસાયટીમાં રહે છે.

સુરતના બ્રિજ અને ફૂટપાથ પર દબાણકારોનો કબજો

સુરતમાં રસ્તા પછી હવે બ્રિજના ફૂટપાથ પર દબાણ, તંત્રની કામગીરી સામે સવાલ

(એજન્સી) સુરત । તા. 16

સુરત શહેરમાં હવે માત્ર જાહેર રસ્તાઓ જ નહીં, પરંતુ બ્રિજના ફૂટપાથ પર પણ દબાણકારોએ બેફામ કબજો જમાવવાનું શરૂ કરી દીધું છે. સુરતના જાણીતા ચંદ્રશેખર આઝાદ બ્રિજ પર છેલ્લા એક મહિનાથી ખુલ્લેઆમ રિક્ષા પાર્ક કરીને અને તંબુ બાંધીને કાયમી વસવાટ કરવામાં આવી રહ્યો છે. આમ છતાં, મહાનગરપાલિકા અને પોલીસ તંત્ર આ ગંભીર બાબત સામે આંખ આડા કાન કરી રહ્યું છે, જેના કારણે સામાન્ય રાહદારીઓની સુરક્ષા ગંભીર જોખમમાં મુકાઈ ગઈ છે. સામાન્ય નાગરિકો સામે ત્વરિત કાર્યવાહી કરતું તંત્ર અહીં કેમ લાચાર બન્યું છે તે એક મોટો સવાલ બની ગયો છે.

ચંદ્રશેખર આઝાદ બ્રિજ પર છેલ્લા એક મહિનાથી રિક્ષા અને તંબુઓ અડ્ડો જમાવીને બેઠા હોવા છતાં તંત્ર દ્વારા તેને હટાવવા માટે કોઈ જ કડક પગલાં લેવામાં આવ્યા નથી. સામાન્ય નાગરિક દ્વારા ફૂટપાથ પર સામાન્ય



દબાણ કરવામાં આવે ત્યારે તાત્કાલિક દોડી આવતી પાલિકાની દબાણ હટાવ ટીમ બ્રિજ પર આવી બેદરકારી કેમ દાખવી રહી છે? જો આજે એક રિક્ષા અને એક તંબુ છે, તો આવતીકાલે આખો ફૂટપાથ દબાણકારોની હારમાળામાં ફેરવાઈ જશે. જેના કારણે રાહદાર

આજનું રાશિ ભવિષ્ય

મેષ : અ. લ. ઈ.

કોઈ ની મદદ લીધા વગર પણ તમે ધન કમાવી શકો છો તમને માત્ર પોતાની જાત પર વિશ્વાસ કરવો પડશે। ઘરમાં કેટલાક ફેરફારો તમને ખાસ્સા સંવેદનશીલ બનાવી દેશે- પણ તેમ તમારી લાગણીઓ અસરકારક રીતે જેમનું મહત્વ છે એવા લોકો સુધી પહોંચાડવામાં સફળ થશો.

વૃષભ : બ. વ. ઉ.

ખુલ્લામાં રાખેલું ખાણું ખાતી વખતે ખાસ કરીને તકેદારી રાખવી. પણ બિનજરૂરી તાણ ન લેતા કેમ કે તેનાથી તમારા ટેન્શનમાં ઓર વધારો થશે. ખર્ચ પર અંકુશ મૂકો અને આજે તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ થવાનું ટાળો. તમારો વિનોદી સ્વભાવ તમારી આસપાસનું વાતાવરણ ઝળકાવશે.

મિથુન : ક. છ. ઘ.

તમારા ભયનો ઈલાજ કરવાનો સમય પાકી ગયો છે.તમારે એ સમજવું જોઈએ કે ભય માત્ર શારીરિક ક્ષમતાઓને જ હાનિ નથી પહોંચાડતો પણ જીવનને પણ ટૂંકાવે છે. આજે તમારે ફિજૂલખર્ચી કરવાથી પોતાને રોકવું જોઈએ નહીંતર જરૂરત ની સમયે તમારી પાસે પૈસા ની અછત હોઈ શકે છે.

કર્ક : ડ. હ.

તમારી બીમારી અંગે ચર્ચા કરવાનું ટાળો. બીમારી તરફથી તમારૂં ધ્યાન અન્યત્ર દોરવા તમારી જાતને કોઈક કામમાં પરોવો કેમ કે તમારી બીમારી વિશે તમે જેટલી વધારે વાતો કરશો એટલી જ તે વધુ વકરશે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે.

સિંહ : મ. ટ.

તમારૂં ઝઘડાખોર વર્તન તમારા શત્રુઓની યાદીમાં વધારો કરશે. કોઈને પણ તમને એટલા ગુસ્સે કરવા ન દો કે જેનો પસ્તાવો તમને પછીથી થાય. નજીકી સંબંધીઓ ના ઘરે જવું આજે તમારી આર્થિક સ્થિતિ બગાડી શકે છે. વૈવાહિક જોડાણમાં પ્રવેશવા માટે સારો સમય.

કન્યા : પ. ઠ. ણ.

આપવાનો તમારો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અ ભા વ , લા લ ચ , જોડાણ,અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે. લોકોની જરૂરિયાત શી છે તથા તમારી પાસેથી તેમને ચોક્કસ શું જોઈએ છે.

તુલા : ર. ત.

તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે તથા તમારે તેનો ઉપયોગ બાકી રહી ગયેલા કાર્યો પૂર્ણ કરવા માટે કરવો જોઈએ. આજે કોઈ વિપરીત લિંગી ની મદદ થી તમને નોકરી અથવા વેપાર માં આર્થિક લાભ થવા ની શક્યતા છે. રસોડા માટે જરૂરી ચીજની ખરીદી સાંજે તમને વ્યસ્ત રાખશે.

વૃશ્ચિક : ન. ય.

આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. આજ ના દિવસે તમારે દારૂ જેવી માદક વસ્તુ નું સેવન ના કરવું જોઈએ કેમકે નશા ની સ્થિતિ માં તમારી કોઈ મોંઘી વસ્તુ ખોવાઈ શકે છે.

ધન : ભ. ધ. ફ. ઢ.

ખિન્ન તથા નિરાશ ન થાવ. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે. ઘરમાં કોઈક વિધી અથવા મંગળ સંસ્કાર થવા જોઈએ. તમારા મિત્ર સાથે બહાર જાવ ત્યારે સારી રીતે વર્તો.

મકર : ખ. જ.

બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો. તમારા જીવનસાથી તરફ બેદરકારી તમારા સંબંધ પર અસર કરી શકે છે. તમારો મૂલ્યવાન સમય ફરીથી જીવો તથા તમારી મીઠી યાદોને યાદ કરી.

કુંભ : ગ. સ. શ. ષ.

આજે તમે ઊર્જાથી તરબતર હશો અને તમે કશુંક અસાધારણ કરશો. તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો-જે તમને આર્થિક લાભ પણ અપાવશે. તમારા પરિવારના સભ્યો તમારા પ્રયાસો તથા સમર્પણની સરાહના કરશે.

મીન : દ. ચ. ઝ. થ.

તમારૂં મગજ સારી બાબતોને સ્વીકારશે. ખાસ લાભદાયક દિવસ જણાતો નથી-આથી તમારી આર્થિક સ્થિતિ તપાસો અને તમારા ખર્ચને ઘડાટો. આજે તમે તમારા પરિવારમાં શાંતિદૂતનું કામ કરશો. પરિસ્થિતિને અંકુશ હેઠળ રાખવા દરેકની સમસ્યાઓને સાંભળો.

સમૂહ લગ્ન અને યજ્ઞોપવિત

સમસ્ત બ્રહ્મસમાજ,કેશોદ દ્વારા પાંચમાં સમૂહ લગ્ન અને યજ્ઞોપવિત સમારોહ- ૨૦૨૭નું ભવ્ય આયોજન

નરેન્દ્ર દવે જૂનાગઢ તા.16

સમસ્ત બ્રહ્મસમાજ કેશોદ દ્વારા પાંચમાં સમુહ લગ્નોત્સવ અને સામુહિક યજ્ઞોપવિત સંસ્કાર સમારોહ-૨૦૨૭ નું આયોજન કરવામાં આવ્યું છે. આ પવિત્ર સમારોહ તારીખ ૨૮/૧/૨૦૨૭ને ગુરૂવાર, પોષ વદ ૭ ના રોજ યોજાશે. આ સમારોહમાં જોડાવા ઈચ્છતા વર-વધુ અને બટુકોના વાલીઓએ તા.૨૭/૧૨/૨૦૨૬ સુધીમાં કાર્યાલયે પુરતી માહિતી સાથે ફોર્મ ભરીને જમા કરાવવાનું રહેશે, જેથી સંખ્યાને ધ્યાનમાં લઈને સુચારૂ વ્યવસ્થા કરી શકાય. સમસ્ત બ્રહ્મસમાજ તરફથી બંને પક્ષના પરિવારો તથા મહેમાનો માટે ચા-પાણી, અલ્પાહાર, ભોજન, લગ્ન મંડપ, પુજા-વિધીની સામગ્રીની સંપૂર્ણ વ્યવસ્થા કરવામાં આવશે. સમૂહ લગ્નમાં જોડાનાર બંને પરિવારો અને યજ્ઞોપવિતમાં જોડાનાર બટુક પક્ષે તારીખ ૨૭/૧/૨૦૨૭, બુધવારના રોજ બપોરના ૨-૦૦ વાગ્યા બાદ મંડપ રોપણ, ગણપતિ સ્થાપના, પીઠી, મામેરા, દાંડીયારાસ સાથે કાર્યક્રમ રાખવામાં આવશે. આ સમૂહ લગ્નમાં વરવધુ માત્ર સમસ્ત બ્રહ્મ સમાજના જ જોડાઈ શકશે તે જ રીતે યજ્ઞોપવિત સંસ્કાર વિધિમાં જોડાનાર બટુક પણ માત્ર સમસ્ત બ્રહ્મ સમાજના જ જોડાઈ શકશે. સમૂહ લગ્ન સમિતિ અને યજ્ઞોપવિત સમિતિ દ્વારા લેવામાં આવનાર નિર્ણયો ઉમેદવારોને માન્ય રાખવાના રહેશે. હિન્દુ શાસ્ત્રોક્ત વિધી મુજબ લગ્ન ગ્રંથીથી જોડવામાં આવશે અને યજ્ઞોપવિત ધારણ કરાવવામાં આવશે. સમસ્ત બ્રહ્મસમાજ, કેશોદ આયોજિત સમુહલગ્ન અને સમુહ યજ્ઞોપવિત વિધિ ભાગવતાચાર્યશ્રી ઉતમભાઈ સારસ્વત દ્વારા કરાવવામાં આવશે. તમામ નવદંપતીઓ અને બટુકોને આર્શીવચન સ્વામીશ્રી ઘનશ્યામ ચરણદાસજી સ્વામી, પંચાળા સ્વામિનારાયણ મંદિર,અને કથાકાર વિનય વ્યાસજી, વિનય આશ્રમ, કેશોદ આપશે. વરવધુને દાતાઓના સહયોગથી ઘરવપરાશની તમામ વસ્તુઓ ઉપરાંત કપડાં આપવામાં આવશે.

ક્લિન્ઝીંગથી કંઇક વધુ: બાળકના નાહવાના સમય દરમિયાન કાળજી લેવા હિમાલયા બેબીકેર લઇને આવ્યું છે, ખાસ મોશ્ચ્યુરાઈઝીંગ કેર

(એજન્સી) નવી દિલ્હી | તા 16

હિમાલયા બેબીકેર, ડોક્ટર દ્વારા સૂચવવામાં આવતી નં.1 બ્રાન્ડ, તેના એક્સ્ટ્રા મોશ્ચ્યુરાઈઝીંગ બેબી સોપ માટે લઈને આવ્યું છે, નવું કેમ્પેઈન જે બાળકના રોજંદા નહાવાના સમય દરમિયાન વધુ મોશ્ચ્યુરાઈઝીંગની કાળજી પર ભાર મૂકે છે. નહાવાનો સમય એ ફક્ત સ્વચ્છતાની જ વાત નથી પણ બાળકની સૂકી અને કોમળ ત્વચાની કાળજી લેવાનો પણ સમય છે, આ કેમ્પેઈનમાં સ્વચ્છતાની સાથે બાળકની ત્વચાને આરામ અને મોશ્ચ્યુરાઈઝ કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે. આ કેમ્પેઈનનો હેતુ છે, માતા-પિતા તેમના બાળકની ચોક્કસ ત્વચાની જાળવણીની જરૂરિયાત પૂરી કરતા ઉત્પાદન પસંદ કરીને દરરોજના નાહવાના સમયને કઈ રીતે વધુ હેતુપૂર્ણ બનાવી શકાય તે રજૂ કરવાનો છે. હિમાલયા એક્સ્ટ્રા મોશ્ચ્યુરાઈઝીંગ બેબી સોપની સાથે બ્રાન્ડ તેના નહાવાની રોજીંદી પ્રક્રિયામાં સ્વચ્છતાની સાથે મોશ્ચ્યુરાઈઝીંગની સંભાળ એક સાથે લાવે છે, ખાસ કરીને શિયાળા દરમિયાન સૂકી ત્વચા ધરાવતા બાળકો માટે અનુકૂળ વિકલ્પ પૂરો પાડે છે.હિમાલયા બેબીકેર હંમેશાથી જ



બાળકોની ખાસ જરૂરિયાતોને સમજીને તેને અનુરૂપ ઉત્પાદનો વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જે પ્રકૃતિના ગુણોને સંશોધન આધારીત સંભાળની સાથે જોડે છે. આના લીધે જ બાળકોના સંભાળ માટેના આયુર્વેદિક વિજ્ઞાનથી પ્રેરિત છે. જેમ માતા-પિતા તેમના બાળકો માટે પસંદ કરવામાં આવતા ઉત્પાદનો પ્રત્યે વધુ સભાન બની રહ્યા છે, તેમ-તેમ હિમાલયા બેબીકેરમાં પણ એવા ઉત્પાદનોની શ્રેણી તૈયાર કરવાનું આગળ વધારે છે, જે સૌમ્ય અને સુરક્ષિત હોય તેની સાથોસાથ બાળકોની કોમળ અને શુષ્ક ત્વચાને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યું છે.આ સાબુ એલોવેરા અને દૂધના ગુણોથી ભરપૂર છે. તેમાં 'એલો-મિલ્ક મોશ્ચ્યુરાઈઝર કોમ્પ્લેક્સ'નો ઉપયોગ કરવામાં આવ્યો છે, જે નહાતી વખતે બાળકની સૂકી અને કોમળ ત્વચાને મોઈશ્ચર પૂરું પાડવામાં મદદ કરે છે. તેના મોશ્ચ્યુરાઈઝિંગ ગુણોને કારણે, તે સૂકી ત્વચા ધરાવતા બાળકો માટે, ખાસ કરીને શિયાળાની ઋતુમાં ખૂબ જ ઉપયોગી છે. આ પ્રોડક્ટ ક્લિનિકલી ટેસ્ટેડ છે અને તેમાં કૃત્રિમ રંગો, પેરાબેન્સ કે થેલેટ્સનો ઉપયોગ કરવામાં આવ્યો નથી. આમ, તે માતા-પિતાને તેમના બાળકના રોજિંદા નહાવાના સમયે તેની ત્વચાની સંભાળ માટે એક સૌમ્ય અને વિચારપૂર્વક તૈયાર કરવામાં આવ્યો છે.આ પ્રોડક્ટ વિશે ચક્રવર્થી એન. વી. ડિરેક્ટર- બેબીકેર, હિમાલયા વૅલનેસ કંપની કહે છે, "માતા-પિતા માટે બાળકની નિયમિત સંભાળ સમજી વિચારીને પસંદ કરવી, જે બાળક માટે આરામદાયક બની રહે. અમારા 'એક્સ્ટ્રા મોશ્ચ્યુરાઈઝીંગ બેબી શોપ' દ્વારા અમારો ઉદ્દેશ ફક્ત સ્વચ્છતા પૂરતું જ નથી, પરંતુ તેના રોજના ન્હાવામાં મોશ્ચ્યુરાઈઝીંગ કેર ઉમેરવાનો છે. અમે એવા ઉત્પાદનો તૈયાર કરવા પ્રતિબદ્ધ છે, જે બાળકની વિશિષ્ટ જરૂરિયાતને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યો હોય, જેના લીધે માતા-પિતા પણ બાળકની રોજિંદી સંભાળ સરળતાથી અને ચિંતામુક્ત રીતે કરી શકે.રોજિંદી ત્વચાની જાળવણી માટે આ એક ખાસ બેબીકેર પોર્ટફોલિયો સાથે હિમાલયા બેબીકેર સાથે બાળકો અને માતા-પિતાની બદલાતી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવાં આવેલા ઉકેલ પર ધ્યાન કેન્દ્રિત કરવાનું ચાલુ રાખે છે. હર્બલ સંશોધનના વારસા અને સલામત, સૌમ્ય અને વિશ્વસનીય સંભાળ.

રૂંવાડા ઊભા કરી દેતો અકસ્માત, મોરબીમાં કાર 8 થી 10 ગુલાંટ મારી ગઇ, 2 યુવકના કમકમાટીભર્યા મોત

(એજન્સી) મોરબી | તા.16

મોરબી નજીક ખજૂરા હોટેલ પાસે રાજકોટથી મોરબી જતી કારને ગમખ્વાર અકસ્માત નડ્યો હતો. કાર 8 થી 10 ગુલાંટ ખાઈ વીજળીના ટ્રાન્સફોર્મર સાથે અથડાઈ હતી. આ ભયાનક દુર્ઘટનામાં અમન બાબરિયા અને પ્રભાત લામકા નામના 2 યુવકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે જીવણ ડાભી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરાઈ છે.અત્યારે તહેવારની સિઝન છે ત્યારે મોટી સંખ્યામાં અકસ્માતની ઘટનાઓ બની રહી છે. ત્યારે રાજકોટથી મોરબી જતી વેળાએ એક કારનો એટલો ભયાનક અકસ્માત થયો કે તે 8 થી 10 ગુલાંટ મારી ગઈ હતી. આ ભયાનક દુર્ઘટનામાં બે યુવકોના મોત નીપજ્યા જ્યારે અન્ય એકની હાલત ગંભીર જણાવાઈ હતી.આ ઘટના શનિવારે સવારે બની હોવાની જાણકારી સામે આવી છે. અહીં મોરબી નજીક ખજૂરા હોટેલ પાસે પલટી મારીને વીજળીના ટ્રાન્સફોર્મર સાથે ભટકાઈ હતી. જોકે આ કારને કઈ રીતે અકસ્માત નડ્યો તેની માહિતી સામે આવી નથી. ઘટનાના દ્રશ્યો પરથી જોઈ શકાય છે કે કાર જ્યારે અકસ્માતગ્રસ્ત થઈ તો બંને યુવકો કારમાંથી બહાર ફેંકાઈને અનેક ફૂટ ઊંચા ઉછળ્યા હતા.મૃતકોની ઓળખ અમન બાબરિયા અને પ્રભાત લામકા તરીકે થઈ હતી. જ્યારે જીવણ ડાભી ઈજાગ્રસ્ત છે. તેની સારવાર રાજકોટની હોસ્પિટલમાં ચાલી રહી છે. પોલીસે પણ આ મામલે મૃતક અમન સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જામનગરમાં ABVPના કાર્યકર પર 4 શખ્સોનો હુમલો : અરજી પાછી ખેંચવા દબાણ કરી જાનથી મારી નાખવાની ધમકી

(એજન્સી) જામનગર | તા.16

જામનગરમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (એબીવીપી)ના કાર્યક્રમ અને કેમ્પસ કારોબારીની ઘોષણામાં ખલેલ પહોંચાડવા અંગે અગાઉ કરવામાં આવેલી અરજીનો ખાર રાખીને એબીવીપીના પૂર્ણકાલીન વિસ્તારક ભાર્ગવભાઈ પર હુમલો કરવામાં આવ્યો હોવાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે. આ બનાવમાં હાર્દિકસિંહ ચુડાસમા સહિત ચાર શખ્સો સામે મારામારી અને જાનથી મારી નાખવાની ધમકી આપવા અંગે ગુનો નોંધવામાં આવ્યો છે.જામનગરના મંગલબાગ શેરી નં. 3માં રહેતા અને એલ.એલ.બી.નો અભ્યાસ કરતા તથા એબીવીપીના પ્રદેશ સહમંત્રી તરીકે જવાબદારી સંભાળતા ઋત્વિક યોગેશભાઈ ભીલાએ પોલીસમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, ગત તા.15 નવેમ્બરની રાત્રે હાર્દિકસિંહ ચુડાસમાનો ફોન આવ્યો હતો અને અગાઉ તેમની વિરુદ્ધ અરજી કેમ કરી છે, તેમ કહી બધાને જોઈ લેવાની ધમકી આપી હતી. ત્યારબાદ તા.16 નવેમ્બરની રાત્રે સાડા બાર વાગ્યાના અરસામાં તેમના મિત્ર ઉત્સવભાઈનો ફોન આવ્યો હતો. ઉત્સવભાઈએ હાર્દિકસિંહ તેના મિત્રો સાથે રામેશ્વરનગરના વિનાયક પાર્ક ખાતે આવેલા ઘરે આવી રહ્યો હોવાનું જણાવતાં ઋત્વિકભાઈ તેમના મિત્રો ભાર્ગવભાઈ, અભીભાઈ અને રાજવીરભાઈ સાથે ત્યાં પહોંચ્યા હતા. તે વખતે સ્થળ પર આશરે 15 જેટલા લોકો હાજર હતા, જેમાં હાર્દિકસિંહ ચુડાસમા, પાર્થ રાવલ, ભારત ગૌસ્વામી અને દિવ્યરાજસિંહ જાડેજાનો પણ સમાવેશ થતો હતો.

પતિએ પત્નીને માર મારી પિયરમાં મૂકી દીધી, 12 વર્ષના લગ્નજીવનનો અંત : બે પુત્રોના દસ્તાવેજો પણ ન આપતાં ફરિયાદ

(એજન્સી) જામજોધપુર | તા.16

જામજોધપુર તાલુકાના જીણાવારી ગામે પિયરમાં રહેતી 33 વર્ષીય પરિણીતાએ પોતાના પતિ સામે શારીરિક અને માનસિક ત્રાસ આપવાની તેમજ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપવાની ફરિયાદ નોંધાવી છે.ફરિયાદી શોભનાબેન ગીરીશભાઈ ચૌહાણનાં લગ્ન આશરે 12 વર્ષ પહેલાં ફોટડી ગામના ગીરીશભાઈ મુરૂભાઈ ચૌહાણ સાથે થયા હતા. લગ્નજીવન દરમિયાન તેમને વંશ (ઉ.વ.9) અને વ્રજ (ઉ.વ.4) નામના બે પુત્રો છે. પતિ જામનગરની ખાનગી કંપનીમાં નોકરી કરતા હોવાથી શરૂઆતમાં ફોટડી, ત્યારબાદ મુન્દ્રા અને ભુજમાં પરિવાર સાથે રહેતા હતા. વર્ષ 2024માં વડોદરા રહેવા ગયા બાદ પતિ નાની-નાની બાબતોમાં ઝઘડા કરવા લાગ્યા હોવાનો આક્ષેપ છે.ફરિયાદ મુજબ, પતિ પોતાના ભાઈ પરબતને મહારાષ્ટ્ર ખાતે નાણાં મોકલતા હતા. બે સંતાનોના ભવિષ્યનો વિચાર કરીને પત્ની તેમને નાણાં ન મોકલવા સમજાવતી હતી, જે બાબત પતિને પસંદ ન આવતાં અવારનવાર ઝઘડા કરી ગાળો આપતા અને ઢીકાપાટુનો માર મારતા હતા.દરમિયાન તા.14 એપ્રિલ, 2026ના રોજ ફરિયાદીની નાની બહેન ચંદ્રિકાનાં લગ્ન હોવાથી પિયરમાં જવાની વાત કરતાં પતિ ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળો આપી ઢીકાપાટુ તથા લાતો વડે માર માર્યો હતો. બંને પુત્રો માતાને નહીં મારવા વિનંતી કરતા હોવા છતાં પતિએ માર મારવાનું ચાલુ રાખી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને પત્નીને પિતાના ઘરે મૂકી ગયા હતા.

ગુજરાતમાં આદિવાસી વોટબેન્ક તૂટવાના ડરથી સરકાર દોડતી થઇ, છોટા ઉદેપુરમાં 465 બસો દોડાવી તોય ભીડ ભેગી ન થઇ

(એજન્સી) છોટાઉદેપુર | તા.16



વિધાનસભાની ચૂંટણીને આડે હવે એકાદ વર્ષ બાકી છે ત્યારે હવે સરકારને ડર પેઠો છે કે, આદિવાસી વોટબેંક સરકી જશે. આ જોતાં સરકારમાં દોડધામ મચી છે. તેનું કારણ એ છે કે, જિલ્લા-તાલુકા પંચાયતની ચૂંટણીમાં આદિવાસી વિસ્તારમાં ભાજપનો રકાસ થયો છે સાથે સાથે હાલ સરકાર વિરોધી આંદોલન પૂરજોશમાં ચાલી રહ્યાં છે. આ કારણોસર આદિવાસી મતોમાં ગાબડું પડવાના ડરથી મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી અને મંત્રીઓનો કાફલો છોટાઉદેપુર દોડી આવ્યો હતો, એટલું જ નહીં, ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિ ઉજવવાના બહાને ભીડ ભેગી કરવા સરકારે 465 બસો દોડાવવી પડી હતી. ટૂંકમાં, આદિવાસી વિસ્તારમાં શક્તિ પ્રદર્શન કરવા ભાજપ સરકારે પ્રયાસો કર્યા હતા. મહત્વની વાત એ છે કે, સરકારી મશીનરીનો ઉપયોગ કરાયા બાદ પણ ધારી ભીડ ભેગી થઈ શકી ન હતી.છોટાઉદેપુરમાં સરકાર આયોજીત કાર્યક્રમમાં 30 હજારથી વધુ જનમેદની એકત્ર કરવા નક્કી કરાયું હતું. આ ઉપરાંત લોકોના સભા સ્થળે લાવવા લઈ જવા 465 એસટી બસોની વ્યવસ્થા કરવામાં આવી હતી. સ્થાનિક આગેવાનોનો એવો આક્ષેપ છે કે, સામાન્ય દિવસોમાં અંતરિયાળ ગામોમાં વિદ્યાર્થીઓ કે દર્દીઓ માટે એક બસ ફાળવવામાં ઠાગાઠૈયા કરતી સરકારે પોતાની વાહવાહી માટે રાતોરાત 465 બસો દોડાવી દીધી. એટલું જ નહીં, જિલ્લા વિકાસ અધિકારીથી લઈ તલાટીઓને ભીડ ભેગી કરવાની જવાબદારી સોંપાઈ હતી. મહત્વની વાત એ કે, વહેલી સવારે 8 વાગ્યે ગ્રામજનોને લઈને એસટી બસો રવાના કરવાના પણ ફરમાન છૂટ્યું હતું જેથી તલાટીઓમાં કચવાટ જોવા મળ્યો હતો. સ્થાનિકોનો દાવો છે કે, ડુંગર વિસ્તારના અનેક ગામોમાંથી નીકળેલી બસો ખાલીખમ જોવા મળી હતી, જેમાં 2 થી 10 લોકો જ બેઠેલા જોવા મળ્યા હતા. અત્યાર સુધી સરકારે આદિવાસીઓની ધરાર અવગણના કરી છે. હવે જ્યારે સરકારને મતબેંક ગુમાવવાનો ડર પેઠો છે ત્યારે પ્રત્યેક મંત્રીને આદિવાસી વિસ્તારોમાં ત્રણ દિવસ રહેવા આદેશ કરાયો છે. મુખ્યમંત્રી-નાયબ મુખ્યમંત્રીએ પણ આદિવાસી વિસ્તારોમાં રાતવાસા કરવા પડ્યાં છે. આ જ દર્શાવે છે કે, આદિવાસી મતદારો સરકારથી ખફા છે. અત્યારે તો સરકારી યોજનાનો લાભ આપવાના બહાને આદિવાસીઓને રિઝવવા સરકાર ધમપછાડાં કરી રહી છે.

રાજપીપળા ની ટ્રાયબલ યુનિવર્સીટી ખાતે જનજાતીય ગૌરવ દિવસ ની ઉજવણી કરાઇ

રાજપીપલા : રાજપીપલા ની બિરસા મુંડા યુનિવર્સીટી ખાતે જનજાતિ ગૌરવ દિવસ ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી . બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી, રાજપીપળા ખાતે જનજાતીય ગૌરવ દિવસ ની ઉત્સાહભેર અને ગૌરવપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી.કાર્યક્રમનો પ્રારંભ બિરસા મુંડાની પ્રતિમાને પૂજા-અર્ચના અને પુષ્પાંજલિ અર્પણ કરીને કરવામાં આવ્યો હતો. ત્યારબાદ રાષ્ટ્રગીત, દીપ પ્રાગટ્ય અને મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ડૉ. મધુકર પાડવી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે નાયબ કુલસચિવ ડૉ. વિજયસિંહ વાળા, સ્કૂલ ઑફ આર્ટ્સના આચાર્ય પ્રો. ડૉ. ધવલ પંડ્યા, સ્કૂલ ઑફ સાયન્સના આચાર્ય ડૉ. દિગ્વિજયસિંહ રાણા, સ્કૂલ ઑફ આર્ટ્સના એસોસિયેટ પ્રોફેસર ડૉ. વિકાસ રાવલ, એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્ય ડૉ. પ્રેમપ્યારી તડવી તેમજ બોર્ડ ઑફ ગવર્નર્સના સભ્યો ચંદ્રિકાબેન અને ઉત્કર્ષભાઈ સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે પ્રાસંગિક ઉદ્બોધન કરતાં યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ડૉ. મધુકર પાડવીએ બિરસા મુંડાના જીવનસંઘર્ષ, ક્રાંતિકારી વિચારો, અદમ્ય સાહસ અને જનજાતીય સમાજના ઉત્થાન માટે આપેલા અમૂલ્ય યોગદાનને યાદ કર્યું હતું. તેમણે જનજાતીય સમાજની ગૌરવશાળી સંસ્કૃતિ, પરંપરા, આગવી ઓળખ અને ઐતિહાસિક વારસાના જતન તથા નવી પેઢી સુધી તેના સંસ્કારો પહોંચાડવાના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો.

એક્ઝિક્યુટિવ કાઉન્સિલનાં સભ્ય ડૉ. પ્રેમપ્યારી તડવીએ પણ ભગવાન બિરસા મુંડાના જીવનમૂલ્યો અને વિચારોને આત્મસાત્ કરી જનજાતીય સમાજના શૈક્ષણિક, સામાજિક અને સર્વાંગી વિકાસ માટે સૌને સક્રિય યોગદાન આપવા પ્રેરિત કર્યા હતા.આ સમગ્ર કાર્યક્રમનું આયોજન માનનીય કુલપતિ પ્રો. ડૉ. મધુકર પાડવી, કુલસચિવ પ્રો. ડૉ. રજનીકાંત પંડ્યા તથા ડૉ. શીતલબા પરમારના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા સાંસ્કૃતિક સમિતિના કોઓર્ડિનેટર ડૉ. પંકજ રાઠોડ તથા સમિતિના તમામ સભ્યોએ ઉત્સાહપૂર્વક સહયોગ આપ્યો હતો. કાર્યક્રમનું સુંદર સંચાલન એમ.એસસી. (આઈ.ટી.) સેમેસ્ટર-૧ની વિદ્યાર્થીનીઓ બારિયા અંજુબેન અને શેખ ઇકરાબાનુએ કર્યું હતું. આ ઉજવણીના માધ્યમથી ભગવાન બિરસા મુંડાના જીવનસંઘર્ષ, બલિદાન અને આદર્શોને સ્મરણ કરી જનજાતીય સમાજની ગૌરવશાળી વિરાસત, સંસ્કૃતિ, પરંપરા અને અસ્મિતાના જતન સાથે સમાજના સર્વાંગી વિકાસ માટે એકજૂથ થઈ આગળ વધવાનો પ્રેરણાદાયી સંદેશ આપવામાં આવ્યો હતો.

નામચીન શખ્સ દ્વારા પાડોશી મહિલા અને પિતાને ધમકી અપાઇ

રાજકોટ : મવડી વિસ્તારના મારૂતિનંદનનગર શેરી નં. ૨માં રહેતા અને અગાઉ અનેક વખત પોલીસ ચોપડે ચડી ગયેલા પ્રિતેશ ઉર્ફે દીકુડો ગોટેચાએ પાડોશમાં રહેતી મહિલાને ગાળો ભાંડી, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. પથ્થરમારો કરી તેની રીક્ષા અને મકાનમાં તોડફોડ કરી હતી. આ ઉપરાંત પિતાને પણ છરી બતાવી ધમકી આપી હતી. માલિવયાનગર પોલીસે બે ફરિયાદો નોંધી પ્રિતેશની શોધખોળ શરૂ કરી છે.વિસ્તારમાં રહેતા રૂપલબેન ડાભી (ઉ.વ.૩૮)એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે દસેક દિવસ પહેલા આરોપી અને તેના મિત્રો તેના ઘર પાસે ગાળાગાળા કરતાં હોવાથી તેના માતાએ આરોપીને ત્યાં બેસવાની ના પાડી હતી. જેનો ખાર રાખી ગઈકાલે રાત્રે દસેક વાગ્યે આરોપીએ તેને ગાળો ભાંડી હતી. જેને કારણે ડર લાગતા મકાનનો દરવાજો બંધ કરી દીધો હતો.

કૃષિ, પર્યાવરણ અને દુર્લભ વૃક્ષ સંવર્ધન અંગે મહત્વપૂર્ણ વિચાર-વિમર્શ યોજાયો

બામરોલી : બામરોલી સ્થિત 'મધુવન ફાર્મ' ખાતે જાણીતા હવામાનશાસ્ત્રી અંબાલાલભાઈ પટેલ અને ડૉ. અર્જુનસિંહજી ઝાલાની શુભેચ્છા મુલાકાત તથા કૃષિ, પર્યાવરણ અને દુર્લભ વૃક્ષ સંવર્ધન અંગે મહત્વપૂર્ણ વિચાર-વિમર્શ યોજાયો, આજ રોજ તારીખ ૧૬/૧૧/૨૦૨૬, સોમવારના રોજ બામરોલી સ્થિત 'મધુવન ફાર્મ' ખાતે શ્રી ચંદ્રમૌલેશ્વર મહાદેવના સાનિધ્યમાં ડૉ. અર્જુનસિંહજી ઝાલા (નિવૃત્ત ડેપ્યુટી ડાયરેક્ટર, પશુપાલન વિભાગ) તેમજ તેમના પરિવાર સાથે શુભેચ્છા મુલાકાત લેવામાં આવી હતી. આ પ્રસંગે રૂદાતલ ગામના વતની, આણંદ કૃષિ યુનિવર્સિટીના સ્નાતક, ગુજરાત સરકારના બીજ નિગમ વિભાગમાં સેવા આપી ચૂકેલા નિષ્ણાત તેમજ જાણીતા હવામાનશાસ્ત્રી અને જ્યોતિષાચાર્ય શ્રી અંબાલાલભાઈ



પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. અર્જુનસિંહ ઝાલા અને શ્રી અંબાલાલભાઈ પટેલ બંને સહાધ્યાયી (એક જ કોલેજમાં સાથે અભ્યાસ કરેલા) મિત્રો હોવાની સાથે શ્રી જાગનાથ મહાદેવના પરમ ભક્ત પણ છે. વર્ષો બાદ બંને મિત્રોના મિલન પ્રસંગે કૃષિ, પશુપાલન, હવામાન વિજ્ઞાન, જમીન સુધારણા, જળ સંરક્ષણ તેમજ આધુનિક પાક પદ્ધતિઓ જેવા મહત્વપૂર્ણ વિષયો પર અત્યંત રસપ્રદ અને જ્ઞાનવર્ધક વાર્તાલાપ થયો.

૨૦૨૬થી ૨૦૨૯ સુધીની નવી કારોબારીની બિનહરીફ વરણી, ખેડૂતોના હિત અને ખેતીના વિકાસ માટે ટીમ બનશે કાર્યરત

વિથોણ કિસાન સંઘમાં નવી ટીમની સર્વાનુમતે પસંદગી:શાંતિલાલ નાયાણી પ્રમુખપદે બિરાજમાન

જગદીશ પી દવે દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના વિથોણ કિસાન સંઘ ગ્રામ સમિતિની આગામી ત્રણ વર્ષ માટે નવી કારોબારીની રચના કરવામાં આવી છે. જેમાં પ્રમુખ તરીકે શાંતિલાલ ગોપાલભાઈ નાયાણીની બિનહરીફ વરણી કરવામાં આવી છે. તા. ૧૫

ગ્રીન બિલ્ડિંગ્સથી નેટ ઝીરો શહેરો તરફ: IGBC ભારતના ટકાઉ ભવિષ્યની રૂપરેખા તૈયાર કરી રહ્યું છે

(એજન્સી) મુંબઈ | તા 16

કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (CII) - ઈન્ડિયન ગ્રીન બિલ્ડિંગ કાઉન્સિલ (IGBC) એ આજે 24મી ગ્રીન બિલ્ડિંગ કોંગ્રેસ 2026ની જાહેરાત કરી છે, જે 26-28 નવેમ્બર 2026 દરમિયાન જિયો વર્લ્ડ કન્વેન્શન સેન્ટર, મુંબઈ ખાતે યોજાશે. ત્રણ દિવસીય આંતરરાષ્ટ્રીય પરિષદ અને પ્રદર્શનમાં ભારતના ટકાઉ નિર્મિત પર્યાવરણના એજન્ડાને આગળ વધારવા માટે 3,000થી વધુ પ્રતિનિધિઓ, 10,000 બિઝનેસ મુલાકાતીઓ, 150થી વધુ વિચારકો અને 100થી વધુ સંસ્થાકીય અને ઉદ્યોગ ભાગીદારો એકત્ર થશે. 'ફોર્જિંગ અ સસ્ટેનેબલ ફ્યુચર - ડુ ગુડ, ફીલ ગુડ. બિલ્ડિંગ ગ્રીનર વર્લ્ડ્સ ટુગેધર' (ટકાઉ ભવિષ્યનું નિર્માણ - સારું કરો, સારું અનુભવો. સાથે મળીને હરિયાળી દુનિયાનું નિર્માણ) થીમ હેઠળ આયોજિત આ કોંગ્રેસ એક ઐતિહાસિક ક્ષણે આવી રહી છે, કારણ કે IGBC ભારતના ગ્રીન બિલ્ડિંગ અભિયાનને આગળ વધારવાના 25 વર્ષ પૂર્ણ કરી રહ્યું છે. ભારતમાં આજે 16.55 બિલિયન ચોરસ ફૂટ વિસ્તારને આવરી લેતા 20,620થી વધુ IGBC-નોંધાયેલા પ્રોજેક્ટ્સ છે, જે વિશ્વના બીજા સૌથી મોટા ગ્રીન બિલ્ડિંગ બજાર તરીકે તેનું સ્થાન સ્થાપિત કરે છે. CII દ્વારા 2001માં સ્થપાયેલ, IGBC રહેણાંક, વાણિજ્યિક, ઔદ્યોગિક, સંસ્થાકીય અને માળખાકીય ક્ષેત્રોમાં ટકાઉ બાંધકામને મુખ્ય પ્રવાહમાં લાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. 33 ગ્રીન અને નેટ ઝીરો રેટિંગ સિસ્ટમ્સ સાથે, IGBC સમગ્ર દેશમાં સંસાધન-કાર્યક્ષમ, પર્યાવરણીય રીતે જવાબદાર અને સ્વસ્થ નિર્મિત પર્યાવરણને આગળ વધારવા માટે એક વ્યાપક માળખું પૂરું પાડવાનું ચાલુ રાખે છે.CII ઈન્ડિયન ગ્રીન બિલ્ડિંગ કાઉન્સિલના રાષ્ટ્રીય અધ્યક્ષ અને ગ્રીન બિલ્ડિંગ કોંગ્રેસ 2026ના અધ્યક્ષ શ્રી સી. શેખર રેડ્ડીએ જણાવ્યું હતું કે: "ભારતનું ગ્રીન બિલ્ડિંગ અભિયાન છેલ્લા 25 વર્ષોમાં એક ઉભરતા વિચારમાંથી રાષ્ટ્રવ્યાપી પરિવર્તનમાં વિકસિત થયું છે. 16.55 બિલિયન ચોરસ ફૂટ વિસ્તારને આવરી લેતા 20,620થી વધુ નોંધાયેલા પ્રોજેક્ટ્સ સાથે, ભારતે વિશ્વના બીજા સૌથી મોટા ગ્રીન બિલ્ડિંગ બજાર તરીકે પોતાને સ્થાપિત કર્યું છે. તેની અસર વધુને વધુ માપી શકાય તેવી છે: IGBC-રેટેડ ઇમારતો દર વર્ષે અંદાજે 64 બિલિયન યુનિટ વીજળી અને 199 બિલિયન લિટર પાણીની બચત કરે છે, જ્યારે લગભગ 53 મિલિયન ટન CO ઉત્સર્જનને ટાળે છે. ગ્રીન બિલ્ડિંગ્સ સ્વસ્થ રહેણાંક વાતાવરણ, આવશ્યક સંસાધનોની બહેતર સુલભતા અને વધુ સ્થિતિસ્થાપક પડોશ દ્વારા સમુદાયોને મૂર્ત લાભો પણ આપી શકે છે. જેમ જેમ ભારત વધતા તાપમાન અને વધતી જતી ઠંડકની જરૂરિયાતોનો સામનો કરી રહ્યું છે, તેમ તેમ ઇમારતો આબોહવા જોખમ અને ઊર્જા સુરક્ષાના ઉકેલનો કેન્દ્રીય ભાગ બનવી જોઈએ. સરકારે શહેરો અને સમુદાયોમાં ગ્રીન બિલ્ડિંગ પ્રથાઓને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે સક્રિયપણે પ્રોત્સાહન આપવું જોઈએ. આગામી તબક્કો વ્યક્તિગત ગ્રીન બિલ્ડિંગ્સથી આગળ વધીને નેટ ઝીરો બિલ્ડિંગ્સ, કેમ્પસ, ટાઉનશીપ અને ટકાઉ શહેરો તરફ જવો જોઈએ. ગ્રીન બિલ્ડિંગ કોંગ્રેસ 2026 આ મહત્વાકાંક્ષાને વ્યવહારુ, માપી શકાય તેવા કાર્યમાં ફેરવવા માટે દેશ અને વિશ્વભરના હિસ્સેદારોને એકસાથે લાવશે." નેટ ઝીરો તરફના સંક્રમણને વેગ આપવો. કોંગ્રેસનું મુખ્ય કેન્દ્રબિંદુ નેટ ઝીરો બિલ્ડિંગ્સ અને આબોહવા-સ્થિતિસ્થાપક શહેરો તરફ ભારતના સંક્રમણને વેગ આપવાનું રહેશે. 2021માં શરૂ કરાયેલ IGBCનું 'મિશન ઓન નેટ ઝીરો' ચાર મુખ્ય પરિમાણો પર ધ્યાન કેન્દ્રિત કરે છે - નેટ ઝીરો એનર્જી, નેટ ઝીરો વોટર, નેટ ઝીરો વેસ્ટ અને નેટ ઝીરો કાર્બન. બિલ્ડિંગ સેક્ટરની 350થી વધુ સંસ્થાઓએ તેમની નવી અને હાલની ઇમારતો માટે નેટ ઝીરો દરજ્જો પ્રાપ્ત કરવાની પ્રતિબદ્ધતા દર્શાવી છે.ચર્ચા-વિચારણામાં ઊર્જા કાર્યક્ષમતા, નવીનીકરણીય ઊર્જા એકીકરણ, જળ સંરક્ષણ, કચરા વ્યવસ્થાપન, ટકાઉ સામગ્રી, પરિપત્રતા (સર્કયુલારિટી) અને જીવનચક્ર કાર્બન ઘટાડાને આવરી લેવામાં આવશે. કોંગ્રેસ કાર્યક્ષમ બિલ્ડિંગ ડિઝાઇન, અદ્યતન કૂલિંગ સિસ્ટમ્સ, સ્માર્ટ એનર્જી મેનેજમેન્ટ અને નવીનીકરણીય ઊર્જા એકીકરણ દ્વારા વીજળીની માંગને નિયંત્રિત કરીને ભારતની ઊર્જા સુરક્ષાને મજબૂત કરવામાં ગ્રીન બિલ્ડિંગ્સની ભૂમિકા પર પણ પ્રકાશ પાડશે.CII ઈન્ડિયન ગ્રીન બિલ્ડિંગ કાઉન્સિલના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી એમ. આનંદે જણાવ્યું હતું કે: "છેલ્લા 25 વર્ષોમાં, IGBC એ ભારતના નિર્મિત પર્યાવરણની વિકસતી જરૂરિયાતોને પ્રતિસાદ આપવા માટે તેના ગ્રીન બિલ્ડિંગ માળખાને સતત મજબૂત બનાવ્યું છે. 33 ગ્રીન અને નેટ ઝીરો રેટિંગ સિસ્ટમ્સનો અમારો પોર્ટફોલિયો લગભગ દરેક પ્રકારની ઇમારતોને આવરી લે છે અને નવા ગ્રીન બિલ્ડિંગ પ્રોજેક્ટ્સ તથા હાલની ઇમારતો બંનેને આવરી લે છે - જેમાં ઘરો અને ઓફિસોથી લઈને ફેક્ટરીઓ, આરોગ્યસંભાળ સુવિધાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, એરપોર્ટ અને મોટા માળખાકીય પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે. ટકાઉ વિકાસનું ભવિષ્ય વધુને વધુ નેટ ઝીરો કામગીરી, આબોહવા સ્થિતિસ્થાપકતા અને સ્વસ્થ ઇન્ડોર વાતાવરણ દ્વારા વ્યાખ્યાયિત થશે. આ હાંસલ કરવા માટે કાર્યક્ષમ ડિઝાઇન, નવીનીકરણીય ઊર્જા એકીકરણ, જવાબદાર સંસાધન વ્યવસ્થાપન અને હાલની ઇમારતોના રેટ્રોફિટિંગની જરૂર પડશે. AI, IoT-સક્ષમ મોનિટરિંગ, સ્માર્ટ બિલ્ડિંગ મેનેજમેન્ટ સિસ્ટમ્સ, અદ્યતન કૂલિંગ અને લો-કાર્બન સામગ્રી જેવી ટેકનોલોજીઓ ઇમારતોની કામગીરીમાં વધુ સુધારો કરશે. ગ્રીન બિલ્ડિંગ કોંગ્રેસ 2026 કુશળતા વહેંચવા, નવીનતા દર્શાવવા અને ટકાઉપણાની પ્રતિબદ્ધતાઓને માપી શકાય તેવી અસરમાં રૂપાંતરિત કરવા માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ પૂરું પાડશે."ટકાઉ ઇમારતોમાં રોકાણને અનલોક કરવા માટે ગ્રીન ફાઇનાન્સ ગ્રીન બિલ્ડિંગ કોંગ્રેસ 2026 ટકાઉ ઇમારતો અને માળખાકીય સુવિધાઓને અપનાવવામાં વેગ આપવા માટે ગ્રીન ફાઇનાન્સની ભૂમિકા પર પણ નોંધપાત્ર ભાર મૂકશે. જ્યારે ગ્રીન બિલ્ડિંગ્સ ઓછા વીજળી અને પાણીના વપરાશ, સુધારેલી સંસાધન કાર્યક્ષમતા અને ઘટેલા સંચાલન ખર્ચ દ્વારા લાંબા ગાળાના આર્થિક લાભો આપે છે, ત્યારે વ્યાપક સ્વીકૃતિ માટે સસ્તું ફાઇનાન્સિંગ ઉપલબ્ધ થવું એ એક મહત્વપૂર્ણ પરિબળ છે. કોંગ્રેસ નાણાકીય સંસ્થાઓ, હાઉસિંગ ફાઇનાન્સ કંપનીઓ, ડેવલપર્સ અને રોકાણકારો માટે ગ્રીન ફાઇનાન્સિંગ પદ્ધતિઓને મજબૂત કરવાની તકોનું અન્વેષણ કરશે, જેમાં પ્રમાણિત ગ્રીન પ્રોજેક્ટ્સ માટે પ્રેફરન્શિયલ વ્યાજ દરો, ગ્રીન હોમ લોન, ગ્રીન મોર્ગેજ, ગ્રીન બોન્ડ્સ અને ESG-લિંક્ડ રોકાણોનો સમાવેશ થાય છે. નવીન ફાઇનાન્સિંગ મોડલ્સ અને નાણાકીય પ્રોત્સાહનો પ્રારંભિક રોકાણ અને લાંબા ગાળાની સંચાલન બચત વચ્ચેના અંતરને દૂર કરવામાં મદદ કરી શકે છે, જેનાથી ઘર ખરીદનારાઓ, વ્યવસાયો અને સંસ્થાઓ માટે ગ્રીન બિલ્ડિંગ્સ વધુ સસ્તી અને સુલભ બને છે. ભારતના રિયલ એસ્ટેટ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રો સતત વૃદ્ધિ માટે તૈયાર હોવાથી, ટકાઉ બાંધકામ ગ્રીન બિલ્ડિંગ સામગ્રી, ઊર્જા-કાર્યક્ષમ ઉપકરણો, નવીનીકરણીય ઊર્જા ટેકનોલોજી, સ્માર્ટ બિલ્ડિંગ સિસ્ટમ્સ અને લો-કાર્બન બાંધકામ ઉકેલોના ઉત્પાદકો માટે પણ નોંધપાત્ર વ્યવસાયિક તકો રજૂ કરે છે.

ટ્રમ્પની ડબલ ગેમ! પહેલાં Nvidiaના 5 મિલિયન ડોલરના શેર ખરીદ્યા, પછી ચીન માટે પ્રતિબંધો હટાવી કરોડો કમાઈ લીધા!

(એજન્સી) નવી દિલ્હી | તા 16

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે Nvidiaના શેરમાં મોટું રોકાણ કર્યું હતું અને આ રોકાણના સમયને લઈને એક મોટો ખુલાસો થયો છે. અહેવાલ મુજબ, ચીનમાં AI ચિપની નિકાસ માટેનો રસ્તો ખુલ્લો થાય તેના બરાબર પહેલાં તેમણે લગભગ 5 મિલિયન ડોલરના શેર ખરીદ્યા હતા. ભ્રષ્ટાચાર વિરોધી સંગઠન ડીક્લેપ્ટોક્રેસીના જાહેર નાણાકીય ખુલાસાના વિશ્લેષણ અને 'ધ ગાર્ડિયન'ના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ટ્રમ્પે ચિપ બનાવતી કંપની Nvidiaના મોટા પ્રમાણમાં શેર ખરીદ્યા હતા. આ ખરીદી બાદ તેમના વહીવટીતંત્રે ચીન પર અદ્યતન AI ચિપની નિકાસને લગતા પ્રતિબંધો હટાવ્યા હતા. એટલે કે, ચીનને Nvidiaની ચિપ વેચવાનો રસ્તો સરળ બનાવ્યો હતો. ડોનાલ્ડ ટ્રમ્પ સાથે જોડાયેલા આ ખુલાસામાં જણાવાયું છે કે અમેરિકાના રાષ્ટ્રપતિએ તેમના વહીવટીતંત્ર દ્વારા ચીનમાં અદ્યતન આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) ચિપની નિકાસ પર બાઇડનના કાર્યકાળ દરમિયાન લાદવામાં આવેલા પ્રતિબંધો હટાવાય તેના બરાબર પહેલાં Nvidiaના 1 મિલિયનથી 5 મિલિયન ડોલર સુધીના શેર ખરીદ્યા હતા.ટ્રમ્પે મે 2025માં આ શેર ખરીદ્યા હતા. આ ખરીદીના બરાબર એક દિવસ બાદ તેમના વહીવટીતંત્રે AI ડિફ્યુઝન ફ્રેમવર્ક પાછું ખેંચ્યું હતું.

News Brief

સેવલોન સ્વસ્થ ઈન્ડિયા મિશનના #WeLoveAntibiotics કેમ્પેઇન દ્વારા એન્ટીબાયોટિક્સના અયોગ્ય ઉપયોગ અંગે જાગૃતિ લાવવા સર્જનાત્મક પહેલ

(એજન્સી) નવી દિલ્હી | તા 16

એન્ટીબાયોટિક્સે આધુનિક તબીબી સારવારની દિશા બદલી નાખી છે, પરંતુ તેનો વધતો જતો અને અયોગ્ય ઉપયોગ એન્ટીમાઇક્રોબિયલ રેઝિસ્ટન્સ (એએમઆર)ની સમસ્યામાં વધારો કરી રહ્યો છે. તેના કારણે ચેપની સારવાર કરવાનું વધુને વધુ મુશ્કેલ બની રહ્યું છે. 18થી 24 નવેમ્બર દરમિયાન યોજાનારા એએમઆર જાગૃતિ સપ્તાહ પહેલા આ જાહેર આરોગ્ય પડકાર તરફ લોકોનું ધ્યાન દોરવા માટે આઈટીસીના સેવલોન સ્વસ્થ ઈન્ડિયા મિશને ★WeLoveAntibiotics કેમ્પેઇન શરૂ કર્યું છે. આ



કેમ્પેઇનનો હેતુ એન્ટીબાયોટિક્સના જવાબદારીપૂર્વકના ઉપયોગને પ્રોત્સાહન આપવાનો છે. ગંભીર મુદ્દા અંગે જાગૃતિ લાવવા માટે આ કેમ્પેઇનમાં સર્જનાત્મક અભિગમ અપનાવવામાં આવ્યો છે. તેના દ્વારા ગ્રાહકોને એએમઆર વિશે સમજણ આપવાની અને જાગૃતિ ફેલાવવાની સાથે ચેપથી બચવામાં હાથની સ્વચ્છતાની મહત્વની ભૂમિકા પણ સમજાવવામાં આવશે.એએમઆરની સમસ્યાનો સામનો કરવા માટે એન્ટીબાયોટિક્સનો યોગ્ય ઉપયોગ જરૂરી છે, પરંતુ ચેપને અટકાવવો પણ એટલો જ મહત્વનો છે. એએમઆરની સમસ્યાનો સામનો કરવા માટે બે મોરચે એકસાથે પ્રયાસ કરવાની જરૂર છે. તેમાં એન્ટીબાયોટિક્સનો જવાબદારીપૂર્વક ઉપયોગ થાય તે માટેના એન્ટીમાઇક્રોબિયલ સ્ટીવર્ડશિપ કાર્યક્રમો અને હાથની સ્વચ્છતા જાળવીને ચેપને અસરકારક રીતે અટકાવવાના પ્રયાસોનો સમાવેશ થાય છે. અનેક વૈજ્ઞાનિક અભ્યાસોમાં જણાવાયું છે કે એન્ટીમાઇક્રોબિયલ સ્ટીવર્ડશિપ કાર્યક્રમોની સાથે હાથની સ્વચ્છતા જાળવવાનાં પગલાં લેવામાં આવે તો એએમઆર ફેલાવતા બેક્ટેરિયાના પ્રસારને નોંધપાત્ર રીતે ઘટાડી શકાય છે*. આ જ બાબત હાથ ધોવાની 'બટરફ્લાય ઇફેક્ટ'નું મહત્વ સમજાવે છે. સાબુ અથવા હેન્ડવોશથી વારંવાર હાથ ધોવાની એક સરળ આદત જીવાણુઓને ચેપનું કારણ બનતા અટકાવી શકે છે અને તેના પરિણામે એએમઆરના કેસોમાં પણ ઘટાડો થઈ શકે છે. ઓગિલ્વી ઈન્ડિયા દ્વારા તૈયાર કરવામાં આવેલા સેવલોન સ્વસ્થ ઈન્ડિયા મિશનના ★WeLoveAntibiotics કેમ્પેઇનનો હેતુ રોજિંદા જીવનમાં સ્વચ્છતા અંગેની ચર્ચામાં આ મહત્વના સંબંધને સામેલ કરવાનો છે. આ કેમ્પેઇન દ્વારા એએમઆર અંગે જાગૃતિ ફેલાવવાની અને એન્ટીબાયોટિક્સના જવાબદારીપૂર્વકના ઉપયોગ અંગે ચર્ચા શરૂ કરવાની સાથે હાથની સ્વચ્છતાનું મહત્વ પણ સમજાવવામાં આવશે. કેમ્પેઇનની ફિલ્મ જોવા માટે આ લિંક પર ક્લિક કરો. આ પહેલ અંગે આઈટીસી લિમિટેડના પર્સનલ કેર પ્રોડક્ટ્સ બિઝનેસના ડિવિઝનલ ચીફ એક્ઝિક્યુટિવ સમીર સત્યપથીએ જણાવ્યું હતું કે, "સેવલોન સ્વસ્થ ઈન્ડિયા મિશનના માધ્યમથી અમે હાથની સ્વચ્છતા જાળવવા અંગે લોકોની વર્તણૂંકમાં સકારાત્મક પરિવર્તન લાવવાની દિશામાં સતત કામ કર્યું છે. એન્ટીમાઇક્રોબિયલ રેઝિસ્ટન્સ જાહેર આરોગ્ય માટે એક વધતો જતો પડકાર છે, જેના સામનો માટે વધુ જાગૃતિ અને સામૂહિક પ્રયાસોની જરૂર છે. ઘરમાં તેમજ હોસ્પિટલોમાં હાથની સ્વચ્છતા જાળવવી એ ચેપને અટકાવવા અને તેના નિયંત્રણ માટેનું અત્યંત મહત્વનું પાસું છે. ★WeLoveAntibiotics કેમ્પેઇન એન્ટીબાયોટિક્સના જવાબદારીપૂર્વકના ઉપયોગ અંગે રસપ્રદ ચર્ચા શરૂ કરીને એએમઆર ઘટાડવાનો શક્તિશાળી સંદેશ આપે છે. તેની સાથે હાથની સ્વચ્છતા જાળવીને ચેપને અટકાવવાના મહત્વ પર પણ ભાર મૂકે છે."

ઉબેર મહિન્દ્રા લાસ્ટ માઇલ મોબિલિટી પાર્ટનરશિપ સાથે EV અપનાવવા આગળ વધશે

મુંબઈ | ઉબેરે આજે મહિન્દ્રા લાસ્ટ માઇલ મોબિલિટી સાથે ભાગીદારીની જાહેરાત કરી છે જેથી આગામી 12 મહિનામાં 5,000 ઇલેક્ટ્રિક થ્રી-વ્હીલર અપનાવવાને ટેકો આપી શકાય, જે ભારતમાં ડ્રાઇવરો માટે ઇલેક્ટ્રિક ગતિશીલતાને વધુ સુલભ બનાવવાના તેના પ્રયાસોને આગળ



ધપાવે. બંને કંપનીઓ દ્વારા હસ્તાક્ષર કરાયેલ સમજૂતી કરાર હેઠળ, EV ઓટો એડવાન્ટેજ પ્રોગ્રામ ફાઇનાન્સિંગ અને ટ્રેડ-ઇન પ્રોત્સાહનો સહિતની પહેલો વિકસાવશે, સાથે સાથે ઉબેર પ્લેટફોર્મ પર ડ્રાઇવરોને મહિન્દ્રા ઇલેક્ટ્રિક ઓટો અપનાવવાથી તેમના વાહનોનો સૌથી વધુ લાભ મેળવવામાં મદદ કરશે. આ ભાગીદારી એવા બજારો પર ધ્યાન કેન્દ્રિત કરશે જ્યાં EV અપનાવવામાં મુખ્ય અવરોધોને દૂર કરીને ઇલેક્ટ્રિક વાહનોનો પ્રવેશ ઓછો રહે છે. ઉબેરે તેની નવીનતમ ઓફર - કનેક્ટેડ જર્નીઝ - પણ પ્રદર્શિત કરી - જે શહેરી ગતિશીલતાને વધુ સરળ બનાવવા માટે પરિવહનના વિવિધ માધ્યમોને એકસાથે લાવવામાં ટેકનોલોજી કેવી રીતે મદદ કરી શકે છે તેનું ઉદાહરણ છે. આ કાર્યક્રમમાં બોલતા, ઉબેરના ગ્લોબલ હેડ ઓફ મોબિલિટી પ્રદીપ પરમેશ્વરને જણાવ્યું હતું કે, "ભારત ઉબેર માટે ગતિશીલતા નવીનતાનો એક મહત્વપૂર્ણ સ્ત્રોત રહ્યો છે. અમે હંમેશા માનીએ છીએ કે શહેરી ગતિશીલતાનું ભવિષ્ય લોકો કેવી રીતે ગતિશીલતા કરે છે તે સમજવામાં અને તેમની રોજિંદી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ઉકેલો બનાવવામાં રહેલું છે. ઇલેક્ટ્રિક ગતિશીલતા એ ફક્ત યોગ્ય કાર્ય નથી, તે આપણા વ્યવસાય, આપણા વપરાશકર્તાઓ, આપણા શહેરો અને આપણા વ્યાપક સમુદાયોને સીધા અને વ્યૂહાત્મક લાભો લાવે છે.

RRP ડિફેન્સ લિમિટેડે ભારતમાં અદ્યતન 'એન્ટી-ડ્રોન' (Anti-Drone) ટેક્નોલોજી લાવવા માટે ઈઝરાયેલની McTech સાથે વ્યૂહાત્મક સંયુક્ત સાહસ (Joint Venture) કર્યું

મુંબઈ | ભારતની સંરક્ષણ અને સુરક્ષા ક્ષમતાઓને મજબૂત કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ભરતા, RRP ગ્રુપની લિસ્ટેડ કંપની 'RRP ડિફેન્સ લિમિટેડ' (BSE: 530929) એ ઈઝરાયેલ સ્થિત McTech સાથે એક વ્યૂહાત્મક સંયુક્ત સાહસ કર્યું છે. આ ભાગીદારીનો ઉદ્દેશ્ય ભારતમાં અદ્યતન 'એન્ટી-ડ્રોન' અને 'કાઉન્ટર-અનમેન્ડ એરક્રાફ્ટ સિસ્ટમ્સ' (C-UAS) ટેક્નોલોજી લાવવાનો છે. જેમ જેમ ડ્રોન ટેક્નોલોજી વિકસી રહી છે, તેમ તેમ આધુનિક યુદ્ધ અને સુરક્ષા કામગીરીમાં તેનો ઉપયોગ ઝડપથી વધી રહ્યો છે. ડ્રોન નવી શક્યતાઓ ઊભી કરી રહ્યા છે, પરંતુ તેની સાથે નવા પડકારો પણ લાવી રહ્યા છે. તેથી, સંભવિત ડ્રોન જોખમોને ઓળખવા, તેનો સામનો કરવો અને તેને નિષ્ક્રિય કરવાની ક્ષમતા ભારતની સંરક્ષણ અને સુરક્ષા દળો માટે અત્યંત મહત્વપૂર્ણ બની ગઈ છે. ભારતમાં અદ્યતન વૈશ્વિક ટેક્નોલોજીનું આગમન : ઈઝરાયેલની McTech કંપની મૂલ્યવાન તકનીકી નિપુણતા અને વિવિધ ઓપરેશનલ જરૂરિયાતોને પહોંચી વળવા માટે રચાયેલ અદ્યતન 'એન્ટી-ડ્રોન' ઉકેલો (solutions) ધરાવે છે. તેમની ટેક્નોલોજીને



સંરક્ષણ દળો અને અન્ય સુરક્ષા એજન્સીઓની ચોક્કસ જરૂરિયાતો મુજબ તૈયાર (customize) કરી શકાય છે. આ ભાગીદારી દ્વારા, RRP ડિફેન્સનો ઉદ્દેશ્ય આ અદ્યતન ઉકેલોને ભારતીય બજારમાં ઉપલબ્ધ કરાવવાનો અને લાંબા ગાળાના સહયોગ માટે મજબૂત પાયો નાખવાનો છે. વૈશ્વિક ટેક્નોલોજી લાવવા ઉપરાંત, આ ભાગીદારીમાં ટેક્નોલોજીના સ્થાનિકીકરણ (localization), સ્વદેશી ઉત્પાદન અને 'મેક ઈન ઈન્ડિયા' (Make in India) પહેલ માટેની તકો પણ તપાસવામાં આવશે. RRP ડિફેન્સને આ ઉકેલો પૂરા પાડવા માટે સક્રિય વિક્રેતા (vendor) તરીકે માન્યતા મળી ચૂકી છે, જે આ વિકસતા ક્ષેત્રમાં કંપની માટે એક મહત્વપૂર્ણ શરૂઆત છે. સંરક્ષણ ક્ષેત્રે RRP ડિફેન્સની હાજરીને મજબૂત બનાવવી : RRP ડિફેન્સ લિમિટેડ (BSE: 530929) એ સંરક્ષણ ઉત્પાદન ક્ષેત્રે કાર્યરત એક લિસ્ટેડ કંપની છે અને તે 'RRP ગ્રુપ ઓફ કંપનીઝ'નો એક ભાગ છે. સંરક્ષણ ટેક્નોલોજી ક્ષેત્રે પોતાની હાજરી વધારી રહેલી આ કંપની, વૈશ્વિક સહયોગ, સ્વદેશી ઉત્પાદન અને ટેક્નોલોજી વિકાસ દ્વારા ભારતમાં અદ્યતન ઉકેલો લાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

લાંબા ગેમિંગ સત્રો માટે મોટી ક્ષમતા ધરાવતી બેટરી અને ફાસ્ટ ચાર્જિંગ

ઇન્ફિનિક્સ GT 50 પ્રો ભારતમાં લોન્ચ, સંપૂર્ણ લિક્વિડ-કૂલ્ડ સ્માર્ટફોન-ટુ-કોન્સોલ ગેમિંગ ઇકોસિસ્ટમની રજૂઆત

(એજન્સી) નવી દિલ્હી | તા 16

ઇન્ફિનિક્સ ઇન્ડિયાએ ઇન્ફિનિક્સ GT 50 પ્રો લોન્ચ કરીને તેની GT સિરીઝને પર્ફોર્મન્સ-આધારિત ગેમિંગ સ્માર્ટફોનમાંથી એક સંપૂર્ણ, કનેક્ટેડ ગેમિંગ ઇકોસિસ્ટમ તરફ આગળ વધારી છે. ભારતની પ્રથમ લિક્વિડ-કૂલ્ડ સ્માર્ટફોન-ટુ-કોન્સોલ ગેમિંગ ઇકોસિસ્ટમ તરીકે રજૂ કરવામાં આવેલ GT 50 પ્રો, GT NX કંટ્રોલર, GT NX સ્ટેશન (ડૉક) અને GT MagCharge કુલર 2.0 ને એક જ સંકલિત સેટઅપમાં લાવીને સામાન્ય મોબાઇલ ગેમિંગથી પણ આગળ વધે છે. ઇકોસિસ્ટમ-આધારિત આ અભિગમ સાથે, GT 50 પ્રો ગેમિંગ રમવાની, શોધવાની અને અનુભવવાની અલગ-અલગ રીતોને સપોર્ટ કરવા માટે ડિવાઇસ, ગેમિંગ કન્ટેન્ટ, ઇમર્સિવ ઓડિયો, ક્લાઉડ ગેમિંગ અને કનેક્ટેડ પ્લેટફોર્મને એકસાથે લાવે છે. માત્ર હાર્ડવેર સ્પેસિફિકેશન્સથી આગળ વધીને, ઇન્ફિનિક્સ એક વધુ કનેક્ટેડ ગેમિંગ માહોલ બનાવવાનું લક્ષ્ય રાખે છે જ્યાં પ્લેયર્સ સામાન્ય મનોરંજન, સ્પર્ધાત્મક રમત અને સહિયારા



ગેમિંગ અનુભવો વચ્ચે સરળતાથી સ્વિચ કરી શકે. લોન્ચ અંગે વાત કરતા, ઇન્ફિનિક્સ ઇન્ડિયાના ચીફ માર્કેટિંગ ઓફિસર મિરાજ ગુપ્તાએ જણાવ્યું: "યાદ છે જ્યારે 'બસ એક ગેમ વધુ'નો અર્થ એવો થતો કે દરેક જણ થોડો વધુ સમય સાથે રોકાઈ જતા? GT 50 પ્રો પાછળની મૂળ ભાવના એ જ છે. લિક્વિડ-કૂલ્ડ પર્ફોર્મન્સ ઈ-સ્પોર્ટ્સ માટે એક અલગ જ એજ આપે છે. કોન્સોલ-સ્ટાઈલ કંટ્રોલ અને બિગ-સ્ક્રીન ગેમિંગ તમારા મિત્રો અને પ્લેયર ટુ (સાથીદાર)ને પણ આ રોમાંચમાં સામેલ કરે છે. મીડિયાટેક, ડોલ્બી અને જીઓગેમ્સ સાથે મળીને, અમે ગેમ રમવા, સ્પર્ધા કરવા અને જોડાવા માટેના વધુ રસ્તાઓ ખોલી રહ્યા છીએ.

SpiceJetની ફ્લાઇટ બુક કરાવનારા સાવધાન! દુબઈમાં ચેક-ઈન સેવા અટકાવાઈ, મુસાફરો રઝળ્યાં

(એજન્સી) નવી દિલ્હી | તા 16

દુબઈથી ભારત આવવા-જવા માટે SpiceJetની ફ્લાઇટમાં મુસાફરી કરતા લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. દુબઈ એરપોર્ટ્સે એરલાઇનની ચેક-ઇન સેવા રોકી દીધી છે. અહેવાલો અનુસાર, SpiceJetએ ગ્રાઉન્ડ હેન્ડલિંગ કંપની dnataને આશરે 14 મિલિયન UAE દિરહામ એટલે કે લગભગ 35.85 કરોડ ચૂકવવાના બાકી છે. પેમેન્ટ ન મળવાને કારણે આ પગલું લેવામાં આવ્યું છે.આ મામલાની જાણકારી ધરાવતા લોકોના જણાવ્યા અનુસાર, દુબઈ એરપોર્ટ્સે 12 નવેમ્બરે SpiceJetને ઈ-મેઇલ મોકલીને બાકી પેમેન્ટ અંગે જાણ કરી હતી. ઈ-મેઇલમાં જણાવાયું હતું કે 13 ઓક્ટોબરથી કોઈ પેમેન્ટ કરવામાં આવ્યું નથી અને કુલ બાકી રકમ વધીને 14 મિલિયન દિરહામ થઈ ગઈ છે. એરપોર્ટ સંચાલકે પેમેન્ટની શરતોનું સતત પાલન ન થવાનું કારણ આપીને ચેક-ઇન સેવા રોકવાની જાણ કરી હતી. એરલાઇન સાથે જોડાયેલી આંતરિક માહિતી અનુસાર, 12 નવેમ્બરે દુબઈથી અમૃતસર, જયપુર, મુંબઈ અને દિલ્હી જતી ચાર ફ્લાઇટ રદ કરવામાં આવી હતી.

બીજા ત્રિમાસિક ગાળામાં ઓપરેટિંગ એબિટામાં 62 ટકા અને ચોખ્ખા નફામાં 84 ટકા

ઇન્ટિગ્રેટેડ વેલ્યુ ચેઇનનો ફાયદો મળતાં પ્રથમ છ મહિનામાં રેકોર્ડ કામગીરી

(એજન્સી) પુણે | તા 16

ભારતની અગ્રણી ઇન્ડસ્ટ્રીયલ અને માઇનિંગ કેમિકલ્સ તથા ફર્ટિલાઇઝર ઉત્પાદક કંપનીઓમાંની એક દીપક ફર્ટિલાઇઝર્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ કોર્પોરેશન લિમિટેડ ("DFPCL" or the "Company") 30 સપ્ટેમ્બર, 2026ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળાનાં નાણાંકીય પરિણામો જાહેર કર્યાં છે. નાણાંકીય વર્ષ 2027ના પ્રથમ છ મહિનામાં રેકોર્ડ કામગીરી: કંપનીની કન્સોલિડેટેડ આવક વાર્ષિક ધોરણે 16 ટકા વધીને રૂ. 6,590 કરોડ થઈ છે. ઓપરેટિંગ EBITDA 63 ટકા વધીને રૂ. 1,595 કરોડ અને ચોખ્ખો નફો 93 ટકા વધીને રૂ. 884 કરોડ થયો છે. કંપનીની ઇન્ટિગ્રેટેડ વેલ્યુ ચેઇનની મજબૂતી અને ઇક્વિનોર સાથેના લાંબા ગાળાના ઊર્જા કરારથી મળેલા લાભને કારણે આ કામગીરી શક્ય બની છે.નાણાંકીય વર્ષ 2027ના બીજા ત્રિમાસિક ગાળાના મજબૂત પરિણામો: કંપનીની એકત્રિત આવક વાર્ષિક ધોરણે 11 ટકા વધીને રૂ. 3,334 કરોડ થઈ છે અને અગાઉના ત્રિમાસિક ગાળાની સરખામણીએ તેમાં મોટાભાગે સ્થિરતા રહી છે. ઓપરેટિંગ EBITDAમાં વાર્ષિક ધોરણે 62 ટકાનો વધારો થઈ તે રૂ. 750 કરોડ રહી છે, જ્યારે ચોખ્ખો નફો 84 ટકા વધીને રૂ. 394 કરોડ

તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, કારતક સુદ - 08

એનસીપીના બંને જૂથો એક થશે?

એનસીપી (શરદ પવાર) અને એનસીપી (અજીત પવાર) ફરીથી ભેગા થઈને એક એનસીપી બનાવશે એવી ચર્ચા મહારાષ્ટ્રના રાજકારણમાં થઈ રહી છે. એનસીપી (શરદ પવાર)ના કાર્યકારી પ્રમુખ અને સાંસદ સુપ્રિયા સૂલેએ આ બાબતે નિવેદન આપ્યું છે. એમણે કહ્યું છે કે એમના ભાઈ અજીત પવાર જીવતા હતા ત્યા સુધી બંને જૂથો વચ્ચે વિલયની ચર્ચા ચાલુ રહી હતી. જોકે એમના મૃત્યુ પછી આ ચર્ચા અટકી ગઈ છે. સુલેએ કહ્યું હતું કે, 'મારા ભાઈ જે દિવસે અમને છોડીને ચાલ્યા ગયા હતા એજ દિવસથી વાતચીત અટકી ગઈ હતી.' થોડા દિવસો પહેલા એનસીપીના કેટલાક નેતાઓ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને મળવા ગયા હતા. આ મુલાકાત પછી એનસીપી (અજીત પવાર)ના પ્રમુખ સુનેત્રા પવારએ તમામ ધારાસભ્યોને મળવા બોલાવ્યા હતા. એનસીપીના બંને જૂથોના સિનિયર નેતાઓ ઇચ્છે છે કે ભાજપને ટેકો આપવાને બદલે બંને જૂથો ફરીથી એક થઈ જાય.લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી હૈદ્રાબાદની મુલાકાતે ગયા હતા. એમણે હૈદ્રાબાદની ગીગ વર્કર્સની બાઇક રેલીમાં ભાગ લીધો હતો. તેઓ એક ગીગ વર્કરની બાઇક પાછળ બેસીને રેલીમાં પહોંચ્યા હતા. હૈદ્રાબાદમાં આયોજીત આ બાઇક રેલી શિલ્પકલા રેડીકાથી શરૂ થઈ હતી. હૈદ્રાબાદ જઈને રાહુલ ગાંધીએ 'તેલગાણા ગીગ વર્કર્સ સોશ્યલ સીક્યુરીટી એન્ડ વેલફેર સ્કીમ'નો આરંભ કરાવ્યો હતો. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ ગીગ વર્કર્સને સામાજીક સુરક્ષા આપવાનો અને એમના ભવિષ્ય સુધારવાનો છે. રાહુલ ગાંધીએ ગીગ વર્કર્સ સાથે બેઠક કરી હતી. ગીગ વર્કર્સએ એમની તકલીફો અને દુ:ખ જણાવ્યા હતા. રાહુલે ગીગ વર્કર્સને વચન આપ્યું હતું કે, કોંગ્રેસ પક્ષ એમની તમામ માંગણીઓ મંજૂર કરશે અને ભાજપ જે રીતે ગીગ વર્કર્સને વેઠિયા મજૂર બનાવવા માંગે છે એ થવા દેશે નહીં.અંડરવર્લ્ડમાં મોટુ નામ ગણાતા રવી પુજારીને ભારે પોલીસ બંદોબસ્ત હેઠળ માલ્પે સ્થિત એમના વતનના ઘરે લાવવામાં આવ્યો હતો. માતાના અંતીમ સંસ્કાર માટે એને જેલની બહાર કાઢવામાં આવ્યો હતો. કોર્ટે અંતીમ સંસ્કાર માટે જેલની બહાર જવાની અનુમતી એને આપી હતી. બેંગ્લુરુથી વતન લાવવા માટે જેલ પ્રશાસન અને ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસએ સીક્યુરીટીની વ્યવસ્થા કરી હતી. ઉડુપી જેલમાં રવી પુજારી કેદ હતો એટલે ત્યાના સુરક્ષા કર્મચારીઓ જ એના બંદોબસ્તમાં હતા. કોર્ટના હુકમ પ્રમાણે પોલીસ સુરક્ષાનો સંપૂર્ણ ખર્ચ રવી પુજારીએ ભોગવવો પડશે. અંતીમ સંસ્કાર પુરા થયા પછી ફરીથી એને જેલ ભેગો કરવામાં આવ્યો હતો. રવી પુજારીના ૮૬ વર્ષના માતા સુશીલા પુજારીને હાર્ટ એટેક આવવાથી એમનું મૃત્યુ થયું હતું.ભારતમાં લગભગ ૩.૮૬ કરોડ લોકોને ખબર નથી કે એમને ડાયાબીટીસ થયો છે. કોઈપણ જાતની જાણકારી વગર તેઓ આ બીમારી સાથે જીવી રહ્યા છે અને કોઈ ટ્રીટમેન્ટ લેતા નથી. ચિંતા ફક્ત એટલી નથી કે દેશમાં દર્દીઓની સંખ્યા વધી રહી છે, પરંતુ આ બિમારીને કારણે દેશની અર્થવ્યવસ્થા પર પણ બોજો વધી રહ્યો છે. થયેલા એક આતરરાષ્ટ્રીય અભ્યાસ પ્રમાણે ૨૦૨૦થી ૨૦૫૦ની વચ્ચે ડાયાબીટીસને કારણે ભારતને લગભગ ૧૧.૪ ટ્રીલીયન ડોલર (૧૦૫૪.૫૬ લાખ કરોડ રૂપિયા)નું આર્થિક નુકશાન થઈ શકે છે. આ અંદાજમાં સારવાર અને બીમારીને કારણે કામકાજ પર થતી અસર તેમજ દર્દીઓની સારસંભાળ રાખનાર કુટુંબીજનોનો સમય અને કમાણીના નુકસાનનો સમાવેશ થાય છે. આંતરરાષ્ટ્રીય ડાયાબીટીસ ફેડરેશનના આંકડા પ્રમાણે ભારતમાં ૨૦ થી ૭૯ વર્ષની ઉંમરના લગભગ ૮.૯૮ કરોડ ડાયાબીટીસ દર્દીઓ છે.મદ્રાસ અને કલકત્તાના ભૂતપૂર્વ ન્યાયાધીશ જસ્ટીસ સી એસ કર્ણન તામિલનાડુના કુડ્ડાલોર જિલ્લામાં ૧૨મી જુન ૧૯૫૫ને જન્મેલા કર્ણન એ ૧૯૮૪માં વકીલાત શરૂ કરી હતી અને ૨૦૦૯ના વર્ષમાં મદ્રાસ હાઇકોર્ટમાં જજ બન્યા હતા. તેઓ પોતાના ચુકાદા કરતા બીજા ન્યાયાધીશોના આક્ષેપો, અભૂતપૂર્વ સંઘર્ષ અને કોર્ટની અવમાનનાને કારણે જેલમાં જનાર પહેલા જજ તરીકે જાણીતા રહ્યા હતા. વિવાદોની શરૂઆત મદ્રાસ હાઇકોર્ટમાં એમના પહેલા કાર્યકાળ દરમિયાન થઈ હતી. એમણે આરોપ મૂક્યો હતો કે દલીત હોવાને કારણે ન્યાયતંત્રમાં એમની સાથે ભેદભાવ રાખવામાં આવે છે. ૨૦૧૪માં તત્કાલીન ચીફ જસ્ટીસની કોર્ટમાં સુનાવણી દરમિયાન પણ એમણે હંગામો કરીને જજોની નિમણૂકમાં ગરબડ થતી હોવાનો આક્ષેપ કર્યો હતો. સૌથી મોટું બંધારણીય સકટ ૨૦૧૭માં આવ્યું હતું.

જૂનાગઢના ધારાસભ્યશ્રી સંજય કોરડિયાએ પોતાના માતા-પિતાના વરદહસ્તે જૂનાગઢ વિધાનસભા મતવિસ્તારના નવા જનસંપર્ક કાર્યાલય 'હોકારો'નો શુભારંભ કરાવ્યો.

નરેન્દ્ર દવે જૂનાગઢ



જૂનાગઢ તા.૧૬. દરેક વ્યક્તિના જીવનમાં માતા-પિતાનું સ્થાન સર્વોપરી હોય છે અને તેમના આશીર્વાદથી જ સફળતાના શિખરો સર કરી શકાય છે. આ જ ભારતીય સંસ્કૃતિની પરંપરાને ઉજાગર કરતા, સિંહ અને નરસિંહની પાવન ભૂમિ એવાં જૂનાગઢના ધારાસભ્યશ્રી સંજય કોરડિયાએ પોતાના માતા-પિતાના વરદહસ્તે જૂનાગઢ વિધાનસભા મતવિસ્તારના નવા જનસંપર્ક કાર્યાલય 'હોકારો'નો શુભારંભ તા.૧૫-૧૧-૨૦૨૬ ને રવિવારે કરાવ્યો છે. જૂના બાયપાસ સ્થિત ગેલેક્સી કેપિટલના ચોથા માળે શરૂ કરાયેલા આ કાર્યાલયના માધ્યમથી જનસેવાના સંકલ્પને વધુ સુદ્રઢ બનાવવાનો અને જનતા સાથેના છે આત્મીય સંબંધોને નવી ઊંચાઈ આપવાનો ઉમદા હેતુ રાખવામાં આવ્યો છે. આ પાવન અવસરે માત્ર જૂનાગઢ શહેર જ નહીં, પરંતુ સમગ્ર સોરઠ અને સૌરાષ્ટ્ર પંથક માંથી સંતો-મહંતો, ધર્મગુરુઓ, રાજકીય આગેવાનો, સામાજિક અગ્રણીઓ, ઉદ્યોગપતિઓ, તબીબો, વિવિધ એનજીઓના પ્રતિનિધિઓ તેમજ બહોળી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતાં. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના 'ડિજિટલ ઈન્ડિયા' અને 'સ્વચ્છ ભારત'ના વિઝનને સાકાર કરતું આ 'હોકારો' કાર્યાલય સંપૂર્ણપણે પેપરલેસ અને પ્લાસ્ટિક મુક્ત રાખવામાં આવ્યું છે, જે આજના સમયની માંગ મુજબનું એક આદર્શ મોડેલ છે. અહીં નાગરિકોની સુવિધા માટે સરકારની તમામ લોકકલ્યાણકારી યોજના ઓના ફોર્મ સ્થળ પર જ વિનામૂલ્યે ભરી આપવાની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે, જેથી સામાન્ય જનતાને કચેરીઓના ધક્કા ન ખાવા પડે. આ ઉપરાંત, આ અદ્યતન કાર્યાલયમાં ઝડપી સંવાદ માટે વીડિયો કોન્ફરન્સ રૂમ, મીડિયા અને જાહેર સંવાદ માટે ખાસ ઈન્ટરવ્યુ સ્ટુડિયો, જ્ઞાનવર્ધન માટે સમૃદ્ધ લાઈબ્રેરી તેમજ પ્રેરણાદાયી અને જાગૃતિલક્ષી કાર્યક્રમો દર્શાવવા માટે મિની સિનેમા જેવી આધુનિક સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે, આથી રાજ્યનું એક અનોખું અને હાઈટેક જનસંપર્ક કાર્યાલય બન્યુ છે.

જૂનાગઢમાં આયુષ પદ્ધતિથી સર્વરોગ નિદાન અને સારવાર કેમ્પ યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૬. સરકારશ્રીની આયુષ સેવાઓ જન જન સુધી પહોંચાડવાના હેતુથી નિયામકશ્રી, આયુષ, ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ જિલ્લા આયુર્વેદ અધિ.શ્રી, જૂનાગઢ દ્વારા જૂનાગઢના દોલતપરા સ્થિત શ્રી રોકડિયા હનુમાન મંદિર, જીઆઈડીસી-૧ ખાતે સર્વરોગ આયુષ નિદાન- સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કેમ્પમાં દોલતપરા, ખામધ્રોળ સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારો તેમજ ઔદ્યોગિક વિસ્તારના નાગરિકોએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી આયુષ સેવાઓનો લાભ લીધો હતો.કેમ્પ અંતર્ગત કુલ ૧૮૨ નાગરિકોએ આયુષ નિદાન અને સારવારનો લાભ લીધો હતો, જ્યારે ૩૨૦ નાગરિકોને સ્વાસ્થ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત ૩૦૦ લાભાર્થીઓને અમૃતપેય ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું તથા ૩૦૦ લાભાર્થીઓને રોગપ્રતિકારક ઔષધિઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

નવેમ્બર મહિનામાં પ્રાકૃતિક કૃષિ પદ્ધતિથી જીરાના પાકનું મળે છે શ્રેષ્ઠ ઉત્પાદન

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ, તા.૧૬, નવેમ્બર મહિનો મસાલા પાકોના રાજા ગણાતા જીરુંના વાવેતર માટે સૌથી યોગ્ય સમય ગણાય છે. જીરુંના પાકમાં સામાન્ય રીતે રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓ પાછળ ખેડૂતોને મોટો ખર્ચ થતો હોય છે, પરંતુ જો પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવવામાં આવે તો નહિવત ખર્ચે ગુણવત્તાયુક્ત અને ઉત્તમ ઉત્પાદન મેળવી શકાય છે. નવેમ્બર મહિનાનું પ્રથમ પખવાડિયું જીરુંની વાવણી માટે શ્રેષ્ઠ છે. ગુજરાત જીરું-૪ (GC-4) જેવી રોગપ્રતિકારક જાતની પસંદગી કરવી હિતાવહ છે. જીરુંના પાકમાં સુકારો અને કાળીયો જેવા ફૂગજન્ય રોગો અટકાવવા માટે વાવણી પહેલાં બિયારણને 'બીજામૃત' નો પટ આપી છાંયડામાં સૂકવીને વાવેતર કરવું. વાવણી સમયે એકર દીઠ ૨૦૦ કિલો ઘન જીવામૃત જમીનમાં આપવું. ત્યારબાદ પિયતની સાથે એકર દીઠ ૨૦૦ લિટર પ્રવાહી જીવામૃત આપવાથી છોડનો વિકાસ મજબૂત થાય છે અને દાણા ભરાવદાર બને છે. જીરુંમાં મોલોમશી, થ્રિપ્સ અને ચરમી (કાળીયો) જેવા રોગોના નિયંત્રણ માટે રાસાયણિક દવાઓને બદલે 'દશપર્ણી અર્ક', 'નીમાસ્ત્ર' અથવા ખાટી છાશનો છંટકાવ કરવો અત્યંત અસરકારક રહે છે. ખાટી છાશના છંટકાવથી ફૂગજન્ય રોગો સામે કુદરતી રક્ષણ મળે છે.જીરું એ ઓછા પાણીએ થતો પાક છે.

મોરજરમાં આહીર સમાજનો ભવ્ય શૈક્ષણિક મહોત્સવ યોજાયો

• પશ્ચિમ કચ્છ આહીર યુવક મંડળના 15મા સરસ્વતી સન્માન સમારોહમાં 200 જેટલા તેજસ્વી વિદ્યાર્થી ભાઈ-બહેનોનું સન્માન કરી ઉજ્જવળ ભવિષ્ય માટે પ્રોત્સાહિત કરાયા





જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

શિક્ષણ એ સમાજના ઉત્કર્ષ અને ઉજ્જવળ ભવિષ્યનો મજબૂત પાયો છે, ત્યારે પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવાના ઉમદા હેતુ સાથે નખત્રાણા તાલુકાના મોરજર ગામે પશ્ચિમ કચ્છ આહીર યુવક મંડળ દ્વારા 15મો સરસ્વતી સન્માન સમારોહ ભવ્ય રીતે યોજાયો હતો. આ પ્રસંગે શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ સિદ્ધિઓ હાંસલ કરનાર સમાજના આશરે 200 જેટલા તેજસ્વી વિદ્યાર્થી ભાઈ-બહેનોનું સન્માન કરી તેમની મહેનત, લગન અને પ્રતિભાને બિરદાવવામાં આવી હતી.

કાર્યક્રમમાં મોરજર અખાડાના પરમ પૂજ્ય મહંત શ્રી દિલીપરાજા કાપડી, ભારતીય જનતા પાર્ટીના કચ્છ જિલ્લા અધ્યક્ષ દેવજીભાઈ વરચંદ, ગોવર્ધન કન્યા છાત્રાલયના પ્રમુખ ત્રિકમભાઈ, યદુનંદન એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ રણછોડભાઈ આહીર, ઉદ્યોગપતિ તથા ભુજોડી કન્યા છાત્રાલયના પ્રમુખ બાબુભાઈ હુબલ, જિલ્લા પંચાયત વિરોધ પક્ષના નેતા રાજેશભાઈ આહીર, જામનગરના જિલ્લા સહાયક નિરીક્ષક વર્ગ-1 અધિકારી વિક્રમભાઈ ખુંગલા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ભુજના વર્ગ-2 અધિકારી કરશનભાઈ ઢીલા, સમાજના પ્રમુખ હમીરભાઈ આહીર સહિત સમાજના વડીલો, યુવાનો અને સામાજિક-રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ વિદ્યાર્થીઓને શિક્ષણનું મહત્વ સમજાવી જીવનમાં ઉચ્ચ લક્ષ્યાંકો હાંસલ કરવા, મહેનત અને આત્મવિશ્વાસ સાથે આગળ વધવા તેમજ પોતાની સિદ્ધિઓથી પરિવાર, સમાજ અને દેશનું નામ રોશન કરવા પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું.સમાજની નવી પેઢીને શિક્ષણના માર્ગે આગળ વધારવા અને તેજસ્વી પ્રતિભાઓને યોગ્ય પ્રોત્સાહન પૂરું પાડવાના ઉમદા આશયથી યોજાયેલા આ સમારોહને સફળ બનાવવા પશ્ચિમ કચ્છ આહીર યુવક મંડળના પ્રમુખ રમેશભાઈ તથા તેમની સમગ્ર ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.શિક્ષણનું સન્માન એ સમાજના ઉજ્જવળ ભવિષ્યનું સન્માન છે, તેવો પ્રેરણાદાયી સંદેશ આ સમારોહે આપ્યો હતો.

૧૦૮ એમ્બ્યુલન્સની સરાહનીય કામગીરી,આહવા પાસે બ્રીચ ડિલિવરીની જટિલ સ્થિતિમાં સફળ પ્રસૂતિ



ડાંગ | ગુજરાતની જીવાદોરી સમાન ૧૦૮ ઇમરજન્સી એમ્બ્યુલન્સ સેવાએ વધુ એક વખત પોતાની ઉત્કૃષ્ટ અને માનવતાવાદી સેવાના દર્શન કરાવ્યા છે. આહવાથી વલસાડ સિવિલ હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવેલ ગર્ભવતી મહિલા દીપિકાબેન રામદાસભાઈ સૂર્યવંશીને રસ્તામાં અચાનક જ ગંભીર અને જટિલ પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો હતો.જ્યારે એમ્બ્યુલન્સ કુર્કસ ગામ નજીક પહોંચી, ત્યારે ગર્ભવતી મહિલાને બ્રીચ પ્રેઝન્ટેશન (બ્રીચ ડિલિવરી) જેવી અત્યંત જોખમી અને ગંભીર સમસ્યા સર્જાઈ હતી.આ કટોકટીની પળોમાં જરાય ઘબરાયા વગર, EMT અંકિતભાઈ ગાયકવાડ અને પાયલોટ દિનકરભાઈ પટેલે પોતાની અદ્ભુત કુશળતા, વ્યાવસાયિકતા અને સમયસૂચકતા દાખવી હતી. તેમણે ત્વરિત પગલાં રૂપે અમદાવાદ સ્થિત ERCP ડૉ. રામાની સાહેબનો સંપર્ક સાધી તેમની માર્ગદર્શક તબીબી સલાહ મેળવી હતી.ડોક્ટરની સલાહ મુજબ દર્દીને તાત્કાલિક ઓક્સિજન, જરૂરી ઈન્જેક્શન અને સલાઈનની બોટલ ચડાવવામાં આવી હતી. ત્યારબાદ એમ્બ્યુલન્સની અંદર જ ખૂબ જ સાવચેતીપૂર્વક સફળ પ્રસૂતિ કરાવવામાં આવી હતી,જેના કારણે માતા અને બાળક બંનેનો જીવ બચી ગયો હતો. પ્રસૂતિ બાદ માતા અને નવજાત શિશુ બંનેને વધુ અને સુરક્ષિત સારવાર માટે નજીકની CHC વઘઈ ખાતે ખસેડવામાં આવ્યા હતા.આ અકલ્પનીય અને સમયસરની મદદથી અત્યંત પ્રભાવિત થયેલા દર્દીના પતિએ ૧૦૮ના કર્મચારીઓ - EMT અંકિતભાઈ ગાયકવાડ અને પાયલોટ દિનકરભાઈ પટેલની સરાહનીય કામગીરીને બિરદાવીને તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.

મહારાષ્ટ્ર રાજ્ય હિન્દી સાહિત્ય અકાદમી દ્વારા મુંબઈમાં પત્રકારત્વ પરિસંવાદનું સફળતાપૂર્વક આયોજન





• પંડિત બાબુરાવ વિષ્ણુ પરાડકરના આદર્શોને અનુસરવાની જરૂરિયાત પર ભાર

મુંબઈ | હિન્દી પત્રકારત્વના ભીષ્મ પિતામહ તરીકે જાણીતા પંડિત બાબુરાવ વિષ્ણુ પરાડકરની જન્મજયંતિ નિમિત્તે, મહારાષ્ટ્ર રાજ્ય હિન્દી સાહિત્ય અકાદમી દ્વારા એક દિવસીય પત્રકારત્વ પરિસંવાદનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું. વિવિધ વક્તાઓએ પંડિત પરાડકરના આદર્શો અને ઉપદેશોને અનુસરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.આ યાદગાર પરિસંવાદ રવિવાર, 15 નવેમ્બર, 2026 ના રોજ સાંજે મુંબઈના વિલે પાર્લે સ્થિત મીઠીબાઈ કોલેજના જુહુ જાગૃતિ ઓડિટોરિયમ ખાતે યોજાયો હતો. દીપપ્રાગટ્ય, વંદે માતરમના પાઠ અને મહારાષ્ટ્ર રાજ્ય ગીત સાથે શરૂ થયેલા આ પરિસંવાદમાં ખાસ મહેમાન, ફિલ્મ સિટીના ભૂતપૂર્વ ઉપાધ્યક્ષ અને વરિષ્ઠ રાજકારણી અમરજીત મિશ્રાએ હાજરી આપી હતી, જેમણે જણાવ્યું હતું કે પંડિત બાબુરાવ વિષ્ણુ પરાડકરના સ્વપ્નદ્રષ્ટા વિચારો આજે પણ સુસંગત છે, અને સમકાલીન પત્રકારોએ તેમાંથી પ્રેરણા લેવી જોઈએ. સ્વદેશ અખબાર જૂથના જૂથ સંપાદક ડૉ. અતુલ તારેએ 'આજની માહિતી પ્રણાલીમાં પત્રકારત્વમાં વિશ્વાસ: એક પડકાર તેમજ તક' વિષય પર એક આકર્ષક અને પ્રભાવશાળી વ્યાખ્યાન આપ્યું હતું. જય મહારાષ્ટ્ર મરાઠી ન્યૂઝ ચેનલના સંપાદક પ્રસાદ કાઠેએ 'સોશિયલ મીડિયાના યુગમાં પત્રકારત્વની વિશ્વસનીયતા' વિષય પર સમજદારીભર્યા વિચારો શેર કર્યા હતા. પુણેના વરિષ્ઠ સાહિત્યકાર અને ભૂતપૂર્વ પત્રકાર શ્રીમતી સમીક્ષા તૈલંગે 'હિન્દી પત્રકારત્વના આદર્શો અને પરાડકરનું પત્રકારત્વ દ્રષ્ટિ' વિષય પર એક વિવેચનાત્મક વ્યાખ્યાન રજૂ કર્યું હતું. પરિસંવાદનું સંચાલન પ્રખ્યાત ગીતકાર અને મીડિયા અને જનસંપર્ક સલાહકાર ગજાનન મહતપુરકર દ્વારા સુંદર રીતે કરવામાં આવ્યું હતું. શરૂઆતમાં, મહારાષ્ટ્ર રાજ્ય હિન્દી સાહિત્ય અકાદમીના સહ-નિર્દેશક અને સભ્ય સચિવ સચિન નિમ્બાલકરે તમામ પ્રતિષ્ઠિત મહેમાનોનું શાલ, સ્મૃતિચિહ્નો અને પુસ્તકો આપીને સ્વાગત કર્યું. તેમણે પરિસંવાદનો પરિચય કરાવ્યો અને મહારાષ્ટ્ર રાજ્ય હિન્દી સાહિત્ય અકાદમીની વિવિધ મુખ્ય પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી. અંતે, અકાદમીના પ્રતિનિધિ અંકિત ગુપ્તાએ સૌનો આભાર માન્યો. રાષ્ટ્રગીત સાથે સમાપ્ત થયેલા પરિસંવાદમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, પત્રકારો અને સાહિત્ય પ્રેમીઓ હાજર રહ્યા હતા.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ખાતે નૂતન વર્ષનો સ્નેહમિલન સમારોહ યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ



જૂનાગઢ તા.૧૬, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ખાતે કુલપતિ પ્રો.પ્રતાપસિંહ ચૌહાણના અધ્યક્ષસ્થાને નૂતન વર્ષ સ્નેહ મિલન કાર્યક્રમ વિક્રમ સંવતના નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવવાના હેતુથી સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે યુનિવર્સિટી ના કુલસચિવશ્રી ડો. આર.જી. પરમાર, વિવિધ વિદ્યાશાખાના ડીનશ્રીઓ, ભવનોના અધ્યક્ષ શ્રીઓ, પ્રાધ્યાપકો, વહીવટી કર્મચારીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સૌએ એકબીજાને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી પરસ્પર સૌહાર્દ અને એકતાની ભાવના વ્યક્ત કરી હતી. કાર્યક્રમના અધ્યક્ષસ્થાનેથી ઉદ્બબોધન કરતાં કુલપતિ પ્રો. પ્રતાપસિંહ ચૌહાણે સૌને નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ પાઠવી જણાવ્યું હતું કે, નવું વર્ષ નવી ઊર્જા, નવા સંકલ્પો અને હકારાત્મક અભિગમ સાથે આગળ વધવાનો અવસર છે. યુનિવર્સિટીના શૈક્ષણિક અને વહીવટી વિકાસમાં દરેક કર્મચારી અને અધ્યાપકનો ફાળો અત્યંત મહત્વપૂર્ણ છે. આવનારા વર્ષમાં આપણે સૌ સાથે મળીને શિક્ષણની ગુણવત્તાને નવી ઊંચાઈએ લઈ જવા અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે કટિબદ્ધ બનીએ. કુલપતિશ્રીએ આગામી આયોજનો ની રૂપરેખા આપતા ઉમેર્યું હતું કે, નવા વર્ષમાં યુનિવર્સિટીના રમત- ગમતના મેદાનો ઝડપથી તૈયાર થાય, નવા બિલ્ડિંગોના બાંધકામ અંગેની ટેન્ડર પ્રક્રિયામાં ગતિ આવે અને જરૂરી સ્ટાફની ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય તે લક્ષ્ય રહેશે. વધુમાં, યુનિવર્સિટીના શૈક્ષણિક અને વહીવટી કાર્યો વધુ સુદ્રઢ અને બળવત્તર બને તે દિશામાં સૌ સાથે મળીને સહિયારા પ્રયાસોથી કાર્યને ગતિ આપે તેવી મંગળ કામના તેમણે વ્યક્ત કરી હતી. આ પ્રસંગે ઉપસ્થિત એક્ઝિક્યુટિવ કાઉન્સિલ ના રાજુભાઈ વાડોદરીયા, દિનાબેન લોઢીયા, બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યો, વિવિધ વિદ્યાભવનના વિભાગાધ્યક્ષ સર્વશ્રી ડો.સુહાસ વ્યાસ, ડો.ભાવસિંહ ડોડીયા, પ્રો. ફિરોઝ શેખ, પ્રો.નવલભાઇ કપુરીયા, પરીક્ષા નિયામક ડો.ડી. એચ. સુખડીયા,હિસાબી અધિકારી ડો.કિર્તીબા વાઘેલા, આસી. રજીસ્ટ્રાર ડો.મયંક સોની, શ્રી હમીરભાઈ મોઢવાડીયા, સહિત વહીવટી અધિકારી-કર્મચારીઓને આવકારી રજીસ્ટ્રાર ડો.રમેશભાઈ પરમારે નૂતન વર્ષના નવા સંકલ્પો સાકાર કરવા પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, આગામી વર્ષમાં યુનિવર્સિટીના વિકાસ કાર્યોને વધુ વેગ મળે તે અત્યંત જરૂરી છે.

ગિરનાર લીલી પરિક્રમા દરમિયાન ટ્રાફિક નિયમન માટે તા. ૧૯થી ૨૪ નવેમ્બર સુધી વિવિધ સ્થળોએ યાત્રાળુઓ માટે જાહેર અને ખાનગી પાર્કિંગ વ્યવસ્થા નિયત કરાઈ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૬ જૂનાગઢના ગિરનારની ગોદમાં દર વર્ષે કારતક સુદ અગિયારસથી પૂનમ સુધી પરંપરાગત ગિરનાર લીલી પરિક્રમા નું આયોજન થાય છે. આ પરિક્રમા માં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને યાત્રાળુઓ ભવનાથ ખાતે ઉમટી પડતા હોવાથી ભવનાથ તળેટી વિસ્તારમાં વાહનોની અવરજવર અને પાર્કિંગનું યોગ્ય નિયમન જળવાઈ રહે તેમજ ટ્રાફિકની સમસ્યા અને અકસ્માતો નિવારી શકાય તે હેતુથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જાહેરનામા મુજબ તા.૧૯-૧૧-૨૦૨૬ થી તા. ૨૪-૧૧-૨૬ સુધી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ખાસ પાર્કિંગ વ્યવસ્થા કરવામાં આવી છે જાહેર પાર્કિંગ સ્થળોમાં નીચલા દાતાર પાસે ખુલ્લી જગ્યામાં તમામ પ્રકારના વાહનો માટે અને જિલ્લા પંચાયત ગેસ્ટ હાઉસ સામે ટુ વ્હિલર પ્રકાર ના વાહનોનું પાર્કિંગ રાખવામાં આવ્યું છે.ખાનગી પાર્કિંગ માટેના સ્થળોમાં શ્રી શશીકાંતભાઈ દવેની વાડી (મજેવડી દરવાજાથી ભરડા વાવ રોડ, જિલ્લા જેલની વાડી પાસે માત્ર ફોર વ્હિલર વાહનો માટે), શ્રી જીવરાજભાઈ ઓધવજીભાઈ સોલંકીની વાડી મહાસાગર ટ્રાવેલ્સની બાજુમાં દાસભાઈની વાડી, જિલ્લા જેલ વાડી પાસેની જગ્યા, શ્રી કાળુભાઈ સુખવાણીની વાડી (જમાલવાડી), પાર્થે સતીષભાઈ વિરડાની વાડી, મજેવડી-ભવનાથ તરફ જતા રસ્તે, ડોલરભાઈ કોટેચાની વાડી, જૂના દારુખાનાથી મજેવડી-ભરડાવાવ તરફ જતા રસ્તે, વાઘેશ્વરી મંદિર પાર્કિંગ, લિયો ફર્ન હોટેલ સામે, પાંજરાપોળ ગૌ-શાળા શ્યામવાડી સામે, કાળવા ચોકથી ગિરનાર દરવાજા તરફ જવાના રસ્તે તમામ પ્રકારના વાહનો માટે ખાનગી પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવી છે. આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સામે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૧૩૧ હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. જૂનાગઢના ગિરનારની ગોદમાં દર વર્ષે કારતક સુદ અગિયારસથી પૂનમ સુધી પરંપરાગત ગિરનાર લીલી પરિક્રમાનું ભવ્ય આયોજન કરવામાં આવે છે. આ પરિક્રમામાં રાજ્યભરમાંથી લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને યાત્રાળુઓ ભવનાથ તળેટી ખાતે ઉમટી પડતા હોવાથી, વિસ્તારમાં વાહનોની અવરજવર અને પાર્કિંગનું યોગ્ય નિયમન જળવાઈ રહે તે અત્યંત આવશ્યક છે. ટ્રાફિકની સમસ્યા અને માર્ગ અકસ્માતો નિવારી શકાય તે હેતુથી જૂનાગઢના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી દ્વારા એક મહત્વપૂર્ણ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.જૂનાગઢ ભવનાથ તળેટી ટ્રાફિક જાહેરનામું નો અમલ ચુસ્તપણે કરાવવા તંત્ર સજ્જ બન્યું છે. વહીવટી તંત્ર દ્વારા સ્પષ્ટ તાકીદ કરવામાં આવી છે કે આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈ પણ વાહનચાલક કે વ્યક્તિ સામે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૧૩૧ હેઠળ કાયદેસરની શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

મુખ્યમંત્રીશ્રીના સંભવિત દાહોદ જિલ્લા પ્રવાસના સુચારુ આયોજન અંગે કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ

દિપક રાવલ દાહોદ લીમખેડા



દાહોદ જિલ્લાના ગરબાડા અને ધાનપુર તાલુકા ખાતે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રીના સંભવિત જિલ્લા પ્રવાસને અનુલક્ષીને કાર્યક્રમના સુચારુ આયોજન, જરૂરી પૂર્વ તૈયારીઓ તેમજ વિવિધ વિભાગો વચ્ચે સંકલન સાધવા અંગે કલેકટરશ્રી સુરભિ ગૌતમના અધ્યક્ષ સ્થાને કલેકટર કચેરી, સભાખંડ હોલ ખાતે બેઠક યોજાઈ હતી.

બેઠકમાં મુખ્યમંત્રીશ્રીના સંભવિત પ્રવાસ દરમિયાન કાર્યક્રમ સ્થળોની વ્યવસ્થા, સુરક્ષા, વાહન વ્યવહાર, સ્વચ્છતા, પીવાના પાણીની સુવિધા, મંચ વ્યવસ્થા સહિતની વિવિધ આનુષંગિક બાબતો અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

આ ઉપરાંત, પ્રવાસ દરમિયાન કોઈપણ પ્રકારની અવ્યવસ્થા ન સર્જાય અને તમામ વ્યવસ્થાઓ સમયસર પૂર્ણ થાય તે માટે સંબંધિત વિભાગોના અધિકારીઓને જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીના સંભવિત જિલ્લા પ્રવાસને સફળ, સુવ્યવસ્થિત અને સુચારુ બનાવવા માટે તમામ સંબંધિત વિભાગોએ પરસ્પર સંકલન સાથે કામગીરી હાથ ધરવા બેઠકમાં ભાર મૂકવામાં આવ્યો હતો.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી હિરેન બારોટ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામકશ્રી પલ્લવી બારૈયા, નિવાસી અધિક કલેકટરશ્રી જે. એમ. રાવલ, નાયબ પોલીસ અધિક્ષકશ્રી ભંડારી સહિત અન્ય સંકલન અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગિરનાર લીલી પરિક્રમામાં અન્નક્ષેત્રો પ્લાસ્ટિક મુક્ત રાખવા વન વિભાગ ની અપીલ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૬ જૂનાગઢમાં આગામી તા.૨૦થી ૨૪ નવેમ્બર દરમિયાન યોજાનારી ગિરનાર લીલી પરિક્રમામાં લાખો શ્રદ્ધાળુઓ ઉમટવાના છે, ત્યારે પરિક્રમા માર્ગ પર સ્વચ્છતા જળવાઈ રહે અને વન્યજીવોને નુકસાન ન પહોંચે તે માટે વન વિભાગ દ્વારા અપીલ કરવામાં આવી છે. પરિક્રમા દરમિયાન અન્નક્ષેત્રોનું સંચાલન કરતી સ્વૈચ્છિક સંસ્થાઓએ પ્લાસ્ટિકમુક્ત વ્યવસ્થા સુનિશ્ચિત કરવા અને પરવાનગીની શરતોનું ચુસ્તપણે પાલન કરવા અનુરોધ કરાયો છે. ગિરનાર લીલી પરિક્રમા દરમિયાન દર વર્ષે વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા શ્રદ્ધાળુઓની સુખાકારી અને ભોજન-પ્રસાદની વ્યવસ્થા માટે અન્નક્ષેત્રો શરૂ કરવામાં આવે છે. આ અન્નક્ષેત્રોના સંચાલકોએ પરવાનગીમાં દર્શાવેલી તમામ શરતોનું પાલન કરવાનું રહેશે.આ ઉપરાંત, ગુજરાત હાઈકોર્ટ દ્વારા PIL નં. ૦૬/૨૦૨૩ ના કેસમાં આપવામાં આવેલા દિશાનિર્દેશો તથા અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા. ૨૫/૦૧/૨૦૦૦ ના હુકમ અનુસાર વન્યપ્રાણી અભયારણ્ય અને રાષ્ટ્રીય ઉદ્યાન વિસ્તારમાં પ્લાસ્ટિક ની વસ્તુઓ, પેકિંગ મટિરિયલ સહિતની પ્લાસ્ટિક બનાવટો લઈ જવા તથા તેનો ગમે ત્યાં ફેંકવા પર પ્રતિબંધ છે. ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગના તા. ૨૨/૦૫/૨૦૧૯ના પરિપત્ર અન્વયે પણ અભયારણ્ય અને રાષ્ટ્રીય ઉદ્યાન વિસ્તારમાં પ્લાસ્ટિકની બનાવટો લઈ જવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. પ્લાસ્ટિક પ્રતિબંધના નિયમોનો ભંગ કરનાર સામે વન્યજીવ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૭૨ની કલમ ૨૯ તથા ૩૫ હેઠળ ગુનો બને છે અને મહત્તમ દંડનીય કાર્યવાહી થઈ શકે તેમ હોય તે બાબતે ધ્યાને લઈ સ્વચ્છતા જળવાઈ રહે તે માટે તકેદારી રાખવા નાયબ વન સંરક્ષકશ્રી, જૂનાગઢની યાદીમાં જણાવ્યું છે.

ગિરનાર પરિક્રમા-૨૦૨૬:યાત્રાળુ ઓની સુખાકારી માટે સાત સ્થળો એ સરકારી દવાખાના કાર્યરત થશે

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ,તા.૧૬ જૂનાગઢ ખાતે આગામી તા.૨૦/૧૧/૨૦૨૬ થી તા.૨૪/૧૧/૨૦૨૬ દરમિયાન યોજાનાર પરંપરાગત પરિક્રમામાં લાખોની સંખ્યામાં યાત્રાળુઓ પગપાળા જોડાનાર છે. યાત્રાળુ ઓના આરોગ્યની સુરક્ષા માટે જિલ્લા પંચાયત આરોગ્ય શાખા દ્વારા પરિક્રમાના મુખ્ય પડાવો જેવા કે જીણા બાવાની મઢી, સરકડીયા, માળવેલા, બોરદેવી, ભવનાથ વિસ્તાર તેમજ માળવેલા ઘોડી અને નળપાણીની ઘોડી ખાતે સરકારી દવાખાનાઓ કાર્યરત કરવામાં આવશે. યાત્રા દરમિયાન કોઈ બીમારીનો ભોગ ન બને તે માટે શ્રદ્ધાળુઓને આરોગ્યપ્રદ તકેદારી રાખવા જણાવાયું છે. ખાસ કરીને, ખુલ્લામાં વેચાતા આરોગ્યને હાનિકારક ફરસાણ, વાસી કે પડતર ફળો અને બિનઆરોગ્યપ્રદ ખાણી-પીણીની ચીજવસ્તુઓનું સેવન ટાળવું. આ ઉપરાંત, નદી- નાળા કે અન્ય અશુદ્ધ પાણી પીવાને બદલે માત્ર ક્લોરીનેશન કરેલું શુદ્ધ પાણી જ પીવાના ઉપયોગમાં લેવા ખાસ અનુરોધ કરવામાં આવે છે. વધુમાં, પરિક્રમા ના રસ્તાઓ અત્યંત કઠિન ચઢાણ વાળા અને વધુ શારીરિક શ્રમ માંગી લે તેવા હોવાથી, ભૂતકાળમાં વયોવૃદ્ધ અને હૃદયરોગની તકલીફ ધરાવતા યાત્રાળુઓને ઘોડીના રસ્તાઓ પર ગંભીર તકલીફો પડવાના તથા મૃત્યુના બનાવો બનવા પામ્યા છે. આ બાબતને ધ્યાને લઈ, વયોવૃદ્ધ વ્યક્તિઓ અને હૃદયની બીમારી ધરાવતા નાગરિકોને ગિરનાર પરિક્રમા ન કરવા માટે નમ્ર અપીલ કરવામાં આવે છે. કોઈ પણ આકસ્મિક સંજોગો કે તબીબી જરૂરિયાત ઊભી થાય તો તાત્કાલિક રૂટ પર ઊભા કરાયેલા નજીકના સરકારી દવાખાનાનો સંપર્ક કરવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.મનોજ સુતરીયા, જિલ્લા પંચાયત, જૂનાગઢદ્વારા એક યાદીમાં જણાવાયું છે.

સંગઠન, શિક્ષણ અને સામાજિક એકતાનો મહાસંગમ

પાનમ કાંઠા વણકર વિકાસ મંડળ દ્વારા 'વીર મેઘમાયા સાંસ્કૃતિક ભવન'નું ભવ્ય લોકાર્પણ

જગદીશ ત્રિવેદી | મહીસાગર



મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકામાં વિરણીયા ચોકડી, ભાણપુર પિકઅપ સ્ટેન્ડ નજીક પાનમ કાંઠા વણકર વિકાસ મંડળ તથા ચૌદ ગામ વણકર સમાજના સંયુક્ત ઉપક્રમે નવનિર્મિત 'વીર મેઘમાયા સાંસ્કૃતિક ભવન અને કોમ્યુનિટી હોલ'નું ભવ્ય લોકાર્પણ, દાનદાતાઓનું સન્માન અને નવા વર્ષના સ્નેહમિલનનો કાર્યક્રમ અત્યંત ગૌરવપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયો હતો.

આ ઐતિહાસિક અવસરે સમારંભના અધ્યક્ષ તરીકે ઝાંઝરકાના મહંત શ્રી શંભુનાથ ટુડિયા, મુખ્ય મહેમાન તરીકે ધારાસભ્ય શ્રી ગુલાબસિંહ એસ. ચૌહાણ અને અતિથિ વિશેષ તરીકે શ્રી અરવિંદભાઈ બારિયા ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત કેસરડી જોધલપીર બાપાની ગાદીના મહંત શ્રી પુરુષોત્તમદાસ બાપુ, જોધલવંશી લાલદાસ બાપુ, રનોડાના સંત શ્રી પ્રહલાદ બાપુ અને સંત બાલકદાસજી સહિતના સંતોએ ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવ્યા હતા. સંતો અને મહાનુભાવોએ પરિસરમાં સ્થાપિત વીર મેઘમાયા, સંત કબીર સાહેબ, સંત જોધલપીર, સંત સવૈયાનાથ, ભગવાન બુદ્ધ, મહાત્મા જ્યોતિબા ફૂલે, સાવિત્રીબાઈ ફૂલે અને રામાપીર દેવની પ્રતિમાઓને ભાવપૂર્વક પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

સમારોહમાં ભવનના નિર્માણમાં યોગદાન આપનાર દાનવીરોનું વિશેષ સન્માન કરાયું હતું. મહાનુભાવોએ સમાજમાં શિક્ષણ, સંગઠન અને સામાજિક જાગૃતિના મહત્વ પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, આ નવનિર્મિત ભવન આગામી સમયમાં સમાજના શૈક્ષણિક, સામાજિક અને સાંસ્કૃતિક વિકાસનું મુખ્ય કેન્દ્ર બનશે. કાર્યક્રમને સફળ બનાવવા મંડળના પ્રમુખ શ્રી રામજીભાઈ એન. વણકર, મંત્રી શ્રી રમણભાઈ, સહમંત્રીશ્રી કાલિદાસ વણકર, સલાહકાર લીંબાભાઈ વણકર તેમજ તમામ કારોબારી સભ્યોએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી તથા કારોબારી સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી. આ સમગ્ર આયોજન સમાજની એકતા અને સામૂહિક પ્રગતિનું પ્રેરણાદાયી ઉદાહરણ બની રહ્યું હતું.

અન્યો માટેનો કલ્યાણભાવ પણ ભજન છે: મોરારિબાપુ



ડાકોર (તખુભાઇ સાંડસુર દ્વારા)

પૂ. મોરારિબાપુના વ્યાસાસને કથાની પદ્ધતિઓના જે રીતે સાથિયા રચાયા છે. તેમાં ઘણાં સમય પહેલા બાપુએ પોતાનો ભાવ વ્યક્ત કરેલો કે આપણે સમગ્ર ભારતનો એક સ્વસ્તિક રચવો છે.આ વિચારને મૂર્ત કરવા બાપુએ ઉતરથી દક્ષિણ તરફનું પહેલું ચરણ 5/10 પ્રારંભ કરીને 23,ઓક્ટોબરના રોજ કન્યાકુમારી થી કેદારની પહેલી રેખા ખેંચવામાં આવી .આજ સિલસિલામાં બીજી રેખા પશ્ચિમથી પૂર્વ તરફની ખેંચાઈને દ્વારિકા થી જગન્નાથપુરીની યાત્રા યોજાઈ રહી છે. તારીખ 14 નવેમ્બર દ્વારિકા અને 15 નવેમ્બર સોમનાથ પછી આજે 16 નવેમ્બરના રોજ ભારત સ્વસ્તિક યાત્રાનું તૃતીય ચરણ ડાકોરના ઠાકોરના શરણે ગાન કરવામાં આવ્યું. પૂ. મોરારિબાપુએ પોતાની વાણીને મુખર કરતા કહ્યું કે આ ડાકોર ધામ સાથે મારી અનેક સ્મૃતિઓ સ્મરણો જોડાયેલા છે. તેથી ડાકોર ભગવાનના શરણે આવીને આપણે આ સ્વસ્તિક પુરી રહ્યા છીએ. ભૂતકાળમાં બાપુને મળતી દક્ષિણાનો ઉલ્લેખ કરીને બાપુએ એક વખત ઈન્દિરાબેનની કથામાંથી તેમને રું 1000 દક્ષિણા મળેલી તેની પણ સ્મૃતિ કરી હતી.સાધુ કદી ઉગ્ર ન થાય વ્યગ્ર થાય. સાધુનો ભૈરવ ભજન છે તો તેની સુરક્ષા જરૂર થશે. બીજાનું કલ્યાણ બીજાનું શુભ વિચારે તે પણ એક ભજન છે. ભગવાન રામ લક્ષ્મણ જાનકી જ્યારે ગંગા તટે જાય છે અને હોડીમાં પગ મૂકે છે ત્યારે ત્યાં સ્વસ્તિક તેઓને દેખાય છે. આપણે માર્ગી બનીને યાત્રા કરવા નીકળ્યા છીએ એટલે સાધુનો સાથિયો પૂરો થઈ જશે. કૃષ્ણ પ્રાપ્ત કરવાની જે મોજ છે તેવી પ્રાપ્ત કરવામાં નથી. ગુરુ હાજર ન હોય તો વાંધો નથી ગુરુ કૃપા હાજર હોવી જોઈએ. ડાકોરજીના સ્વસ્તિકના ચાર ચરણ છે. એમાં એક ગોડાણા ચરિત્ર,બીજુ પુનિત પરંપરાનું ચરિત્ર અને ત્રીજું મનસુખરામ માસ્તરનું ચરિત્ર, ચોથું શિવ ચરિત્ર.

સંત શિરોમણી પૂજ્ય જલારામ બાપાની ૨૨૭મી જન્મ જયંતી નિમિત્તે બાપાના ભક્તજનો ને પૂર્વ ધારાસભ્ય અંબરીશભાઈ ડેર દ્વારા સોશિયલ મીડિયા ના માધ્યમથી શુભેચ્છાઓ પાઠવવામાં આવી



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

રાજુલા જાફરાબાદ ખાંભા ના લોકપ્રિય પૂર્વ ધારાસભ્ય શ્રી અંબરીષભાઈ ડેર દ્વારા બાપાના પાવન ધરા પર પ્રગટેલા અનંત ઊર્જાના સ્ત્રોત, ભક્તિ અને સેવાના પર્યાય સમાન સંત શિરોમણી પૂજ્ય જલારામ બાપાની ૨૨૭મી જન્મ જયંતીના પાવન અવસરે હૃદયપૂર્વકની અને ભક્તિભાવ સભર સોશિયલ મીડિયા ના માધ્યમથી શુભેચ્છાઓ પાઠવી હતી તેમજ રાજુલા ખાતે રઘુવંશી સમાજ દ્વારા આયોજિત બાપાની શોભાયાત્રા માં જોડાયા હતા બાપાની આરતી ઉતરવાનો અવસર પ્રાપ્ત કર્યા હતો આ દિવ્ય અવસરે પોતાના અંતરના ભાવો વ્યક્ત કરતા લોકપ્રિય પૂર્વ ધારાસભ્ય શ્રી અંબરીષભાઈ ડેર જણાવ્યું હતું કે, આપણી સનાતન ભારતીય સંસ્કૃતિ અને તેમાં પણ વિશેષ કરીને ગુજરાત અને સૌરાષ્ટ્રની સંત અને શૂરવીરની ધરા અગણિત મહાપુરુષોના તપ, બલિદાન અને સેવાથી પવિત્ર થયેલી છે, જેમાં વીરપુર મુકામે જન્મેલા પૂજ્ય જલારામ બાપાનું નામ સેવા, સમર્પણ અને 'અન્નદાન એ જ મહાદાન'ના પરમ આદર્શ તરીકે ઈતિહાસના પાનાઓ પર સુવર્ણ અક્ષરે અંકિત થયેલું છે. 'દેને કો ટુકડા ભલો, લેને કો હરિ નામ' ના ભક્તિમય અને સેવામય મંત્રને પોતાના જીવનનો શ્વાસ બનાવીને, ભૂખ્યાને ભોજન અને નિરાધારને આધાર આપવાની જે દિવ્ય જ્યોત પૂજ્ય બાપાએ વીરપુરની પવિત્ર ભૂમિ પર પ્રગટાવી હતી, તે આજે સદીઓ વીતી જવા છતાં અને તેમની ૨૨૭મી જન્મ જયંતીની ઉજવણીના આજના આ ઐતિહાસિક મુકામે પણ અખંડ સદાવ્રત રૂપે સંપૂર્ણ તેજથી પ્રજ્વલિત છે જે સમગ્ર માનવજાત માટે અત્યંત ગૌરવ, આદર અને પ્રેરણાની બાબત છે. પૂજ્ય બાપાએ પોતાના સંપૂર્ણ જીવનકાળ દરમિયાન કોઈપણ જાતના નાત-જાત, ઊંચ-નીચ કે અમીર-ગરીબના ભેદભાવ વિના માત્ર અને માત્ર 'દરિદ્ર નારાયણ'ની સેવામાં જ ઈશ્વરનો સાક્ષાત્કાર કર્યો હતો અને તેમની એ નિઃસ્વાર્થ માનવસેવાની તથા પ્રભુ શ્રી રામ પ્રત્યેની અતૂટ શ્રદ્ધાની સુવાસ આજે માત્ર ગુજરાત પૂરતી સીમિત ન રહેતા સમગ્ર વિશ્વમાં જ્યાં જ્યાં ગુજરાતીઓ વસે છે.

જૂનાગઢમાં તા. 25/12/26ને શુક્રવારથી શિવ નવાન્હ પારાયણ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૬. શિવ નવાન્હ પારાયણનું તા. ૨૫-૧૨-૨૦૨૬ ને શુક્રવાર માગસર વદ બીજથી તા.૦૨-૦૧-૨૦૨૭ ને શનિવાર માગસર વદ દશમ સુધી શ્રીસાંઈ સુખ ધામ,અંબાઈ ફળિયા, માઢ સ્ટ્રીટ, જુનાગઢ ખાતે ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે, આ કથામાં વ્યાસપીઠ ઉપર શાસ્ત્રીશ્રી કૃષ્ણપ્રસાદ ત્રિવેદી બિરાજી સંગીતમય શૈલીમાં શિવ કથાનું રસપાન કરાવશે, પોથી યાત્રા તા. 25/12/26ને શુક્રવારે સવારે 10વાગ્યે માંગનાથ મંદિરથી શરૂ થશે.

મેદસ્વિતા મુક્ત અભિયાન :: સ્વસ્થ જીવનશૈલી અને વજન ઘટાડવા માટેના સરળ અને અસરકારક ઉપાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ, તા.૧૬, આધુનિક જીવનશૈલી, અનિયમિત આહાર અને શારીરિક શ્રમના અભાવને કારણે આજે મેદસ્વિતા (સ્થૂળતા) એક ગંભીર સ્વાસ્થ્ય સમસ્યા બની રહી છે. મેદસ્વિતા માત્ર શરીરનો દેખાવ જ નથી બગાડતી, પરંતુ તે ડાયાબિટીસ, હાઈ બ્લડ પ્રેશર, હૃદયરોગ અને સાંધાના દુખાવા જેવા અનેક ગંભીર રોગોને આમંત્રણ આપે છે. રાજ્ય સરકાર ના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા ચલાવવામાં આવી રહેલા 'મેદસ્વિતા મુક્ત અભિયાન' અંતર્ગત નાગરિકોને સ્વસ્થ અને નિરોગી જીવન જીવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે. વજન ઘટાડવું એ કોઈ એક દિવસની પ્રક્રિયા નથી, પરંતુ જીવનશૈલીમાં નાના અને સકારાત્મક ફેરફારો કરીને તેને સરળતાથી નિયંત્રિત કરી શકાય છે. સંતુલિત અને પૌષ્ટિક આહાર (Balanced Diet) ખૂબ જ જરૂરી છે. ખોરાકમાં વધુ પડતી ખાંડ, પ્રોસેસ્ડ ફૂડ, મીઠાઈઓ, મેંદો, ઠંડા પીણાં અને વધુ પડતા મીઠાનો ઉપયોગ ટાળો. પેકેટ ફૂડ, જંક ફૂડ, બેકરીની વસ્તુઓ અને વધુ પડતા તેલ-ઘી વાળા ખોરાકને બદલે ઘરનો સાદો અને તાજો ખોરાક લો. ઘરે બેઠા વજન ઘટાડવા માટે આહારમાં લીલા શાકભાજી, તાજા ફળો, કઠોળ, સલાડ અને આખા અનાજ જેમ કે જુવાર, બાજરી, રાગીનો સમાવેશ કરો. એકસાથે પેટ ભરીને ખાવાને બદલે દિવસમાં ૩ થી ૪ વખત થોડું-થોડું ભોજન લો. રાત્રિનું ભોજન સૂવાના ઓછામાં ઓછા ૨ થી ૩ કલાક પહેલાં લઈ લેવું હિતાવહ છે.નિયમિત શારીરિક વ્યાયામ (Physical Activity) અતિ આવશ્યક છે. દરરોજ ઓછામાં ઓછી ૩૦ થી ૪૫ મિનિટ ઝડપી ચાલવું (Brisk Walking), દોડવું, સાયકલ ચલાવવી કે તરવું જોઈએ. યોગ અને પ્રાણાયામ જેમ કે સૂર્યનમસ્કાર, કપાલભાતિ, અનુલોમ-વિલોમ કરવાથી શરીરની ચયાપચયની ક્રિયા (Metabolism) સુધરે છે અને વધારાની ચરબી ઓગળે છે. લિફ્ટને બદલે સીડીનો ઉપયોગ કરવાની ટેવ પાડો અને લાંબો સમય એક જ જગ્યાએ બેસી રહેવાનું ટાળો. પૂરતું પાણી પીવું અને સારી ઊંઘ (Hydration & Sleep) ને ગંભીરતાથી લેવું જોઈએ. દિવસ દરમિયાન ઓછામાં ઓછું ૮ થી ૧૦ ગ્લાસ એટલે કે આશરે ૨.૫ થી ૩ લિટર પાણી પીવું જોઈએ. જમવાના અડધો કલાક પહેલાં પાણી પીવા થી વધુ પડતું ખાવાની આદત પર કાબૂ રહે છે. દરરોજ ૭ થી ૮ કલાકની ગાઢ અને નિયમિત ઊંઘ લેવી જરૂરી છે. અપૂરતી ઊંઘ શરીરમાં હોર્મોન્સનું સંતુલન બગાડે છે, જેનાથી વજન વધે છે.આજના સમયમાં તણાવમુક્ત જીવન (Stress Management) શીખવું એ હવે પ્રાથમિક જરૂરિયાત બની ચૂકી છે. માનસિક તણાવને કારણે ઘણા લોકો વધુ પડતું ખાવા લાગે છે (Emotional Eating). તણાવ ઓછો કરવા માટે ધ્યાન (Meditation), સંગીત કે મનપસંદ પ્રવૃત્તિઓમાં સમય વિતાવો, જેનાથી વજન કાબુમાં રહે છે.

શું ભાગવત કથા સાંભળનારને મોક્ષ મળે છે ખરો?



ઈચ્છા શક્તિ.

- રુપાલી દવે

"મોક્ષ" શબ્દ આજકાલ દર ચાર એ એક ના મુખ માંથી સાંભળવા મળે છે. ઘણી વખત વિચાર આવે કે મોક્ષ મળી ગયા બાદ ની લાઈફ શું હશે? મતલબ કે ૯૯% આવ્યા બાદ ફેમસ કોલેજ ના દરવાજા ખુલી જાય છે એવું થતું હશે કે કંઈક અલગ.મનુષ્ય ને "શબ્દો" ની આસપાસ ના કુંડાળા ના રહસ્ય ને ખોજવાની તીવ્ર ઈચ્છા થતી હોય છે,કેમ? મનુષ્ય એક સામાજિક પ્રાણી છે એટલે.આ શબ્દ ની ખોજ એક આશ્રમ મા ચાલી રહેલ ભાગવત કથા ના "માહત્મ્ય અધ્યાય" સાંભળી ને પૂરી થઈ એમ તો ન કહી શકાય પણ મન સંતુષ્ટ થયું એટલું નક્કી.ભાગવતજીના માહત્મ્ય અધ્યાયમાં "ગોકર્ણ" ની કથા સાંભળી ને વિશે ગુરુદેવ ને પૂછ્યું કે ઘણું ખરું કલયુગ માં "મોક્ષ" માણસ ને મોક્ષ કેમ જોઈએ છે? મોક્ષ નો માર્ગ એટલે શું? ગોકર્ણજી ની કથા ભાગવતજી માં સાંભળ્યા બાદ મારા મનમાં પ્રશ્ન થાય છે કે પાપી ધૂંધુકારી ને મોક્ષ મળ્યો એમ શું ભાગવત કથા સાંભળનાર ને મોક્ષ મળે છે ખરો? કે આ પણ એક ભ્રમ માત્ર છે. આગંતુક શિષ્ય ને પ્રેમીથી સમજાવતા ગુરુદેવ એ કહ્યું કે ભગવાન ની દ્રષ્ટિ માં કળયુગ કે સત યુગ નથી હોતું. ભગવાન સમદર્શી છે જેવી ભક્ત ની ભક્તિ એવી એના પર કૃપા.મોક્ષ મળશે કે નહી એનું સત્ય મનુષ્ય લગાવી શકતો નથી. ભક્તિ માં ભક્ત નું ધ્યાન મહત્વનું છે ધ્યાન ને પરમાત્મા માં કેન્દ્રિત કરવાથી ખુદ પરમાત્મા પણ ભક્ત ને દર્શન આપતા હોય છે.ભક્ત ને આગળ સમજાવતા ગુરુદેવ એ કહ્યું કે બેટા, દ્રોણાચાર્ય એ માત્ર અર્જુન ને જ ધનુર્વિદ્યા ની શિક્ષા નહતી આપી આશ્રમ ના બધા શિષ્યો ને સરખી શિક્ષા આપી હતી પણ અર્જુન નું ફોક્સ ધનુર્વિદ્યા માં હતું એટલે શિક્ષા સાધ્ય કરી શક્યો હતો.ઝાડ પર બેઠેલ પક્ષીની આંખ વીંધવા નો ધનુર્વિદ્યા ની પરીક્ષા નું પ્રશ્ન પેપર હતું. બધા શિષ્યો માં ધનુર્વિદ્યા માં અર્જુન અને કર્ણ જ અવ્વલ આવ્યા હતા.કર્ણ દાસી પુત્ર હતા એટલે એ પરીક્ષામાં ઉતીર્ણ થાય કે ન થાય એ ગુરુ દ્રોણાચાર્ય માટે ખાસ નહતું. કૌરવો અને પાંડવ કૂળ ના રાજ કુમારો માં અર્જુન નું જ ફોકસ ધનુર્વિદ્યા માં હતું એ સાબિત થયું.

ગુરુજી એ શિષ્ય ને કહ્યું કે જીવન માં ધર્મ કે અધર્મ જે કરો એમા ફોક્સ રાખવું અત્યંત જરૂરી છે. અધર્મ ને હથિયાર બનાવી ને દુષ્ટ શકુનિ એ પાસા ની રમત ના માધ્યમ થી પાંડવોનો સર્વનાશ કરવા કૌરવો ને સહાય કરીને શકુનિ એના હૃદય માં અંધ ધૃતરાષ્ટ્ર સાથેના વેર ની આગ ભડકતી રાખવા માગતાં હતા.શકુનિ નું વેર પાંડવો સાથે નહતું એનું વેર એના બહેનોય સાથે હતું.અંધ ધૃતરાષ્ટ્ર એ પત્ની ગાંધારી ને અંધારા માં રાખીને એના પરિવાર ને ભૂખ તરસ થી તડપાવી તડપાવી બધાનો સર્વનાશ કરીને એના પિતાના રાજ્ય પર કબજો સ્થાપીઓ હતો. ગાંધારી નો સૌથી નાનો ભાઈ શકુનિ જ એના પિયર માં બચ્યો હતો. શકુનિ એની બહેન નો લાડલો હતો એટલે અંધ ધૃતરાષ્ટ્ર એ એને જીવતો રાખ્યો હતો.અધર્મ આચરી ને ધૃતરાષ્ટ્ર ભૂલી ગયો હતો કે એણે શકુનિ રૂપે સાપ ને પાળિયો છે.ધૃતરાષ્ટ્ર નું ફોક્સ શકુનિ પરથી હટતા સંપૂર્ણ કૌરવ કુળ નો સત્યાનાશ થયો હતો.

પાંડવો નું ફોકસ "ધર્મ" હતું એટલે યુદ્ધ ના બદલે સમજોતા ના માર્ગ ને પસંદ કરવા માંગતા હતા.કૌરવો દ્વારા લાખ અપમાન અને અન્યાય થયા છતાંય બદલા ની ભાવના નહતી. 'હસ્તિનાપુર' નું રાજ્ય એ પાંડવો નું ફોકસ નહતું.આ કારણોસર મહાભારત ના યુદ્ધ બાદ અંધ ધૃતરાષ્ટ્ર અને ગાંધારી ની પોતાના આત્મીય સ્વજન ની માફક સેવા કરતા હતા.બેટા,લાઈફ માં ફોકસ ધર્મ ના માર્ગનું હશે તો પૂર્ણ પરમાત્મા ડગલે ને પગલે સહાય કરશે.કળયુગ માં માણસની મુક્તિ થવી અશક્ય છે,કેમ? "ધૃતરાષ્ટ્ર જેવી નીતિ અને ગાંધારી જેવી બુદ્ધિ" એ કળયુગી સ્ત્રી પુરુષ ની વધારે જોવા મળે છે.આજ કહેવાતા ફેમસ વિદ્વાનો પોતાની લીટી મોટી કરવા એના થી નીચા લોકોની લીટી ભૂંસવા બધા જ પ્રકાર ના હઠકંડા અપનાવતા હોય છે. "મોહ" મનુષ્ય ના વિનાશ નું મોટા માં મોટું કારણ છે. માણસ "ન..થી" કરતા 'હા..થી' માં વધારે જીવે છે.....

કથા: અચાનક એક માણસ બેભાન થઈ જતા ખુદને યમરાજા ના દરબાર માં જોતા જ એ ગભરાઈ ગયો. અંગ્રેજી ભાષા માં અંગ્રેજો ને હંફાવી નાખે પણ સંસ્કૃત આવડે નહીં ને હિન્દી માંડ ભાંગ્યું તૂટ્યું બોલતા આવડતું હતું. હવે શું કરીશ?ની ગડમથલ માં હતો ત્યાં યમરાજા એ હિન્દી ભાષામા માણસ ને પૂછ્યું કે ક્યાં લોક માંથી આવે છે? તારી પાસે કુલ મૂડી કેટલી છે? કેટલા કાળા ના ધોળા કર્યા છે? યમરાજા પ્રશ્નો સાંભળી ને માણસ ગભરાઈ ને વિચારવા લાગ્યો કે પૃથ્વી વાસી બોલીશ તો કાળા પાણી ની સજા થશે તો ત્યાં અચાનક એના મગજ માં પત્ની ચારુલતા નું નામ યાદ આવતા એણે યમરાજા ને કહ્યું કે દેવ,મૃત્યુ પહેલાં ચારુલતા ધામ માં હતો એટલે ખાસ યાદ આવતું નથી. યમરાજા ને માણસ ની ચાલાકી ની ખબર હતી એટલે એણે પૂછ્યું કે સાંભળ્યું છે કે ચારુલતા ધામ નિવાસી લોકો પાસે સ્વર્ગ કરતા પણ વધારે સુંદર છે. અરે!!તું તો સ્વર્ગવાસી આત્મા છો તો તારા માટે અંતિમ ફેંસલો નર્ક ..બરોબર? યમરાજા ની વાત સાંભળતા જ ભય ના માર્યા મનુષ્ય પોપટ ની માફક બોલવા લાગ્યો ' જી જી પૃથ્વી પતિ હું ઘર મે સુશીલ પઢી લીખી સુંદર ચારુલતા નામક પત્ની હા..થી.. પોલિટિક્સ મેં લાઈફ ટાઈમ રહા હું ભ્રષ્ટાચાર કિયે હુએ અધધધ બ્લેક મની છુપાયા..ક્યાં કરું યમરાજજી નેતા થા ઈસ્લિયે જૂઠ બોલના પડતા થા પર નિયત મે ખોટ નહીં હૈ...ચુનાવ નઝદીક હે થોડા સા રહેમ કરો તો સેટિંગ કર શકતા હું.. મેરી પાર્ટી મેરે બિના મર જાયેંગી..બચ્ચે પત્ની ઔર સત્તા કા સુખ..' બોલો તો આપ કે વિરોધીઓ કો સતા કે જોર મેં જેલ મે કેદ કરવા શકતા હું.. આપ મુંહ ખોલો ઈતના ખોખા હાજર કર શકતા હું..હું..હા..થી..

અચાનક કલાકો સુધી બેભાન હાલત માં નિંદ્રાધીન નેતાજી જાગ્યા..માણસે ભય ના માર્યા ધીમેથી આંખ ખોલતા જ એની સામે સગાં સબંધીઓ,પત્ની અને બાળકો બેઠા હતા. 'હા..થી'..શબ્દ માં ગેલ આવી ને પત્ની અને બાળકો ને ભેટી ને માણસ માટે મોટેથી બોલ્યો બચી ગયો.. બચી ગયો...બચી..યમરાજા પણ મારું કશુંય બગાડી શક્યા નહીં તો વિરોધી પાર્ટીઓ ની શું તાકાત છે.બધુય મારું સુખ મારા સામે છે બેકારનો યમરાજની આગળ કલાકો થી કરગરતો હતો હાશ!! યમ યાતનાઓથી બચી ગયો. .મનુષ્ય ના મિત્રો એ એને હોંશ માં લાવતા કહ્યું કે તું મર્યો જ ક્યાં હતો? તું માત્ર બેભાન થયો હતો.એ બાદ તુ પાંચ કલાક થી સૂતો છો.. ગુરુદેવ એ શિષ્ય ને કહ્યું કે જે પણ મેળવવા માંગતા હો એમાં ફોક્સ રાખવું જરૂરી છે.મોક્ષ એ માર્ગ નથી મોક્ષ એ "સ્વર્ગ ની કલ્પના" માત્ર છે.ઈચ્છા કરો તો મોક્ષ શું ભગવાન પણ મળી જાય પણ ઈચ્છા માટે પ્રબળ ઈચ્છા શક્તિ માં ફોક્સ એટલે ધ્યાન કેન્દ્રિત થવું અતિ આવશ્ક છે.



સોનાક્ષી સિંહા મોર્ફ્ડ ફોટો કેસમાં આરોપી મુક્ત

એડિટ કરાયેલા ફોટા દેખાયા બાદ સોનાક્ષીએ ફરિયાદ કરી હતી

આ સમગ્ર મામલો ત્યારે શરૂ થયો જ્યારે અભિનેત્રી સોનાક્ષી સિન્હાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોતાની વાંધાજનક રીતે એડિટ કરાયેલી તસવીરો જોઈ.
ત્યારબાદ તેમણે મુંબઈ પોલીસનો સંપર્ક કરી આ અંગે ફરિયાદ નોંધાવી. ફરિયાદના આધારે બાંદ્રા પોલીસે કેસ દાખલ કરી તપાસ શરૂ કરી અને દિલ્હીમાં આરોપીની ધરપકડ કરી હતી.

એક્ટ્રેસની વાંધાજનક તસવીર વાઇરલ કરવાનો આરોપ હતો; કોર્ટે પોલીસ કાર્યવાહી પર સવાલ ઉઠાવ્યા

(એજન્સી) મુંબઈ | તા.16

બોલિવૂડ એક્ટ્રેસ સોનાક્ષી સિંહાની વાંધાજનક એડિટ કરેલી તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ કરવાના મામલે ધરપકડ કરાયેલા દિલ્હીના યુવકને મુંબઈની એક અદાલતે મુક્ત કરવાનો આદેશ આપ્યો છે. સોનાક્ષીની ફરિયાદ બાદ મુંબઈની બાંદ્રા પોલીસે કેસ નોંધ્યો હતો અને દિલ્હીના શાહદરા વિસ્તારમાંથી આરોપી આર્યન દીપક જૈનની ધરપકડ કરી હતી. જોકે, ધરપકડ દરમિયાન કાયદેસરની પ્રક્રિયાનું પાલન ન કરવા બદલ કોર્ટે પોલીસની ત્રણ દિવસની કસ્ટડીની માગણી ફગાવી દીધી હતી.

પોલીસ આરોપીને દિલ્હીથી સીધી ફ્લાઇટ દ્વારા મુંબઈ લાવી હતી

ઇન્ડિયા ટુડેના અહેવાલ મુજબ, બાંદ્રા પોલીસે આરોપી આર્યન દીપક જૈનની ગઈકાલે સવારે લગભગ 10:11 વાગ્યે દિલ્હીના શાહદરા સ્થિત જગતપુરી પોલીસ સ્ટેશન વિસ્તારથી ધરપકડ કરી હતી. ત્યારબાદ પોલીસ તેને ફ્લાઇટ દ્વારા સીધો મુંબઈ લઈ આવી હતી.

બાંદ્રા પોલીસે આરોપીને મુંબઈના મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરીને ત્રણ દિવસની પોલીસ કસ્ટડીની માગણી કરી હતી. પોલીસનો તર્ક હતો કે તે ઇલેક્ટ્રોનિક ડિવાઇસ જપ્ત કરવા માગે છે, જેનો કથિત રીતે વાંધાજનક તસવીરો બનાવવા અને ફેલાવવા માટે ઉપયોગ કરવામાં આવ્યો હતો.

સ્થાનિક મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ ન કરવા બદલ કોર્ટે નારાજગી વ્યક્ત કરી

સુનાવણી દરમિયાન મેજિસ્ટ્રેટે બાંદ્રા પોલીસની કાર્યવાહી પર સવાલ ઉઠાવ્યા. કોર્ટે પૂછ્યું કે આરોપીની દિલ્હીમાં ધરપકડ કર્યા બાદ ત્યાંના નજીકના મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કર્યા વિના તેને સીધો મુંબઈ કેમ લાવવામાં આવ્યો. અદાલતે કહ્યું કે પોલીસે નિર્ધારિત કાયદેસર પ્રક્રિયાનું પાલન કર્યું નથી અને આ ચૂક પાછળ કોઈ સંતોષકારક કારણ પણ આપી શકી નથી. આ આધારે કોર્ટે કસ્ટડી આપવાનો ઇનકાર કરતાં આરોપીની મુક્તિના આદેશ આપ્યા.

આરોપી આર્યન દીપક જૈનના વકીલોએ પણ કોર્ટમાં ધરપકડની કાયદેસરતાને પડકારી હતી. વકીલોએ દલીલ કરી હતી કે પોલીસે ધરપકડ પહેલાં ન તો આરોપીને જરૂરી નોટિસ આપી અને ન તો તેને કસ્ટડીમાં લેવાના કારણોની જાણકારી આપી.

બચાવ પક્ષે પોલીસની ઉતાવળ પર સવાલ ઉઠાવતાં કહ્યું કે આર્યને કોઈ ગુનો કર્યો નથી અને તેના પર લગાવવામાં આવેલી કાયદાકીય કલમો લાગુ પડતી નથી.



રામાયણે 11 દિવસમાં વિશ્વભરમાં ₹1384 કરોડની કમાણી કરી

રવિવારે 75 કરોડનું કલેક્શન, ધુરંધરને પાછળ છોડ્યું; ઇતિહાસની ત્રીજી સૌથી મોટી હિન્દી ફિલ્મ

(એજન્સી) મુંબઈ | તા.16

રણબીર કપૂર અને યશ અભિનીત ફિલ્મ 'રામાયણ: પાર્ટ 1'એ 11 દિવસમાં બોક્સ ઓફિસ પર વિશ્વભરમાં 1384 કરોડ રૂપિયાનું કલેક્શન કરી લીધું છે. ફિલ્મે 11મા દિવસે એટલે કે બીજા રવિવારે વિશ્વભરમાં 75 કરોડ રૂપિયાની કમાણી કરી છે. આ 10મા દિવસના 72.90 કરોડ રૂપિયાના કલેક્શન કરતાં લગભગ 2.9% વધુ છે.

ટ્રેડ વેબસાઇટ સૈકનિલ્કના અનુસાર, ભારતમાં ફિલ્મની કુલ નેટ કમાણી 760.60 કરોડ રૂપિયા થઈ ગઈ છે. જ્યારે ભારતમાં ગ્રોસ કલેક્શન 909 કરોડ રૂપિયા અને ઓવરસીઝ કલેક્શન 475.50 કરોડ રૂપિયા છે. આ રીતે ફિલ્મની કુલ વિશ્વવ્યાપી ગ્રોસ કમાણી 1,384.50 કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ છે.

ફિલ્મે બીજા રવિવારે પહેલા રવિવારની સરખામણીએ વધુ સારું પ્રદર્શન કર્યું. રિલીઝના ચોથા દિવસે એટલે કે પહેલા રવિવારે ફિલ્મે 56.15 કરોડ રૂપિયા કમાયા હતા. બીજા રવિવારે તેની કમાણી વધીને 75 કરોડ રૂપિયા થઈ ગઈ. આ રીતે એક અઠવાડિયામાં ફિલ્મની કમાણીમાં લગભગ 33.6%નો ઉછાળો આવ્યો.

બીજા વીકએન્ડના ત્રણ દિવસમાં ફિલ્મે ભારતમાં કુલ 196 કરોડ રૂપિયાનું નેટ કલેક્શન કર્યું. શનિવારે ફિલ્મે 72.90 કરોડ રૂપિયા કમાયા હતા. રવિવારે તેની કમાણી વધીને 75 કરોડ રૂપિયા થઈ ગઈ.

રામાયણ: પાર્ટ-1 એ માત્ર 11 દિવસમાં સૌથી વધુ કમાણી કરનારી હિન્દી ફિલ્મોની યાદીમાં ત્રીજું સ્થાન મેળવી લીધું છે. તેણે શાહરુખની જવાન, પઠાન અને ધુરંધરના ઓલટાઇમ કલેક્શનનો રેકોર્ડ પણ તોડી દીધો છે. દંગલ અને ધુરંધર 2 હજુ પણ તેનાથી આગળ છે.

ફિલ્મમાં રાવણની ભૂમિકા ભજવનાર યશની આ સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની ગઈ છે. અત્યાર સુધી આ રેકોર્ડ ફિલ્મ 'KGF 2'ના નામે હતો, જેણે દુનિયાભરમાં આશરે 1,215 કરોડ રૂપિયા કમાયા હતા. 'રામાયણ'એ 11 દિવસમાં 1,384.50 કરોડ રૂપિયા કમાઈને તેનું લાઇફટાઇમ કલેક્શન પાછળ છોડી દીધું છે. આ ઉપરાંત, આ રણબીર કપૂરની કારકિર્દીની પણ સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ છે. અત્યાર સુધી 2024માં રિલીઝ થયેલી 'એનિમલ' રણબીરની કારકિર્દીની ટોચની ફિલ્મ હતી, જેણે 917 કરોડ રૂપિયા કમાયા હતા.

તમામ ભાષાઓની ભારતીય ફિલ્મોની વાત કરીએ તો 'રામાયણ' હાલમાં 5મા સ્થાને છે.

જોકે, વર્તમાન કલેક્શનને જોતા અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે તે ટૂંક સમયમાં આ યાદીમાં રહેલી ઘણી વધુ ફિલ્મોને પાછળ છોડી દેશે. આ સાથે જ તે 2026ની પણ બીજી સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની ગઈ છે.

શરદ કપૂરે દયનીય હાલતમાં ઇન્ડસ્ટ્રી પાસે મદદ માંગી હતી

(એજન્સી) મુંબઈ | તા.16

શાહરુખ ખાનની ફિલ્મ 'જોશ'માં નજરે પડેલા એક્ટર શરદ કપૂરનો એક વીડિયો વાઇરલ થયો હતો, જેમાં તેઓ અત્યંત ખરાબ હાલતમાં જોવા મળ્યા હતા. એનિમલ ક્રૂરતાના આરોપો લાગ્યા બાદ તેમના 4 કૂતરાઓને શેલ્ટર હોમમાં મોકલી દેવામાં આવ્યા છે. ત્યારબાદ એક વીડિયોમાં અભિનેતાએ ઇન્ડસ્ટ્રી પાસેથી આર્થિક મદદ માગતા તેમને કામ આપવાની અપીલ કરી હતી. હવે શરદને હોલિવૂડ ફિલ્મમાં કામ મળી ગયું છે, જેના શૂટિંગની શરૂઆત તેઓ જાન્યુઆરીથી કરવાના છે. આ દરમિયાન સોનુ સૂદ પણ મદદ માટે શરદ કપૂરને મળ્યા છે.

હિંદુસ્તાન ટાઇમ્સને આપેલા ઇન્ટરવ્યૂમાં શરદે કહ્યું, 'હું છેલ્લા સાત વર્ષથી ન્યૂયોર્કમાં રહેતો હતો. હું માત્ર એક વર્ષ પહેલાં જ પરત આવ્યો છું. વીડિયો બનાવવાનો હેતુ મારા સાથીદારોની નિંદા કરવાનો નહોતો. મારી ઇન્ડસ્ટ્રીમાં મારા પોતાના લોકો ભરપૂર છે. તેઓ મારા પરિવાર જેવા છે. મને પૈસાની મદદની જરૂર નથી અને મેં ક્યારેય આ કારણસર પ્રોજેક્ટ્સ પસંદ કર્યા નથી.'

તેમણે આગળ કહ્યું, 'જો આપણે એકબીજાની બુરાઈ કરીશું, તો તેનાથી લોકોને પણ આપણી બુરાઈ કરવાની તક મળે છે. મને પહેલેથી જ એક હોલિવૂડ ફિલ્મની ઑફર મળી ચૂકી છે, જેનું શૂટિંગ હું જાન્યુઆરીમાં શરૂ કરીશ. હું બોલિવૂડ પ્રોજેક્ટ્સ પર પણ કામ ચાલુ રાખીશ. આ મારો દેશ છે. બે મહિનામાં હું સંપૂર્ણ રીતે સ્વસ્થ થઈ જઈશ, ત્યાર બાદ વસ્તુઓ ફરીથી પાટા પર આવી જશે.'

સોમવારે અભિનેતા સોનુ સૂદ મદદ માટે શરદ કપૂરને મળ્યા. સોનુ શરદની સારવારમાં મદદ કરવાના છે. એબીપી ન્યૂઝના અહેવાલ અનુસાર, સલમાન ખાન પણ શરદ કપૂરને આર્થિક મદદ કરવાના છે. શરદ કપૂરનો એક વીડિયો ઇન્સ્ટાગ્રામ પર સામે આવ્યો હતો, જેમાં તેઓ પોતાની અંગત અને વ્યાવસાયિક મુશ્કેલીઓ વિશે વાત કરતા જોવા મળ્યા હતા. વીડિયોમાં તેમણે ઇન્ડસ્ટ્રીના એવા લોકો પાસેથી કામ અપાવવાની અપીલ કરી હતી, જેમની સાથે તેઓ વર્ષો સુધી કામ કરી ચૂક્યા છે. તેમણે કહ્યું હતું કે તેઓ ફરીથી પોતાની કારકિર્દીને પાટા પર લાવવા માંગે છે.

શરદે 2024માં મુંબઈ પોલીસમાં નોંધાયેલા જાતીય સતામણીના કેસનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમના પર 32 વર્ષની એક એક્ટ્રેસ અને નિર્માતાએ જાતીય સતામણીનો કેસ કર્યો હતો. આ મામલા બાદ તેઓ ડિપ્રેશનમાં જતા રહ્યા હતા અને લોકો સાથે મળવાનું-હળવાનું પણ બંધ કરી દીધું હતું. આ વિશે તેમણે કહ્યું, "જ્યારે કોઈ તમારા પર એવી કોઈ વસ્તુનો આરોપ મૂકે છે.

વિવાદ વચ્ચે સેલિબ્રિટીઓ છઠ પૂજામાં પહોંચ્યા...

(એજન્સી) મુંબઈ | તા.16

મુંબઈમાં છઠ પૂજાને લઈને મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (MNS)એ મુંબઈના દરિયાકિનારા પર છઠ પૂજાના આયોજન અને ભોજપુરી ગીતો વગાડવા અંગે સવાલો ઉઠાવીને વિરોધ કર્યો. વિરોધ વચ્ચે એક્ટ્રેસ તમન્ના ભાટિયા અને એક્ટર સોનુ સૂદ સહિત અનેક હસ્તીઓએ છઠ પૂજાના આયોજનોમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

છઠ પૂજાના સમાપન પ્રસંગે તમન્ના ભાટિયાએ જુહૂ બીચ પર શ્રદ્ધાળુઓ સાથે પૂજામાં ભાગ લીધો. પૂજામાં સામેલ લોકોને તમન્નાએ તેમના માટે ઠેકુઆ સાચવી રાખવાની અપીલ પણ કરી.

સોનુ સૂદ 15 નવેમ્બર 2026ની સાંજે જુહૂ બીચ પર હોટેલ પામ ગ્રોવની પાછળ આયોજિત ભવ્ય છઠ મહોત્સવમાં સામેલ થયા. તેમણે સોશિયલ મીડિયા પર વીડિયો સંદેશ જારી કરીને દેશભરના શ્રદ્ધાળુઓને આ પર્વમાં સામેલ થવા માટે આમંત્રણ આપ્યું અને ઉત્તર પ્રદેશ તથા બિહારના લોકોના યોગદાનની પ્રશંસા કરી.

ધમકીઓ વચ્ચે અમિતાભ બચ્ચનની રહસ્યમય પોસ્ટ : ફાયરિંગનું કાવતરું ઘડનારા 2 શૂટર્સની ધરપકડ બાદ કહ્યું- 'બચ ગએ!!'

(એજન્સી) મુંબઈ | તા.16

બંગલા જલસાને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીઓ મળતી હોવા વચ્ચે અમિતાભ બચ્ચન રવિવારે ચાહકોને મળવા બંગલાની બહાર આવ્યા. ત્યારબાદ તેમણે સર્વાઇવલ પર એક ક્રિપ્ટિક પોસ્ટ કરી.

અમિતાભ બચ્ચને સત્તાવાર X એકાઉન્ટ પરથી લખ્યું, 'બચ ગએ'. મહાનાયકની આ પોસ્ટને સતત મળી રહેલી ધમકીઓ સાથે જોડીને જોવામાં આવી રહી છે.

ગુરુવારે સવારે તેમના બંગલાને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યો ઈમેઇલ મળ્યો હતો. આ ઉપરાંત દિલ્હી પોલીસે પણ તેમના ઘરની બહાર ફાયરિંગ કરવાની સાજિશ રચનારા બે શાર્પશૂટર્સને પકડી પાડ્યા છે.

આ તમામ ધમકીઓ વચ્ચે અમિતાભ બચ્ચન કડક સુરક્ષા ઘેરામાં જલસાના મુખ્ય ગેટ પર આવ્યા અને મોટી સંખ્યામાં એકઠા થયેલા ચાહકોનું અભિવાદન કર્યું.

સન્ડે દર્શનમાં કડક સુરક્ષા વચ્ચે અમિતાભ હંમેશની જેમ શાંત દેખાયા. તેમણે સફેદ કુર્તા સાથે ઓરેન્જ, વાદળી અને સફેદ રંગની પ્રિન્ટવાળી જૅકેટ તેમજ મેચિંગ ટોપી પહેરી હતી.

મંચ પર આવ્યા બાદ તેમણે સૌથી પહેલાં હાથ જોડીને પ્રશંસકોને નમસ્તે કર્યું અને તાળીઓ પાડી. ત્યારબાદ તેઓ બંને હાથ હલાવતા ભીડમાં હાજર તેમજ દૂર ઊભેલા ફેન્સ તરફ ઈશારો કરી સંવાદ કરતા જોવા મળ્યા. જલસાની બહાર મોટી સંખ્યામાં પ્રશંસકો પોતાના મોબાઇલ ફોનથી તેમની તસવીરો અને વીડિયો બનાવતા જોવા મળ્યા. મુંબઈ પોલીસના જણાવ્યા મુજબ, ગુરુવાર (12 નવેમ્બર)ની સવારે અમિતાભ બચ્ચનના બંગલા જલસાને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતો એક ઈમેલ મળ્યો હતો. આ ઈમેલમાં 27 નવેમ્બર અને 31 ડિસેમ્બર સહિતની ઘણી તારીખોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એક મહિનાની અંદર આ ત્રીજી વખત છે જ્યારે બચ્ચનના નિવાસસ્થાનને નિશાન બનાવવાની ધમકી આપવામાં આવી છે.

આ પહેલાં 6 નવેમ્બરે જલસાને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતો ઈમેલ મળ્યો હતો. જ્યારે, 23 ઑક્ટોબરે મુંબઈના મેયર રિતુ તાવડેને મોકલવામાં આવેલા એક ઈમેલમાં પણ બચ્ચનના બંગલાને બોમ્બથી ઉડાવી દેવાની વાત લખવામાં આવી હતી.

સની દેઓલ સાથે ધર્મેન્દ્ર-હેમા જેવી જોડી!:'ડકૈત'ના લિપલોક સીન પર સેન્સરે કાતર ફેરવી; 'હીરો'ની હીરોઈન મીનાક્ષીએ 8 વર્ષ બોક્સ ઓફિસ પર રાજ કર્યું



(એજન્સી) મુંબઈ | તા.16

ફિલ્મ 'હીરો'થી ઓળખ બનાવનારાં મીનાક્ષી શેષાદ્રી આજે 63 વર્ષનાં થઈ ગયાં છે. 80 અને 90ના દાયકામાં તેમણે 'ડકૈત', 'ઘર હો તો ઐસા', 'ઘાયલ', 'દામિની' જેવી ફિલ્મોથી દર્શકોના દિલો પર રાજ કર્યું. સની દેઓલ સાથે તેમની જોડીને દર્શકોએ ખૂબ પસંદ કરી.

એક ઈન્ટરવ્યુમાં મીનાક્ષીએ જણાવ્યું કે તેઓ પોતાની અને સનીની જોડીને ધર્મેન્દ્ર-હેમા માલિનીની જોડી જેવી માને છે. તેમણે ફિલ્મ 'ડકૈત'ના એ લિપલોક સીનનો કિસ્સો પણ સંભળાવ્યો, જેને સેન્સર બોર્ડે હટાવડાવી દીધો હતો. આ ઉપરાંત તેમણે અનિલ કપૂર સાથે પોતાની કોમ્પિટિશન, સતત ફ્લોપ ફિલ્મો પછી 'પનોતી' કહેવાવા અને અમિતાભ બચ્ચન સાથે પહેલી મુલાકાતના રસપ્રદ કિસ્સા શેર કર્યા. લગભગ 30 વર્ષ પછી હવે તેઓ અભિનયની દુનિયામાં બીજી ઈનિંગ્સ શરૂ કરવાની તૈયારી કરી રહ્યાં છે. આજે મીનાક્ષી શેષાદ્રીના બર્થ-ડેના ખાસ પ્રસંગે જાણો તેમના કરિયર અને ફિલ્મો સાથે જોડાયેલી કેટલીક ખાસ વાતો

મીનાક્ષી શેષાદ્રીએ પોતાના કરિયરમાં સફળતાની સાથે નિષ્ફળતાનો દોર પણ જોયો. ફરીદૂન શહરયારને આપેલા ઈન્ટરવ્યુમાં તેમણે જણાવ્યું હતું કે એક સમયે તેમની સતત ઘણી ફિલ્મો ફ્લોપ થઈ હતી. એ દોરમાં ગોસિપ મેગેઝિન અને કેટલાક પત્રકારોએ તેમને 'જિંક્સ' એટલે કે પનોતી સુદ્ધાં કહેવાનું શરૂ કરી દીધું હતું. લોકોનું માનવું હતું કે જે ફિલ્મમાં મીનાક્ષી હશે, તે ફિલ્મ નહીં ચાલે.

જોકે, મીનાક્ષીએ આ વાતોને પોતાના પર હાવી ન થવા દીધી. તેમણે કહ્યું કે મુશ્કેલ સમયમાં તેમને ભગવદ્ ગીતાની શીખે ખૂબ સહારો આપ્યો. ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે કર્મ કરો, ફળની ચિંતા ન કરો. ફળની ઇચ્છા રાખીને કર્મ ન કરવું જોઈએ, પરંતુ કર્મને જ પોતાનું સર્વસ્વ માનવું જોઈએ. મીનાક્ષીએ આ જ વિચાર સાથે કામ ચાલુ રાખ્યું. આનું પરિણામ 1990માં જોવા મળ્યું, જ્યારે તેમની બે મોટી ફિલ્મો 'ઘાયલ' અને 'ઘર હો તો ઐસા' સફળ રહી.

મીનાક્ષી જણાવે છે કે પહેલાં તેઓ આ ફિલ્મોની સફળતાનો પૂરો શ્રેય લેવામાં અચકાતાં હતાં, પરંતુ હવે તેઓ ખુલ્લીને કહે છે કે 'ઘાયલ' અને 'ઘર હો તો ઐસા' તેમના કારણે હિટ થઈ હતી.1985થી 1993 વચ્ચેનો દોર મીનાક્ષીના કરિયરનો સૌથી શાનદાર સમય હતો. લગભગ આઠ વર્ષ સુધી તેઓ બોક્સ ઓફિસ પર સતત સફળ અભિનેત્રીઓમાં સામેલ રહ્યાં. પરંતુ તેમણે ક્યારેય પોતાની સિદ્ધિઓ વિશે ખુલ્લીને વાત ન કરી. મીનાક્ષી જણાવે છે કે એ સમયે તેમની સાથે શ્રીદેવી, માધુરી દીક્ષિત અને જૂહી ચાવલા જેવી શાનદાર અભિનેત્રીઓ પણ કામ કરી રહી હતી. તેઓ પોતાને નસીબદાર માને છે કે તેમને આવી પ્રતિભાશાળી અભિનેત્રીઓના દોરનો હિસ્સો બનવાની તક મળી.

તેમણે કહ્યું, 'મને લાગે છે કે અમે ચારેયે મળીને એક એવો પ્રભાવ ઊભો કર્યો, જેને આજે પણ યાદ કરવામાં આવે છે.' મીનાક્ષીએ એ પણ જણાવ્યું કે તેમનો સ્વભાવ થોડો વિનમ્ર અને ઇન્ટ્રોવર્ટ રહ્યો છે. તેમને પોતાનાં વખાણ કરવાં ક્યારેય પસંદ નહોતાં. જોકે, હવે તેમની બીજી ઇનિંગ્સ છે અને તેઓ પોતાના વિશે ખુલ્લીને વાત કરવા લાગ્યાં છે.

મીનાક્ષીએ અમિતાભ બચ્ચન સાથે જોડાયેલો એક રસપ્રદ કિસ્સો શેર કરતાં જણાવ્યું કે જ્યારે તેઓ 12મા ધોરણમાં હતાં, ત્યારે સ્કૂલેથી બસમાં ઘરે પાછાં ફરી રહ્યાં હતાં. આ દરમિયાન દિલ્હીના રસ્તાઓ પર અમિતાભ બચ્ચન અને રેખા એક મોટરસાઇકલ પર શૂટિંગ કરી રહ્યાં હતાં.

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

ભારતનો ઐતિહાસિક વિજય
પાકિસ્તાનને હરાવી ભારતીય યુવા ટીમ ચેમ્પિયન



(એજન્સી) દુબઈ । તા. 16

અંડર-૧૯ એશિયા કપ ૨૦૨૬ની અત્યંત રોમાંચક અને સંઘર્ષપૂર્ણ ફાઈનલ મુકાબલામાં ભારતીય યુવા ખેલાડીઓએ કમાલ કરી દેખાડી છે. ભારતે પાકિસ્તાનને ૧ વિકેટથી રોમાંચક હરાવીને ઐતિહાસિક ખિતાબ પોતાના નામે કર્યો છે. આ વિજય માત્ર એક ટ્રોફી જીતવા પૂરતો મર્યાદિત નહોતો, પરંતુ ગ્રૂપ સ્ટેજમાં મળેલી હાર અને પાકિસ્તાની ખેલાડીઓ દ્વારા અપાયેલા અપશબ્દોનો મેદાન પર જડબાતોડ બદલો લેવાનો ઉત્સાહ તેમાં સ્પષ્ટપણે છલકાઈ રહ્યો હતો. મેચ બાદ ભારતીય ખેલાડી યશવીર ગૌરે ખુલાસો કર્યો છે કે આ જીત ટીમ માટે કેમ આટલી બધી ખાસ અને બદલા સમાન હતી.

ગયા મહિને દિવાળીના તહેવાર (૮ નવેમ્બર) ના રોજ રમાયેલા ગ્રૂપ સ્ટેજ મુકાબલામાં પાકિસ્તાને ભારતને ૩ વિકેટથી હરાવ્યું હતું. તે મેચ દરમિયાન બંને ટીમોના ખેલાડીઓ વચ્ચે તીખી બોલાચાલી થઈ હતી અને પાકિસ્તાની ખેલાડીઓ દ્વારા અપશબ્દોનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો. મેચ હાર્યા બાદ ભારતીય ખેલાડીઓ ત્યારે મેદાન પર કોઈ જવાબ આપી શક્યા ન હતા, પરંતુ તેઓ માત્ર ફાઈનલ મેચની રાહ જોઈ રહ્યા હતા જેથી મેદાન પર જ કડક પ્રતિક્રિયા આપી શકાય. યશવીર ગૌરે જણાવ્યું હતું કે ફાઈનલ જીત્યા બાદ ભારતીય ખેલાડીઓ બરાબર એ જ રીતે ઉજવણી કરી રહ્યા હતા, જેવું પાકિસ્તાની ખેલાડીઓએ અગાઉ કર્યું હતું.

૧૪ નવેમ્બરના રોજ રમાયેલા આ મહાસંગ્રામમાં ૩૩૮ રનના વિશાળ લક્ષ્યનો પીછો કરતા ભારતીય ટીમ મુશ્કેલીમાં મુકાઈ ગઈ હતી અને ૨૫૨ રનમાં પોતાના ૮ મહત્વના બેટ્સમેનોની વિકેટ ગુમાવી ચૂકી હતી. કટોકટીની આ પળોમાં મનલ ચોહાણ અને મોહિત ઉલવાએ અદભુત અને સાહસિક પ્રદર્શન કર્યું હતું. મોહિત ઉલવાએ માત્ર ૨૬ બોલમાં શાનદાર અણનમ ૪૯ રન ફટકાર્યા હતા અને છેલ્લી ઓવરના આખરી બોલ પર ચોગ્ગો ફટકારીને ભારતને ભવ્ય વિજય અપાવ્યો હતો અને ચેમ્પિયન બનાવી દીધું હતું. આ રોમાંચક વિજય સાથે ભારતે ૨૦૨૧ પછી પહેલીવાર અંડર-૧૯ એશિયા કપની ટ્રોફી પર પુનઃ કબજો જમાવ્યો છે.

ભારત વનડે વર્લ્ડ કપ યજમાની ફરી એકવાર કરશે, ચેમ્પિયન્સ ટ્રોફી અને ટેસ્ટ ફાઇનલનો કાર્યક્રમ જાહેર થયો

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કેલેન્ડર મંજૂરી મળતાં ભારતને મોટી ભેટ

(એજન્સી) બાલી (ઇન્ડોનેશિયા) । તા. 16



વિશ્વભરના કરોડો ક્રિકેટ પ્રેમીઓ માટે અત્યંત આનંદ અને ગૌરવના સમાચાર સામે આવ્યા છે, કારણ કે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ દ્વારા વર્ષ બે હજાર પાંત્રીસ સુધીના વૈશ્વિક ક્રિકેટ કાર્યક્રમને આખરી અને સત્તાવાર મંજૂરી આપી દેવામાં આવી છે. ઈન્ડોનેશિયાના પ્રખ્યાત પ્રવાસન સ્થળ બાલી ખાતે યોજાયેલી પરિષદની મહત્ત્વપૂર્ણ બેઠકમાં આ ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો હતો, જે અંતર્ગત ભારતને ફરી એકવાર વિશ્વ ક્રિકેટની બે સૌથી મોટી અને પ્રતિષ્ઠિત સ્પર્ધાઓની યજમાની સોંપવામાં આવી છે. આ નવા જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ, ભારત વર્ષ બે હજાર ઓગણત્રીસમાં ચેમ્પિયન્સ ટ્રોફી અને વર્ષ બે હજાર એકત્રીસમાં પાડોશી દેશ બાંગ્લાદેશ સાથે મળીને એકદિવસીય વિશ્વ કપનું ભવ્ય આયોજન કરશે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કેલેન્ડર મંજૂરી મળવાની સાથે જ આગામી એક દાયકા સુધી રમાનારી તમામ મોટી ટુર્નામેન્ટ્સનું ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે, જેમાં ટ્વેન્ટી-ટ્વેન્ટી વિશ્વ કપ, એકદિવસીય વિશ્વ કપ, ચેમ્પિયન્સ ટ્રોફી અને વિશ્વ ટેસ્ટ ચેમ્પિયનશિપની અંતિમ મેચોનો સમાવેશ થાય છે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી વિગતો અનુસાર, આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદની ચેમ્પિયન્સ ટ્રોફીના આગામી મુકાબલા વર્ષ બે હજાર ઓગણત્રીસમાં ભારતની ધરતી પર રમાશે. આ રોમાંચક સ્પર્ધા નવમી ઓક્ટોબરથી અઠ્ઠાવીસમી ઓક્ટોબર દરમિયાન યોજાવાની છે. ભારતીય ક્રિકેટ ચાહકો માટે આ અત્યંત ખુશીની વાત છે, કારણ કે ભારતને વર્ષ બે હજાર છ બાદ પ્રથમ વખત ચેમ્પિયન્સ ટ્રોફીની યજમાની કરવાનો અધિકાર પ્રાપ્ત થયો છે. ઉલ્લેખનીય છે કે ભારત હાલમાં ચેમ્પિયન્સ ટ્રોફીનું વર્તમાન વિજેતા છે, તેથી ભારતીય ટીમને પોતાના ઘરઆંગણે લાખો ચાહકોની હાજરીમાં ફરી એકવાર આ પ્રતિષ્ઠિત ખિતાબ જાળવી રાખવાની સુવર્ણ તક મળશે. ત્યારબાદ વર્ષ બે હજાર તેત્રીસમાં પણ ચેમ્પિયન્સ ટ્રોફી રમાશે, જોકે તે આવૃત્તિ માટે યજમાન દેશની જાહેરાત હજુ સુધી કરવામાં આવી નથી અને તે અંગે આગામી બેઠકોમાં નિર્ણય લેવામાં આવશે.

ક્રિકેટ જગતના સૌથી મોટા મહાકુંભ ગણાતા એકદિવસીય વિશ્વ કપ અંગે પણ પરિષદે મહત્ત્વપૂર્ણ જાહેરાતો કરી છે. આગામી વર્ષે દક્ષિણ આફ્રિકામાં યોજાનારા વિશ્વ કપ બાદ આ ભવ્ય સ્પર્ધા વર્ષ બે હજાર એકત્રીસમાં ફરી એકવાર ભારતીય ઉપખંડમાં પરત ફરશે. ભારત વનડે વર્લ્ડ કપ યજમાની બાંગ્લાદેશ સાથે સંયુક્ત રીતે સંભાળશે અને આ ટુર્નામેન્ટ નવમી ઓક્ટોબરથી ત્રેવીસમી નવેમ્બર, બે હજાર એકત્રીસ દરમિયાન રમાશે. અત્રે યાદ અપાવવું જરૂરી છે કે આ પહેલાં વર્ષ બે હજાર ત્રેવીસમાં ભારતે એકલા હાથે વિશ્વ કપનું સફળ આયોજન કર્યું હતું. તે સ્પર્ધામાં ભારતીય ટીમે શાનદાર પ્રદર્શન કરીને અંતિમ મુકાબલા સુધીની સફર ખેડી હતી, પરંતુ ગુજરાતના અમદાવાદ ખાતે આવેલા વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમમાં રમાયેલી અંતિમ મેચમાં ઓસ્ટ્રેલિયા સામે હારનો સામનો કરવો પડ્યો હતો. હવે વર્ષ બે હજાર એકત્રીસમાં અમદાવાદ સહિત દેશના વિવિધ મેદાનો પર ભારતીય ટીમને તે અધૂરું સપનું પૂરું કરવાની તક મળશે. આ ઉપરાંત વર્ષ બે હજાર પાંત્રીસમાં પણ ઓક્ટોબર અને નવેમ્બર મહિના દરમિયાન એકદિવસીય વિશ્વ કપ યોજાશે, જેના યજમાન દેશનું નામ હવે પછી જાહેર થશે.

મોટરસ્પોર્ટમાં ભારતનું ગૌરવ: એફઆઈએના 'ગર્લ્સ ઓન ટ્રેક રાઇઝિંગ સ્ટાર્સ' પ્રોગ્રામમાં પસંદગી પામનાર અતિકા મીર એકમાત્ર ભારતીય

(એજન્સી) ચેન્નાઇ । તા. 16



ભારતની યુવા અને પ્રતિભાશાળી રેસિંગ સ્ટાર અતિકા મીરે આંતરરાષ્ટ્રીય મોટરસ્પોર્ટ જગતમાં દેશનું નામ રોશન કર્યું છે. અતિકાની પસંદગી પ્રતિષ્ઠિત 'એફઆઈએ (FIA) ગર્લ્સ ઓન ટ્રેક રાઇઝિંગ સ્ટાર્સ' પ્રોગ્રામ ૨૦૨૬ માટે કરવામાં આવી છે. વિશ્વભરમાંથી જુનિયર કેટેગરીમાં પસંદ કરાયેલા કુલ નવ પ્રતિભાશાળી મહિલા ડ્રાઇવરોમાં અતિકા સ્થાન મેળવનાર એકમાત્ર ભારતીય ખેલાડી છે. પાયાના સ્તરે યુવા મહિલા ડ્રાઇવરોને પ્રોત્સાહન આપવા અને તેમની પ્રતિભાને નિખારવા માટે આંતરરાષ્ટ્રીય સંસ્થા એફઆઈએ દ્વારા શરૂ કરાયેલી આ પહેલમાં પસંદગી પામનાર અતિકા સૌથી નાની વયની ડ્રાઇવરોમાંની એક છે.

વર્ષ ૨૦૧૮માં એફઆઈએ દ્વારા 'ગર્લ્સ ઓન ટ્રેક' કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. ૧૨ થી ૧૪ વર્ષની વયજૂથની જુનિયર કેટેગરીમાં અતિકાની આ પસંદગી તેના તાજેતરના અસાધારણ પ્રદર્શનને આભારી છે. તેણે 'ચેમ્પિયન્સ ઓફ ધ ફ્યુચર એકેડેમી' ચેમ્પિયનશિપ અને એફઆઈએ કાર્ટિંગ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં શાનદાર દેખાવ કર્યો હતો, જ્યાં તે પ્રારંભિક રેસમાં છઠ્ઠા સ્થાને રહી હતી. આ ઉપરાંત, આ વર્ષની શરૂઆતમાં ગ્રીસમાં યોજાયેલા સીઓટીએફએ રાઉન્ડમાં પણ તેણે પોતાનો દબદબો જાળવી રાખ્યો હતો. ઉલ્લેખનીય છે કે અતિકા ફોર્મ્યુલા-૧ એકેડેમીનું સમર્થન મેળવનાર પ્રથમ ભારતીય ડ્રાઇવર પણ છે અને હાલમાં તે ઈટાલીના ફાન્સિયાકોર્ટા ખાતે સીઓટીએફએ શ્રેણીના અંતિમ રાઉન્ડમાં ભાગ લઈ રહી છે. એફઆઈએ વિમેન ઇન મોટરસ્પોર્ટ કમિશનની સત્તાવાર યાદી મુજબ, આગામી બે અઠવાડિયામાં જ પસંદ કરાયેલા તમામ નવ રેસરો ઈટાલી સ્થિત ક્રેમોના સર્કિટ ખાતે જશે. અહીં તેમની રેસિંગ કુશળતાને વધુ ધારદાર બનાવવા અને કારકિર્દીને આગામી સ્તર પર લઈ જવા માટે ત્રણ દિવસીય વિશેષ તાલીમ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જુનિયર કેટેગરીમાં અતિકા મીર ઉપરાંત વિશ્વના અન્ય દેશોમાંથી પસંદ થયેલા ડ્રાઇવરોમાં ફ્રાન્સની લીના સલામાન્કા, કોસ્ટા રિકાની સોફિયા કાલ્ડેરોન, બ્રિટનની કોરા મૂર, મેક્સિકોની અન્ના રેજીના ફ્રાન્કો રોડ્રિગ્ઝ, ઇજિપ્તની લીલી રિઝક, યુક્રેનની કિરા માઇસ્ટ્રેન્કો, ચિલીની અન્નાઈસ ઓરેલાના અને ઓસ્ટ્રેલિયાની એમિલી ગ્રેસ હેમરનો સમાવેશ થાય છે.

જુનિયર નેશનલ બેડમિન્ટન: કર્ણાટક બોય્ઝ અને તમિલનાડુ ગર્લ્સ ટીમ ચેમ્પિયન

૪૯મી જુનિયર નેશનલ બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં નવા ચેમ્પિયન ઉભર્યા



(એજન્સી) નવી દિલ્હી । તા. 16

૪૯મી જુનિયર નેશનલ ટીમ બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં કર્ણાટકની બોય્ઝ ટીમ અને તમિલનાડુની ગર્લ્સ ટીમે શાનદાર રમતનું પ્રદર્શન કરીને રાષ્ટ્રીય ખિતાબ પોતાના નામે કરી લીધા છે. રવિવાર, ૧૫ નવેમ્બરના રોજ રમાયેલા અત્યંત રોમાંચક ફાઇનલ મુકાબલાઓમાં બંને ચેમ્પિયન ટીમોએ પોતપોતાના હરીફો સામે ૨-૦ના એકતરફી અને આરામદાયક અંતરથી વિજય મેળવ્યો હતો. આ વખતની ટૂર્નામેન્ટમાં ગત વર્ષના રિફેન્ડિંગ ચેમ્પિયન મિઝોરમ (બોય્ઝ) અને તેલંગાણા (ગર્લ્સ) ઇન્ટર-ઝોનલ તબક્કા માટે ક્વોલિફાય થવામાં નિષ્ફળ રહ્યા હોવાથી, બંને વિભાગમાં નવા ચેમ્પિયન બનવાની તક ખુલ્લી થઈ હતી, જેનો કર્ણાટક અને તમિલનાડુના યુવા શટલરોએ ભરપૂર ફાયદો ઉઠાવ્યો હતો.

બોય્ઝ ટીમ ચેમ્પિયનશિપના ખિતાબી મુકાબલામાં કર્ણાટકના ખેલાડીઓએ શરૂઆતથી જ આસામ પર દબદબો જાળવી રાખ્યો હતો. મેન્સ સિંગલ્સના પ્રથમ મુકાબલામાં કર્ણાટકના હાર્દિક દિવ્યાંશે શાનદાર રમત દાખવીને ૨૦૨૩ના એશિયન અંડર-૧૫ ચેમ્પિયન બોર્નિલ ચાંગમાઈને પરાજય આપી ટીમને ૧-૦ની મહત્વપૂર્ણ સરસાઈ અપાવી હતી. ત્યારબાદ ડબલ્સ મુકાબલામાં પવન અને પુનીત સુરેશની મજબૂત જોડીએ સંઘર્ષપૂર્ણ ત્રણ સેટની મેચમાં બોર્નિલ ચાંગમાઈ અને આનયન બોરાહની જોડીને હરાવીને કર્ણાટકને ૨-૦થી વિજય અપાવી ચેમ્પિયન બનાવ્યું હતું.

બીજી તરફ, ગર્લ્સ ટીમ ફાઇનલમાં તમિલનાડુએ ગત સિઝનની સિલ્વર મેડલ વિજેતા દિલ્હીની ટીમને ૨-૦થી પરાજય આપીને સુવર્ણ ચંદ્રક પર કબજો જમાવ્યો હતો. વર્ષ ૨૦૨૫ની એશિયન અંડર-૧૭ ગર્લ્સ સિંગલ્સ ચેમ્પિયન દીક્ષા એસ.આર. એ દિલ્હીની રિશિકા નંદી સામે ૧૫-૧૨, ૧૫-૧૨ના સીધા સેટમાં વિજય મેળવીને તમિલનાડુને શાનદાર શરૂઆત અપાવી હતી. ત્યારબાદ વિમેન્સ ડબલ્સમાં અનન્યા અરુણ અને અંજના મણિકંદનની જોડીએ રિશિકા નંદી અને ઈશિતા નેગી સામે ૧૬-૧૪, ૧૨-૧૫, ૧૫-૧૦થી રોમાંચક જીત મેળવીને તમિલનાડુના શિરે વિજયનો તાજ પહેરાવ્યો હતો.

ટોટલ ચેસ 2026: આર. વૈશાલીએ

અર્જુન એરિગાઈસીને હરાવી સેમિફાઇનલની રેસમાંથી બહાર



(એજન્સી) બુડાપેસ્ટ । તા. 16

બુડાપેસ્ટમાં રમાઈ રહેલી 'ટોટલ ચેસ વર્લ્ડ ચેમ્પિયનશિપ ટૂર પાયલોટ' સ્પર્ધામાં રોમાંચક ઉતાર-ચઢાવ જોવા મળ્યા છે. ગ્રૂપ 'ડી' ના અંતિમ મુકાબલામાં ભારતીય મહિલા ગ્રાન્ડમાસ્ટર આર. વૈશાલીએ શાનદાર પ્રદર્શન કરતા સાથી ખેલાડી અર્જુન એરિગાઈસીને પરાજય આપ્યો હતો. આ હાર સાથે જ અર્જુનની સેમિફાઇનલમાં પહોંચવાની તમામ આશાઓ પર પાણી ફરી વળ્યું છે અને આ ટૂર્નામેન્ટમાં ભારતની ટાઇટલ જીતવાની સફર પણ સમાપ્ત થઈ ગઈ છે.

રવિવારના રોજ રમાયેલી અંતિમ રમત પહેલા અર્જુન એરિગાઈસી સેમિફાઇનલની રેસમાં મજબૂત સ્થિતિમાં હતો અને તેને આગળ વધવા માટે જીતની જરૂર હતી. સફેદ મોહરાઓ સાથે રમતી વૈશાલી સામે અર્જુને સખત સંઘર્ષ કર્યો હતો, પરંતુ વૈશાલીએ શાનદાર રમતનું પ્રદર્શન કરીને ૬૧ ચાલમાં આ બાજી જીતી લીધી હતી. આ પરાજયના કારણે અર્જુન ટાઇટલ રાઉન્ડની રેસમાંથી બહાર થઈ ગયો છે. આ ટૂર્નામેન્ટમાં ભારતના ત્રણ પ્રતિનિધિઓ રમી રહ્યા હતા, પરંતુ હવે ત્રણેય ખેલાડીઓ ચેમ્પિયનશિપ બ્રેકેટમાંથી બહાર થઈને પોતપોતાના ક્રમના સ્થાન માટે નોકઆઉટ રાઉન્ડમાં રમશે. અર્જુન ૯ થી ૧૨ સ્થાન માટે જ્યારે વૈશાલી અને આર. પ્રજ્ઞાનંદા ૨૧ થી ૨૪ સ્થાન માટે મેદાનમાં ઉતારશે.

કુમકુમ અને ચિકિતાએ કારકિર્દીના પ્રથમ રાષ્ટ્રીય વ્યક્તિગત મેડલની તલાશ આસાન કરી

નેશનલ આર્ચરી ચેમ્પિયનશિપ: એશિયાડ વિજેતા કુમકુમ અને ચિકિતા ફાઇનલમાં



(એજન્સી) શિલંગ । તા. 16

મેઘાલયની રાજધાની શિલંગના પરેડ ગ્રાઉન્ડ ખાતે રમાઈ રહેલી નેશનલ આર્ચરી ચેમ્પિયનશિપમાં એશિયન ગેમ્સના ગોલ્ડ મેડલ વિજેતા ખેલાડીઓએ પોતાનું શાનદાર પ્રદર્શન યથાવત રાખ્યું છે. એશિયાડ વિજેતા કુમકુમ મોહોડ અને ચિકિતા તાનિપાર્થીએ શાનદાર રમતનું પ્રદર્શન કરીને અનુક્રમે રિકર્વ અને કમ્પાઉન્ડ મહિલા વ્યક્તિગત સ્પર્ધાની ફાઇનલમાં પ્રવેશ કરી લીધો છે. આ સાથે જ બંને ખેલાડીઓએ નેશનલ ઈન્ડિવિઝ્યુઅલ એલિમિનેશન સ્ટેજમાં પોતાના કરિયરના પ્રથમ મેડલ પણ સુનિશ્ચિત કરી લીધા છે.

રિકર્વ મહિલા વિભાગમાં કુમકુમે શાનદાર વિજયી રથ જાળવી રાખતા સેમિફાઇનલ સુધીની સફરમાં રિદ્ધિ ફોર, સિમરનજીત કૌર અને શર્વરી શેંડે જેવી મજબૂત અને અનુભવી પ્રતિસ્પર્ધીઓને પરાજય આપ્યો હતો. હવે ખિતાબી મુકાબલામાં તેનો સામનો ઓલમ્પિયન અને એશિયાડ ટીમની સાથી ખેલાડી અંકિતા ભક્ત સામે થશે. અંકિતાએ સેમિફાઇનલ મુકાબલામાં પોતાની જારખંડની સાથી ખેલાડી કોમલિકા બારીને હરાવીને ફાઇનલમાં સ્થાન મેળવ્યું છે.

તરફ, કમ્પાઉન્ડ મહિલા વિભાગમાં ચિકિતા તાનિપાર્થીએ આખી મેચ દરમિયાન અત્યંત સચોટ અને સાતત્યપૂર્ણ સ્કોર નોંધાવ્યા હતા. વર્લ્ડ કપ સ્ટેજ મેડલ વિજેતા મધુરા ધમગાંવકર સામેની રોમાંચક સેમિફાઇનલ મેચમાં શરૂઆતમાં ફૂટિંગની સમસ્યાને કારણે ચિકિતા પ્રથમ એન્ડમાં ૨૮-૩૦થી પાછળ ચાલી રહી હતી. જોકે, મધુરાની એક હળવી ટકોરથી ઉત્સાહમાં આવેલી ચિકિતાએ શાનદાર વાપસી કરીને મેચ પોતાના નામે કરી લીધી હતી. પુરૂષ વર્ગની સ્પર્ધાઓની વાત કરીએ તો, કમ્પાઉન્ડ મેન્સ ફાઇનલમાં રજત ચૌહાણ અને પ્રિયાંશ વચ્ચે સોનાના મેડલ માટે ખરાખરીનો જંગ જામશે. જ્યારે રિકર્વ મેન્સ ગોલ્ડ મેડલ મુકાબલામાં ઓલમ્પિયન બી. ધીરજ પ્રમાણિક ખેલાડી ધ્રુવ બાગ્ગા સામે ટકરાશે. રાષ્ટ્રીય સ્તરની આ પ્રતિષ્ઠિત સ્પર્ધામાં દેશભરના દિગ્ગજ તીરંદાજો વચ્ચે રોમાંચક મુકાબલા જોવા મળી રહ્યા છે.

યુરોપિયન ટૂરના ઇતિહાસમાં રોરી મેકિલરોયની વધુ એક સુવર્ણ સિદ્ધિ

રોરી મેકિલરોયે આઠમું રેસ ટુ દુબઈ ટાઇટલ જીતી કોલિન મોન્ટગોમરીના રેકોર્ડની બરાબરી

(એજન્સી) દુબઈ । તા. 16

ઉત્તરી આયર્લેન્ડના સ્ટાર ગોલ્ફર રોરી મેકિલરોયે રવિવારે પોતાની કારકિર્દીનું આઠમું 'રેસ ટુ દુબઈ' ટાઇટલ જીતીને ગોલ્ફ જગતમાં નવો ઇતિહાસ રચી દીધો છે. આ ભવ્ય સફળતા સાથે મેકિલરોયે યુરોપિયન ટૂરના ઇતિહાસમાં સૌથી વધુ આઠ વખત 'ઓર્ડર ઓફ મેરિટ' જીતવાના દિગ્ગજ કોલિન મોન્ટગોમરીના ઐતિહાસિક રેકોર્ડની બરાબરી કરી લીધી છે. ૩૭ વર્ષીય મેકિલરોયે અંતિમ રાઉન્ડમાં અત્યંત સંયમિત અને શાનદાર રમત દાખવીને બોગી-ફ્રી ૬૭નો સ્કોર નોંધાવ્યો હતો, જેની મદદથી તેણે સતત પાંચમી વખત આ પ્રતિષ્ઠિત ખિતાબ પોતાના નામે કર્યો હતો. સિઝન-લોંગ સ્ટેન્ડિંગમાં તેણે સ્પેનના યુજેનિયો ચાકારાને પાછળ રાખીને આ સિદ્ધિ હાંસલ કરી હતી, જ્યારે બીજી તરફ ઈંગ્લેન્ડના ટાયરેલ હેટને પાંચ શોટની મજબૂત સરસાઈ સાથે 'ડીપી વર્લ્ડ ટૂર ચેમ્પિયનશિપ' જીતી લીધી હતી.



મેકિલરોય માટે આ વર્ષ રમત અને અંગત જીવન બંને દ્રષ્ટિએ અત્યંત ઉતાર-ચઢાવભર્યું અને ભાવુક રહ્યું છે. એપ્રિલ મહિનામાં ઓગસ્ટા નેશનલ ખાતે પોતાના 'માસ્ટર્સ' ટાઇટલનો સફળ બચાવ કરીને બીજું ગ્રીન જેકેટ જીતનાર મેકિલરોયે આ જીત પોતાના પિતાને સમર્પિત કરી છે. તેણે ભાવુક થઈને જણાવ્યું હતું કે તેના પિતા સપ્ટેમ્બરના અંતમાં એક મોટી સર્જરી કરાવ્યા બાદ છેલ્લા બે મહિનાથી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને હાલ તેમની તબિયતમાં સુધારો થઈ રહ્યો છે. મધ્ય પૂર્વમાં રમવા આવતા પહેલા જ્યારે મેકિલરોય ક્લીવલેન્ડ ખાતે પોતાના પિતાને મળવા ગયો હતો, ત્યારે તેના પિતાએ તેને પ્રોત્સાહિત કરતા કહ્યું હતું કે, 'જાઓ અને રેસ ટુ દુબઈ જીતીને આવો.'

ચાદગાર // બાળપણમાં જે બેટથી રમ્યો એ 49 વર્ષ બાદ પણ સચિન તેંડુલકરની પાસે છે

સચિન તેંડુલકર બાળપણનું બેટ તસવીર શેર કરી

(એજન્સી) મુંબઈ । તા. 16



ક્રિકેટ જગતના મહાનુભાવ અને લાખો લોકોના દિલ પર રાજ કરનાર માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકરે પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર બાળપણની એક અદ્ભુત તસવીર શેર કરીને સમગ્ર વિશ્વના ક્રિકેટ પ્રેમીઓની જૂની યાદો તાજી કરી દીધી છે, જેમાં તેમણે લગભગ ઓગણપચાસ વર્ષ જૂના પોતાના પહેલા ક્રિકેટ બેટ સાથેની બાળપણની અને વર્તમાન સમયની બે તસવીરો એકસાથે મૂકીને પોતાની આખી ક્રિકેટ સફરનું અનોખું દર્શન કરાવ્યું છે. પંદર નવેમ્બર, ઓગણીસ સો નવાસીના રોજ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પદાર્પણ કર્યાની સાડાસાતત્રીસમી વર્ષગાંઠ નિમિત્તે માસ્ટર બ્લાસ્ટરે આ વિશેષ સંસ્મરણો દેશભરના ચાહકો સાથે ખુલ્લા મનથી વહેંચ્યા છે, જેને જોઈને તમામ ખેલપ્રેમીઓ અત્યંત ભાવુક થઈ ગયા છે.

જ્યારે દુનિયાભરમાં ક્રિકેટના રેકોર્ડ્સ તોડનાર એક સામાન્ય બાળક પોતાના હાથમાં પહેલીવાર લાકડાનું નાનું બેટ પકડીને મેદાન પર ઉતર્યો હતો, ત્યારે કદાચ કોઈએ એ નહીં વિચાર્યું હોય કે આ જ બાળક આગળ ચાલીને રમતગમતની દુનિયામાં ઈતિહાસ રચશે. સચિને પોતાની આ ભાવનાત્મક પોસ્ટમાં જણાવ્યું છે કે બાળપણમાં જેનાથી ક્રિકેટ રમવાની શરૂઆત કરી હતી તે જ સચિન તેંડુલકર બાળપણનું બેટ આજે પણ તેમની પાસે ખૂબ જ સુરક્ષિત અવસ્થામાં ઉપલબ્ધ છે. સોશિયલ મીડિયા પર શેર કરાયેલી પહેલી તસવીરમાં તેઓ બાળપણના અંદાજમાં નજરે પડે છે, જ્યારે બીજી તસવીરમાં તે જ બેટને હાથમાં લઈને તે જ જૂની મુદ્રામાં પોઝ આપતા દેખાય છે. આ બંને તસવીરો સાબિત કરે છે કે નાની શરૂઆતથી લઈને વિશ્વના સર્વોચ્ચ શિખરો સર કરવા સુધીનો તેમનો આ પ્રવાસ કેટલો પ્રેરણાદાયી રહ્યો છે.


માત્ર સોળ વર્ષની નાની વયે પાકિસ્તાન સામે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં કદમ મૂકનાર આ મહાન ખેલાડીએ પોતાની અનન્ય મહેશ અને સમર્પણથી ક્રિકેટના તમામ રેકોર્ડ પોતાના નામે કર્યા છે. મીડિયા અહેવાલ મુજબ, આંતરરાષ્ટ્રીય સ્તરે એકસો સદીઓ ફટકારવા ઉપરાંત તેમના નામે હજારો રન નોંધાયેલા છે, જેણે તેમને ક્રિકેટ જગતમાં અમર બનાવી દીધા છે. આ ઉપરાંત, વર્ષ બે હજાર અગિયારમાં ભારતની ઐતિહાસિક વિશ્વ કપ વિજેતા ટીમનો મહત્ત્વપૂર્ણ હિસ્સો બનીને દેશનું નામ રોશન કર્યું હતું. તેમના આ અજોડ પ્રવાસ પાછળ તેમની વર્ષોની સાધના અને રમત પ્રત્યેનો અતૂટ પ્રેમ રહેલો છે, જે આજે પણ નવી પેઢી માટે દીવાદાંડી સમાન છે.

સચિનની આ સુંદર પોસ્ટ પર પ્રતિક્રિયા આપતા દેશ-વિદેશના અનેક લોકો અને અગ્રણી હસ્તીઓએ તેને બાળપણથી લઈને ક્રિકેટના ભગવાન બનવા સુધીની અદ્ભુત સફર ગણાવી છે.

ડેબ્યૂ મેચમાં બાઉન્ડ્રી પર ફિલ્ડિંગ કરતા યશ ઠાકુર સાથે અનોખો કિસ્સો બન્યો

'સર, મારા બાળકને પકડી લેશો...', ડેબ્યૂ મેચમાં બાઉન્ડ્રીએ ફિલ્ડિંગ ભરતા યશ ઠાકુર સાથે આ શું થયું?

(એજન્સી) નવી દિલ્હી । તા. 16



ન્યુઝીલેન્ડ સામે માઉન્ટ મૌંગાનુઈના મેદાન પર રમાયેલા પાંચમા અને અંતિમ વન-ડે મુકાબલામાં ટીમ ઈન્ડિયાએ રોમાંચક જીત મેળવીને ૫ મેચોની આ શ્રેણી ૩-૧થી પોતાના નામે કરી લીધી છે. આ મેચ ભારતીય યુવા ફાસ્ટ બોલર યશ ઠાકુર માટે ખૂબ જ ખાસ હતી કારણ કે તે તેના કરિયરની પહેલી જ વન-ડે મેચ હતી. મેદાન પર પોતાની ઘાતક બોલિંગથી પ્રભાવ પાડનાર યશ ઠાકુર સાથે મેચ દરમિયાન એક એવી અજીબોગરીબ અને મજેદાર ઘટના ઘટી, જેનો વીડિયો હાલ સોશિયલ મીડિયા પર ભારે ચર્ચાનો વિષય બન્યો છે.

પોતાની ડેબ્યૂ વન-ડે મેચમાં શાનદાર પ્રદર્શન કરનાર યશ ઠાકુર જ્યારે મેચ દરમિયાન બાઉન્ડ્રી લાઇન પાસે ઊભા રહીને દર્શકોને ઓટોગ્રાફ આપી રહ્યા હતા અને તેમની સાથે વાતચીત કરી રહ્યા હતા, ત્યારે સ્ટેન્ડમાં બેઠેલા એક ઉત્સાહી ક્રિકેટ પ્રેમીએ અચાનક પોતાનું નાનું બાળક ઊંચક્યું અને સીધું યશ ઠાકુરની તરફ આગળ ધપાવી દીધું. ફેને હસતાં-હસતાં કહ્યું, 'સર, મારા બાળકને પકડી લેશો...' એક અણધારી પળમાં સામે આવેલી આ રમુજી અપીલ જોઈને યશ ઠાકુર પણ પહેલી ક્ષણે ચોંકી ગયા હતા. જોકે, તેમણે સ્થિતિને ખૂબ જ પ્રેમથી સંભાળી હતી અને બાળકને પોતાની ગોદમાં લેવાને બદલે હસતાં-હસતાં ચાહકો સાથેની પોતાની વાતચીત અને ઓટોગ્રાફ આપવાનું ચાલુ રાખ્યું હતું. ફેનનો આ અનોખો અંદાજ અને યશ ઠાકુરની સરલતાનો આ વીડિયો અત્યારે ઈન્ટરનેટ પર ભારે વાયરલ થઈ રહ્યો છે અને ક્રિકેટ રસિકો તેની ખૂબ મજા માણી રહ્યા છે. મેદાનની બહારના આ મનોરંજક બનાવ ઉપરાંત, રમતની દ્રષ્ટિએ પણ યશ ઠાકુર માટે આ દિવસ અત્યંત યાદગાર સાબિત થયો હતો. મેચની શરૂઆતમાં સ્ટાર ઓલરાઉન્ડર અક્ષર પટેલ દ્વારા તેમને ભારતની વન-ડે કેપ સોંપવામાં આવી હતી.

પાતોંગ બીચ અગ્નિકાંડ સમાચારથી પ્રવાસન નગરીમાં સન્નાટો

થાઈલેન્ડ ફુકેટ ભીષણ આગમાં 11 લોકો ભડથું

(એજન્સી) મુંબઈ । તા. 16



વિશ્વભરના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર ગણાતા દક્ષિણ થાઈલેન્ડના રમણીય ટાપુ ફુકેટમાં વહેલી સવારે કાળમુખી આગ ફાટી નીકળતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. પ્રખ્યાત પાતોંગ બીચ નજીક આવેલા ફાંગ મુઆંગ સાઈ કોર રોડ પરની એક બહુમાળી વ્યાપારી ઈમારતમાં પરોઢિયે અચાનક લાગેલી આ વિકરાળ આગે જોતજોતામાં ભયાનક સ્વરૂપ ધારણ કરી લીધું હતું, જેમાં અત્યાર સુધીમાં 11 નિર્દોષ લોકોના કરુણ મોત નિપજ્યા છે અને અન્ય 16 જેટલા લોકો ગંભીર રીતે દાઝી જતાં તેમને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. પરોઢિયાના સમયે જ્યારે મોટાભાગના લોકો ગાઢ નિંદ્રામાં પોઢેલા હતા, ત્યારે જ આગની જ્વાળાઓએ સમગ્ર ઈમારતને ભરડામાં લઈ લેતા લોકોને બચવાની કોઈ તક મળી ન હતી.

આ હૃદયદ્રાવક દુર્ઘટના સ્થાનિક સમય મુજબ વહેલી સવારે આશરે 3 વાગ્યાને 17 મિનિટથી 3 વાગ્યાને 20 મિનિટની વચ્ચે બની હતી. ફુકેટના પશ્ચિમી કિનારે આવેલા અત્યંત વ્યસ્ત ગણાતા પાતોંગ બીચ વિસ્તાર નજીક ફાંગ મુઆંગ સાઈ કોર રોડ પર સ્થિત એક વ્યાપારી સંકુલમાં અચાનક ધુમાડાના ગોટેગોટા નીકળવા લાગ્યા હતા. પ્રાથમિક માહિતી મુજબ, આ ઈમારતમાં વાહનો ભાડે આપવાનો મોટો વ્યવસાય ચાલતો હતો. ઈમારતમાં જ્વલનશીલ પદાર્થો અને વાહનોના ઈંધણની હાજરી હોવાના કારણે આગે ગણતરીની મિનિટોમાં જ રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું. થાઈલેન્ડ ફુકેટ ભીષણ આગની તીવ્રતા એટલી વધારે હતી કે તેની જ્વાળાઓ આસપાસની અન્ય ઈમારતો સુધી પણ પ્રસરી ગઈ હતી, જેના કારણે સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરી અને નાસભાગ મચી ગઈ હતી.

